

પ્રસ્તાવના.




આ નાની સરખી બુકમાં પ્રસ્તાવનાની બહુ આવશ્યકતા હોય નહીં તો પણ કેટલીક હકીકત ખાસ જણાવવાની હોવાથી લખવામાં આવી છે. આ ષટ્ત્રિંશિકા ઉર્ફે છત્રીશ શ્લોકના કર્ત્તાનું નામ જણાવવામાં આવ્યું નથી. એની અંદર તેના કર્ત્તા મહાપુરૂષે પ્રથમ શ્લોકમાં કહ્યા પ્રમાણે અનુભવ જ્ઞાનજ ભરેલું છે. એની ખુબી આ બુક સાદ્યંત વાંચવાથી જાણી શકાય તેમ હોવાથી અત્ર લખવાની આવશ્યકતા નથી. એની અંદર જુદા જુદા પ્રકરણો પાડેલા નથી, પરંતુ દરેક શ્લોકમાં અન્ય અન્ય પ્રકારે ઉપદેશ આપેલો છે. તેની ભાષા સહેલી હોવા છતાં સંસ્કૃતના અભ્યાસીઓને વધારે સરલ થાય તેટલા માટે તેની ટીકા એક શાસ્ત્રી પાસે કરાવી એક વિચક્ષણ મુનિરાજ પાસે પસાર કરાવી છે. આ ૩૬ શ્લોકનો અર્થ પ્રથમ જૈન ધર્મપ્રકાશના પુસ્તક ૧૧મામાં પ્રકટ કરવામાં આવ્યો હતો, તે આની અંદર દાખલ કરવામાં આવ્યો છે. અને તેનું વિવેચન પ્રથમના ૬ શ્લોકનું એક મુનિરાજે લખેલું હતું તે દાખલ કર્યું છે, બાકીનું અમારા તરફથી ખાસ હાલમાંજ લખવામાં આવ્યું છે. વિવેચન લખવાથી શ્લોકની અંદર રહેલો ભાવ વધારે સ્ફુટ થઇ શકયો છે. આ છત્રીશી એવી અસરકારક રચવામાં આવી છે કે તે વાંચનારના હૃદયમાં અવશ્ય વૈરાગ્ય ઉત્પન્ન થાય, સત્ય માર્ગ સમજવામાં આવે, અનુભવ જ્ઞાન પ્રકટ

સૂચના.

આ બુક સાધુસાધ્વીને તેમજ પુસ્તકભંડાર અને જૈન-લાઇબ્રેરીઓને ભેટ દાખલ આપવામાં આવશે. સાધુ-સાધ્વીએ પોતાના ગુરૂ મારફત લખાવવું અને ભંડાર લાઇબ્રેરીના વહીવટકર્ત્તાઓએ પોસ્ટેજ અરધો આનો મોકલાવવો.



પ્રસ્તાવના.



આ નાની સરખી બુકમાં પ્રસ્તાવનાની બહુ આવશ્યકતા હોય નહીં તો પણ કેટલીક હકીકત ખાસ જણાવવાની હોવાથી લખવામાં આવી છે. આ ષટ્‌ત્રિંશિકા ઉર્ફે છત્રીશ શ્લોકના કર્ત્તાનું નામ જાણવામાં આવ્યું નથી. એની અંદર તેના કર્ત્તા મહાપુરૂષે પ્રથમ શ્લોકમાં કહ્યા પ્રમાણે અનુભવ જ્ઞાનજ ભરેલું છે. એની ખુબી આ બુક સાદ્યંત વાંચવાથી જાણી શકાય તેમ હોવાથી અત્ર લખવાની આવશ્યકતા નથી. એની અંદર જુદા જુદા પ્રકરણો પાડેલા નથી, પરંતુ દરેક શ્લોકમાં અન્ય અન્ય પ્રકારે ઉપદેશ આપેલો છે. તેની ભાષા સહેલી હોવા છતાં સંસ્કૃતના અભ્યાસીઓને વધારે સરલ થાય તેટલા માટે તેની ટીકા એક શાસ્ત્રી પાસે કરાવી એક વિચક્ષણ મુનિરાજ પાસે પસાર કરાવી છે. આ ૩૬ શ્લોકનો અર્થ પ્રથમ જૈન ધર્મપ્રકાશના પુસ્તક ૧૧મામાં પ્રકટ કરવામાં આવ્યો હતો, તે આની અંદર દાખલ કરવામાં આવ્યો છે. અને તેનું વિવેચન પ્રથમના ૬ શ્લોકનું એક મુનિરાજે લખેલું હતું તે દાખલ કર્યું છે, બાકીનું અમારા તરફથી ખાસ હાલમાંજ લખવામાં આવ્યું છે. વિવેચન લખવાથી શ્લોકની અંદર રહેલો ભાવ વધારે સ્ફુટ થઇ શક્યો છે. આ છત્રીશી એવી અસરકારક રચવામાં આવી છે કે તે વાંચનારના હૃદયમાં અવશ્ય વૈરાગ્ય ઉત્પન્ન થાય, સત્ય માર્ગ સમજવામાં આવે, અનુભવ જ્ઞાન પ્રકટ

થાય અને તદનુસાર વર્તન કરતાં અવશ્ય ખરેખરૂં આત્મહિત થાય. આમ લખવામાં લેશ માત્ર પણ અતિશયોક્તિ નથી.

આ બુક છપાવવામાં ભાવનગર નિવાસી જે શ્રાવિકાએ પોતાની પૂજ્ય ગુરૂણીજીના અસરકારક ઉપદેશથી યથાશક્તિ આર્થિક સહાય કરી છે તેના નામનો ઉલ્લેખ ટાઇટલ ઉપર કરવામાં આવેલ છે. એવી સાધારણ સ્થિતિવાળી શ્રાવિકાના આ ઉત્તમ કાર્યનું અનુકરણ અન્ય શ્રાવિકાઓએ અવશ્ય કરવા યોગ્ય છે. પોતાના દ્રવ્યની આ ઉંચા પ્રકારની સાર્થકતા છે.

આ બુકનો જેમ બને તેમ વિશેષ લાભ લેવામાં આવે એવા હેતુથી તે વિનામૂલ્યે ભેટ આપવાની ગોઠવણ કરવામાં આવી છે, છતાં તેથી સર્વને તેનો લાભ મળી શકે નહીં માટે માત્ર બે આનાની કિંમતે વેચવા સારૂ તેની બીજી આવૃત્તિ તરતમાંજ છપાવવાની ધારણા રાખવામાં આવી છે. આશા છે કે ઉત્તમ સાધુ સાધ્વીઓ આ બુક વાંચી-વંચાવી-સંભળાવી અનેક ભવ્ય જીવોને તેનો લાભ આપશે, જેથી અમે અમારો અલ્પ પ્રયાસ સફળ થયેલો માનશું. ઈત્યલં.

પોષ શુદિ ૧૫ સં. ૧૯૭૩ } શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. ભાવનગર.

श्री हृदयप्रदीप षट्त्रिंशिका.

(सटीका)

ॐ अर्हं । आदौ तावद्ग्रन्थकर्ता स्वात्मसंबोधनपूर्वकं भव्यजनताशिक्षणार्थं अनुभवस्वरूपं दर्शयति—

शब्दादिपञ्चविषयेषु विचेतनेषु,
योऽन्तर्गतो हृदि विवेककलां व्यनक्ति।
यस्माद्भवान्तरगतान्यपि चेष्टितानि
प्रादुर्भवन्त्यनुभवं तमिमं भजेथाः ॥ १ ॥

व्याख्या—तं यच्छब्दोक्तविशेषणविशिष्टं । इमं मानसप्रत्यक्षं । अनुभवं श्रुतचिंताभावनारूपज्ञानत्रयमध्यादन्त्यं भावनात्मकं ज्ञानं भजेथाः सेवेथाः हे आत्मन्निति गम्यते । अत्र श्रुतचिंताज्ञाने कारणे, भावनाज्ञानं च कार्यं, एवं च कार्यरूपभावनाज्ञानस्य सेव्यत्वदर्शनेन कारणरूपश्रुतचिन्तात्मकज्ञानद्वयस्यापि सेव्यत्वं दर्शितमेव । तच्छब्दापेक्षितं यच्छब्दार्थमाह—योऽनुभवोऽन्तर्गतो मानसान्तर्वर्ती सन् विचेतनेषु विगता चेतना येषां तेषु चेतनारहितेषु शब्दादिपञ्चविषयेषु शब्दरूपगन्धरसस्पर्शरूपेषु पञ्चसु पञ्चसङ्ख्येषु विषयेषु इन्द्रियार्थेषु हृदि मनसि विवेककलां हेयोपादेयजीवाजीवादिविवेचनकलां व्यनक्ति स्पष्टयति । तथा यस्मादनुभवात् भवान्तरगतान्यपि अन्यजन्मास्थि-

तान्यपि चेष्टितानि पूर्वजन्मकृतानि सदसत्कार्याणि प्रादुर्भवन्ति
स्मरणादिना प्रत्यक्षीभवन्ति । शेषं तु पूर्वेण योजितम् ।
प्रथमवृत्तार्थः ॥ १ ॥

અર્થ—જડ એવા શબ્દાદિ પાંચ વિષયનો વિવેક જેણે
હૃદયને વિષે પ્રગટ થાય છે અને ભવાંતર ગત ચેષ્ટિત પણ જેણે
પ્રત્યક્ષ જણાય છે તે અનુભવ જ્ઞાનને ભજ અર્થાત્ મેળવો.

ભાવાર્થ—હૃદયમાં દેદીપ્યમાન દીપકની પેરે પ્રકાશ કરનાર છ
શ્લોકરૂપ 'હૃદયપ્રદીપષટ્ત્રિંશિકા' રચનાર ગ્રંથકારે પોતાના આત
સંબોધીને જે વિચાર દર્શાવ્યો છે તે અન્ય પણ અનુભવજ્ઞાનના અ
ભવ્યજનોએ અતિશય મનન કરવા યોગ્ય છે એમ ધારી તે વિ
ભાષાંતર રૂપે લખવાની જરૂર હોવાથી આ ભાષાંતરનો પ્રારંભ
વામાં આવે છે:—

પ્રથમ શ્લોકમાં ગ્રંથકારે અનુભવનું સ્વરૂપ બતાવવા સાથે
અનુભવની સેવા કરવાનો ઉપદેશ કરેલો છે તે બતાવે છે:—

જે અનુભવ શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શરૂપ પાંચ વિષ
સ્વભાવરૂપ હોવાને લીધે જડ છે, તે વિષયમાં રૂડે પ્રક
પુદ્ગલ [illegible] તે હું નથી અને એઓનું સ્વરૂપ તે મારૂં સ્વર
'આ વિષયે [illegible] પોતાથી અન્ય છું, એઓનાથી મારૂં સ્વરૂપ પ
નથી, હું એ [illegible] વિવેચન પોતાના મનમાં કરાવી આપે છે; વળી
ન્યારૂં છે.' એવું [illegible] અન્ય અનેક જન્મોમાં વિભાવદશાના આધીન
અનુભવજ્ઞાનના બળથી [illegible] સાવવાની હેતુભૂત વર્તનાઓનો ભાસ થાય
ણાએ કરેલી મોહજાળમાં [illegible]
તે તારા પોતાના આત્મામાંજ રહેલા અનુભવને હે આત્મા! તું સેવ

અહીં અનુભવજ્ઞાનની સેવા કરવાની જે ગ્રંથકારે બતાવી છે થી કંઇ તેના કારણભૂત શ્રુતજ્ઞાન અને ચિંતાજ્ઞાન એ બે જ્ઞાનની વાનો નિષેધ થતો નથી, પરંતુ ઉલટું તે બે જ્ઞાનનું સેવન અતિ દરપૂર્વક કરવું એમ સિદ્ધ થાય છે; કારણ કે બે જ્ઞાન જે બતા- યાં તે કારણ છે અને અનુભવજ્ઞાન તે તો તેનું કાર્ય છે, તો કાર- રૂપ બે જ્ઞાનની અતિ આદરપૂર્વક સેવા કર્યા સિવાય તેના કાર્ય પ અનુભવજ્ઞાનની સેવા કરી એમ કહેવાયજ નહિ. આ ઉપરથી વ્ય પ્રાણીઓ પોતાનાં હૃદયમાં સમજશે કે દરરોજ નવો જ્ઞાન- ભ્યાસ કરવાની કેટલી બધી જરૂર છે. કેટલાક આ કાળમાં અનુ- ભવજ્ઞાન મેળવવાની વાતો કર્યા કરે છે, પણ ત્યાં સુધી ગુરૂગમ સહિત શાસ્ત્રાનુસાર શ્રુતજ્ઞાન મેળવે નહિ ત્યાં સુધી એને સમ્યક્ ચિંતાજ્ઞાન ક્યાંથી આવવાનું ? અને ત્યાં સુધી સમ્યક્ ચિંતાજ્ઞાન પ્રાપ્ત ન થયું હોય ત્યાં સુધી આ ભવનાં ચેષ્ટિતોનું પણ અનુભવજ્ઞાન સત્ય ન મળી શકે તો પરભવનાં ચેષ્ટિતોનું સમ્યગ્જ્ઞાન તો મળવાનુંજ કયાંથી ?

હમેશાં સંસારની અગર ધર્મની દરેક બાબત સિદ્ધ કરવાનો રસ્તોજ એ છે કે પ્રથમ તેનાં કારણોનું જ્ઞાન બીજા પાસે અતિ આદર-વિનય પૂર્વક મેળવવું. પછી કંટાળો લાવ્યા વગર ઘણા કાળ સુધી તે જ્ઞાનનું મનન કર્યા કરવું કે જે દ્વારા પ્રાણી અવશ્ય સમ્યગ્ અનુભવજ્ઞાન મેળવી શકે છે. કાર્ય સિદ્ધ કરવાની વાતો કર્યા કરે અને તેના કારણભૂત પદાર્થના સેવનનો આદર મંદ કરે અગર ન કરે તો તે જિનેશ્વર ભગવાનના શાસનને અંગીકાર કરનારોજ કહે- વાતો નથી. યદુક્તમ્.

जइ जिणमयं पवज्जह, ता मा ववहार निच्छए मुयह ।
ववहार नओच्छेए, तिथ्थुच्छेओ जओ होइ ॥ १ ॥

"જો તમે જિનેશ્વર ભગવાનના મતને અંગીકાર કરતા હો તો વ્યવહાર અને નિશ્ચય એ બંનેને ન મૂકો, જે હેતુ માટે વ્યવહાર નયનો ઉચ્છેદ થવાથી તીર્થનો ઉચ્છેદ થાય છે."

આ ગાથાના ભાવાર્થ ઉપરથી ભવ્ય પ્રાણીઓ વિચાર કરી શકશે કે શાસ્ત્રકાર એકવાર બંને નયનો સ્વીકાર કરવાનો બતાવી વળી વ્યવહારનયનો નાશ કરવાથી શાસનનો નાશ થશે, 'નહિ કે નિશ્ચયનય અંગીકાર નહિ કરવાથી શાસનનો નાશ થશે' એમ બતાવે છે. એ ઉપરથી એજ નિર્ણય આવે છે કે વ્યવહારથી જે સિદ્ધિગતિ પ્રાપ્ત થવાનાં કારણ હોય તેમાં અતિ આદરપૂર્વક પ્રવર્તવું અને એ વ્યવહારદ્વારા જે વસ્તુ પ્રાપ્ત કરવાની છે તે ચૂકી જવું નહિ; પણ એવો નિર્ણય નથી આવતો કે વ્યવહારિક કારણોનો અગર તેના સેવનારાઓનો અનાદર કરવો કે તેઓના ઉપર અરૂચિ કરવી કે વ્યવહારથી તેઓને છોડાવી દેવા. જે પ્રાણીઓ ગુરૂદ્વારા જ્ઞાન મેળવતા નથી તેઓની આ ભવમાં પણ એવી કઢંગી સ્થિતિ થઇ પડે છે કે પોતે જિનશાસનનું રહસ્ય સમજતા નથી અને બીજાઓને તે રહસ્ય સમજાવવાનો ડોળ કરવા જાય છે, તેથી તે બિચારાઓની ગુરૂએ નહિ શિખવેલા મોરના નાટક જેવી સ્થિતિ થઈ પડે છે. એ ઉપરથી સમજવાનું એટલુંજ છે કે અતિ આદરપૂર્વક હમેશાં વધારે વખત ન મળે તો ઓછામાં ઓછો એક કલાક તો અવશ્ય ગમે તે વખતે દરરોજ નવું જ્ઞાન મેળવવામાં અર્પણ કરવો. ઘણા સુજ્ઞોને તેવી ઇચ્છા હોય છે છતાં તેઓ તે પ્રમાણે વર્તી શકતા નથી; તેનું કારણ એ છે કે જે વખતે તેવી ભાવના આવે છે તે વખતે તેવા પ્રકારનો કોઇ નિયમ તે લોકો કરતા નથી. જો કોઈ

ણુ પ્રકારનો એવો નિયમ કરે કે ‘ આળસથી જો જ્ઞાનાભ્યાસમાં એક લોક ન કાઢું તો મારે અમુક જરૂરની ચીજ તે દિવસે અગર બીજે દિવસે ન ખાવી ’ તો તો અવશ્ય જ્ઞાનાભ્યાસ બની શકે અને શ્લોકમાં બતાવ્યા પ્રમાણે તે મેળવેલા જ્ઞાનનું ચિંતન-મનન કરવા દ્વારા તેના કાર્ય રૂપ અનુભવજ્ઞાન પણ મેળવી અવશ્ય તેની સેવા બજાવી શકે. ૧

ईदृगनुभवो ज्ञानक्रियाभ्यामेव जायते, ज्ञानक्रियावन्तश्च
स्तोका एव भवन्तीति दर्शयितुमाह—

जानन्ति केचिन्न तु कर्तुमीशाः,
कर्तुं क्षमा ये न च ते विदन्ति ।
जानन्ति तत्त्वं प्रभवन्ति कर्तुं,
ते केऽपि लोके विरला भवन्ति ॥ २ ॥

व्याख्या—केचिदनिर्दिष्टनामानः प्राणिनो जानन्ति बोधन्ति हेयोपादेयादिमोक्षसाधकतत्त्वमिति गम्यते । परं तु ते कर्तुं ज्ञानानुसारेणात्महितमाचरितुं ईशाः समर्थाः न भवन्ति प्रमादादिनेति शेषः । तथा ये जनाः कर्तुं आत्महितसाधनाय क्रियाकलापमाचरितुं क्षमाः शक्तिमन्तो भवन्ति । ते प्राणिनो न विदन्ति केन कर्मणा कृतेनात्मनो हितं कर्माष्टकान्मोक्षश्च भवति ? केन कर्मणा चात्मनो बन्धो भवतीति जीवाजीवादितत्त्वमेव न जानन्ति । तर्हि तत्त्वज्ञाने हिताचरणे च के समर्था इत्याहोत्तरार्धेन अत्र ते इति तच्छब्दसापेक्षत्वाद्यच्छब्दोऽध्याहार्यः, तेन ये तत्त्वं पूर्वोक्तस्वरूपं जानन्ति, ये

न कर्तुमात्म[illegible] [illegible] [illegible], [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]: [illegible] [illegible]: [illegible] ॥ [illegible]
[illegible] [illegible]: ॥ २ ॥

અર્થ—આ લોકને વિષે કેટલાક મનુષ્યો [illegible]
કર્તવ્યને જાણે છે, પણ કરવાને સામર્થ્ય હોતા નથી, અને કેટલાક
ધર્મકૃત્યાદિ કરવાને સામર્થ્ય હોય છે પણ તત્ત્વને જાણતા નથી, પરંતુ
તત્ત્વને જાણે અને ધર્મ કાર્ય કરવાને પણ સામર્થ્ય હોય એવા તો
કોઈક વિરલા હોય છે. ૨

ભાવાર્થ—કેટલાક મનુષ્યોએ ક્રમથી શુરૂઆત રૂપે અગર શ્રદ્ધાન
રૂપે કરવા યોગ્ય પદાર્થોનું જ્ઞાન મેળવેલું હોય છે. જેમકે નવતત્ત્
ત્વમાં જીવ અને અજીવ એ બે તત્ત્વ જાણવા યોગ્ય છે; બંધ, આશ્રવ
અને પાપ એ ત્રણ તત્ત્વ તેઓનાં કારણોમાં ન પ્રવર્તવા દ્વારા છાંડવા
યોગ્ય છે; સંવર, નિર્જરા તથા મોક્ષ એ ત્રણ તત્ત્વ તેઓનાં કાર-
ણોમાં પ્રવર્તવા દ્વારા આદર કરવા યોગ્ય છે; શેષ રહેલું પુણ્યતત્ત્વ
વ્યવહારનયે આદરવા યોગ્ય છે, તથા નિશ્ચયનયે છાંડવા યોગ્ય છે.
આ પ્રકારનું જ્ઞાન હોય છે છતાં આદરવા યોગ્ય તત્ત્વોનો આદર કરી
શકતા નથી અને છાંડવા યોગ્ય પદાર્થોને તજી શકતા નથી. કેટલાક
છાંડવા યોગ્યને છાંડવા તેમજ આદરવા યોગ્ય પદાર્થોને આદરવાની
યોગ્યતા તથા સામર્થ્યવાળા હોય છે પણ તે તત્ત્વને જાણતા નથી.
પરંતુ જે યથાસ્થિત પદાર્થોના રહસ્યને જાણે છે તથા તેજ પ્રમાણે
વર્તવાને સમર્થ થાય છે તેવા માણસો તો દુનિયામાં થોડાજ હોય છે.

આ શ્લોકમાં ધર્મમાં વર્તતાં પ્રાણીઓના ત્રણ વર્ગ બતાવ્યા છે.
તેમાં જ્ઞાન અને ક્રિયા બંને જેને હોય છે તે અનુભવજ્ઞાની કહે-

વાય છે, તેવા માણસો લોકમાં બહુ થોડા હોય છે; બી એક વર્ગ
ણાયો. આ વર્ગ તો શીઘ્ર જલદી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. હવે
જેને જ્ઞાન છે પણ ચારિત્રમોહનીયના ઉદયના પ્રબળપણાથી તે જ્ઞાન
પ્રમાણે વર્તવા સમર્થ થઈ શકતા નથી, આ બીજો વર્ગ. પણ જે
જેઓ ચારિત્રમોહનીયના ક્ષયોપશમાદિકે કરી યથાર્થ વર્તવા સમર્થ
છે તેના ઉપર આદરવાળા રહે અને પોતે પણ ચારિત્રમોહનીય તો-
ડવાના ઉદ્યમમાં તત્પર રહે તો કેટલાક વખત પછી પણ અવશ્ય
મોક્ષપદને સાધી શકે છે. હવે ત્રીજો વર્ગ કે જે ચારિત્રમોહનીય
તથાપ્રકારનું પ્રબળ નહિ હોવાને લીધે કરવા સમર્થ છે પણ જ્ઞાના-
વરણીય કર્મના ઉદયને લીધે આદરવા યોગ્ય તથા છાંડવા યોગ્ય
પદાર્થને સમજી શકતા નથી. આ વર્ગ પણ જે જ્ઞાનાવરણીયના
ક્ષયોપશમના બળે કરી પદાર્થના સ્વરૂપને જાણતા હોય તેઓની વિ-
નયભક્તિ કરવામાં તત્પર રહે, અને પોતે જ્ઞાનાવરણીય કર્મ ખપા-
વવા માસતુસ નામના પ્રસિદ્ધ મુનિમહારાજની પેઠે સાવધાન રહી
કંટાળારહિતપણે ઉદ્યમ કરે, અને ત્યાંસુધી પોતાને હિતાહિતનું જ્ઞાન
ન થાય ત્યાં સુધી જ્ઞાનીની નિશ્રાએ રહી તેમજ કર્યા કરે તો તે
પણ કેટલાક કાળે અવશ્ય મુક્તિપદ પ્રાપ્ત કરે. પણ જેઓ કેવળ
શુષ્કપાઠ રૂપ જ્ઞાન મેળવી ચારિત્રવંતો ઉપર અરૂચિવાળા હોય એટ-
લુંજ નહિ પણ તેવાઓના અવર્ણવાદ બોલવાથી અને તેઓની અવ-
જ્ઞાથી કેવળ પોતાની માનપૂજા વધારવાની વાંછા રાખતા હોય તે;
તથા જે ક્રિયા કરવા સમર્થ હોય પણ જ્ઞાનની તો કંઇ દરકારજ ન
હોય છતાં દુનિયામાં અદ્વિતીય માન મેળવવા માટે કેવળ બાહ્ય ક્રિ-
યાનો ડોળ કરી જ્ઞાનીઓના ચરણારવિંદની સેવાદ્વારા જ્ઞાનાવરણીય
કર્મ તોડવાનો ઉદ્યમ તો ક્યાંથી કરે! પણ ઉલટા જ્ઞાનનાં આવ-

નેની તથા જ્ઞાનીઓની અતિ આશાતના કરતા હોય તેવા પ્રાણીઓ તો અનંત સંસારી હોવાની સાથે જૈનશાસનની મર્યાદાથી બહાર છે એમ સમજવું. જો કે શુષ્ક જ્ઞાન અથવા શુષ્ક ક્રિયાવાળા પોતાની મતિકલ્પનાથી અમે જૈનશાસનમાં છીએ એમ માને છે તોપણ તેઓનું જ્ઞાન અગર ક્રિયા કેવળ મતિકલ્પિત હોવાથી તેઓ આજ્ઞાથી પરાઙ્મુખ હોય છે, તેથી તે વસ્તુ કેવળ તેને સંસાર રૂપ ફળને આપનારી થાય છે.

मइकप्पणी मग्गा, आणाबज्झत्ति मतफला चेव ॥
[illegible]कप्पियाणि, न तओ मा तदुरमा ॥ १ ॥

[illegible] મતિકલ્પના પૂર્વક જ્ઞાન અગર ક્રિયા સાધના કરેલ [illegible] ભગવાનની આજ્ઞાની બહાર હોવાને લીધે [illegible] ફળને આપનાર થાય છે." જો કે તે મતિ [illegible] કરનારાઓ પોતાની કરાતી પ્રવૃત્તિ [illegible] માને છે તોપણ તે ભગવાન પરમાત્મા [illegible] નથી, અને તેથીજ સંસારવૃદ્ધિ રૂપ [illegible]

[illegible]

કાંઈ વ્યાજબી ગણાયજ નહિ;
ારી તેની દૃષ્ટિ બંધ કરી દેવી એ કાંઈ વ્યાજબી ગણાયજ નહિ;
ણુ તેના હાથપગ સાજા થાય તેને માટે ઉદ્યમ કરવો એ વ્યાજબી
હેવાય; તેમ જે માણસો જ્ઞાન શીખી શકતા હોય પણ ક્રિયા ન
ી શકતા હોય તો તેઓને જ્ઞાનનો અભ્યાસ છોડાવી દેવાની જરૂર
ાથી, પણ ક્રિયામાં ધીમે ધીમે પ્રેરણા કરી પ્રવર્તાવવાની જરૂર છે.
કેટલાક ક્રિયા કરી શકતા હોય અને જ્ઞાન ન આવડતું હોય તો
તેઓથી થતી ક્રિયા મૂકાવી દેવાની જરૂર નથી, પણ હરકોઇ પ્રકારે
તે જ્ઞાનવાળા થઈ શકે તેવો ઉદ્યમ કરાવવાની જરૂર છે. કેટલીક વ-
ખત એક માણસની પાસે કાર્યસિદ્ધિ કરવાના બંને પદાર્થો નથી હોતા,
તોપણ જો બે ગુણવાળા બંને માણસો ભેગા મળી શકે તો અવશ્ય
કાર્ય સાધી શકે છે.

यदुक्तमंतिमश्रुतकेवलिना श्रीमद्भद्रबाहुस्वामिनावश्यकनिर्युक्तौ–

संजोगसिद्धिइ फलं वयंति, न हु एगचक्केण रहो पयाइ।
अंधो य पंगू य वणे समेच्चा, ते संपउत्ता नगरं पविट्ठा ॥

"જ્ઞાનીઓ સામગ્રીના સંયોગની સિદ્ધિથી ફળ બતાવે છે. એક
ચકથી રથ કોઈ પણ વખતે ચાલી શકતો નથી. અંધ ને પંગુ વનમાં
એકઠા થયા ને તે બંને જોડાયા તો નગરમાં પેઠા." દૃષ્ટાંત આ
પ્રમાણે–"એક વનમાં દાવાનળ લાગેલો હતો, ત્યાં એક આંધળો
માણસ હતો અને એક પાંગળો માણસ હતો. આંધળાને નહિ દે-
ખવાથી દાવાનળ વિનાની દિશાએ રસ્તો લેવો શકય નહોતો, પાં-
ગળો દાવાનળ વિનાની દિશાને દેખી શકતો હતો પણ ચાલવાની
શક્તિ નહિ હોવાને લીધે તે દાવાનળરહિત રસ્તે ચાલવા અસમર્થ
હતો. આ દરમ્યાનમાં દૈવયોગે તે બે એકઠા મળ્યા; અને એકસંપ

[illegible]

संवत्सु ... [illegible]—

सम्यग्मार्गे ... [illegible] यस्य चित्ते,
सम्यग्गुरुर्यस्य च तत्त्ववेत्ता।
सदा ... [illegible] ... यो य-
स्तस्यैव ... [illegible] हि ... ॥

व्याख्या—[illegible]
सम्यक् शास्त्रानुसारिणो [illegible]
विरागोऽस्तीति [illegible] । [illegible]
गुरुः हितोपदेशदायको [illegible]
वेत्ता जिनागमरहस्यज्ञो [illegible]

नुभूत्या भावनात्मकज्ञानेन दृढोऽविचलितो निश्चयो निर्णयो यस्य स्वात्महितसाधनाय हृदि कृतनिश्चय इत्यर्थः । अस्तीति शेषः स्यैव पूर्वोक्तवैराग्यसद्गुरुदृढनिश्चयवत एव सिद्धिःसकलकर्मक्षयलक्षणो मोक्षो भवति । च पुनरर्थे । तथा परस्य पूर्वोक्तवैराग्यादित्रय-हितस्य हि निश्चयेन सिद्धिर्न भवति इति तृतीयवृत्तार्थः ॥ ३ ॥

અર્થ-સમ્યક્ પ્રકારની વિરક્તિ જેના ચિત્તમાં હોય, જેના તત્ત્વવેત્તા એવા સમ્યગ્ ગુરૂ હોય અને નિરંતર અનુભવવડે જેમણે દૃઢ નિશ્ચય કરેલો હોય તે જીવોનીજ સિદ્ધિ થાય છે; બીજાની થતી નથી. ૩

ભાવાર્થ—હવે ત્રીજા શ્લોકમાં કેવા સ્વરૂપવાળો જીવ મોક્ષ પામી શકે તેમજ કેવા સ્વરૂપવાળો જીવ મોક્ષ ન પામી શકે તે ગ્રંથકાર બતાવે છે.

નિશ્ચયે કરી જેના હૃદયમાં રૂડી રીતની વૈરાગ્યદશા પ્રાપ્ત થયેલી હોય, ઉત્તમ પ્રકારે યથાવસ્થિત જૈનશાસ્ત્રોના રહસ્યનું જ્ઞાન જેને હોય એવા સદ્ગુરૂની જેને પ્રાપ્તિ થયેલી હોય, અનુભવજ્ઞાન મેળવવાવડે જે પ્રાણી પોતે જેવી રીતે આત્મગુણોની અંદર રમણતા કરવી જોઈએ તેવા કર્તવ્યમાં દૃઢ નિશ્ચયવાળો બનેલો હોય તેની સિદ્ધિ થાય છે; તેથકી અન્ય કે જેણે ઉત્તમ વૈરાગ્ય પ્રાપ્ત કર્યું નથી, જેને ઉત્તમ ગુરૂનો સમાગમ મળ્યો નથી, વળી જેણે અનુભવ તો સ્વપ્નામાંએ દીઠો નથી તેવા જીવની મુક્તિ થઈ શકતી નથી.

આ શ્લોકમાં શાસ્ત્રકારે મુક્તિગમનના સાધનભૂત ત્રણ પદાર્થો બતાવ્યા છે. પ્રથમ વૈરાગ્ય, બીજો ઉત્તમ ગુરૂસમાગમ અને ત્રીજો અનુભવજ્ઞાનદ્વારા કર્તવ્યનો દૃઢ નિશ્ચય. હવે પ્રથમ પદાર્થ જે વૈરા-

[illegible]

[illegible]

સંસારનો ત્યાગ કરે છે તોપણ જ્યારે સંસારમાં અનેક પ્રકારના [illegible] ઉપસર્ગોનું દુઃખ આવી પડે છે ત્યારે [illegible] કરે છે. પારમાર્થિક આત્મકલ્યાણના [illegible] જ્યોતિષ, વૈદક આદિ શાસ્ત્રોનો અભ્યાસ કરે છે; [illegible] ગૃહસ્થાવાસ અંગીકાર કરે ત્યારે તે તેને આજીવિકાના [illegible] થાય. પારમાર્થિક અગર બીજા પ્રકારનું કદાચિત્ કંઈક જ્ઞાન મેળવે છે તો તેથી પણ પોતે મગરૂર બની જાય છે. આ પ્રકારનું તે વૈરાગ્યનું સ્વરૂપ હોય છે છતાં પણ જો તેવા વૈરાગ્યવાળા સંવિગ્ન ગીતાર્થ ગુરૂને આધીન રહે અને તેના કહેવા મુજબ જો આત્મસાધન કર્યા કરે તો તે પણ મુક્તિપદને સાધી શકે છે, પણ તેમ બની શકવું તેવા વૈરાગ્યવાળાને બહુ મુશ્કેલી ભરેલું હોય છે. બીજો મોહગર્ભિત વૈરાગ્ય અન્યદર્શનીઓનાં શાસ્ત્રોનાં સંસ્કારથી સંસારનું દૂષિતપણું જોઇને થાય છે. જો કે તેથી તે [illegible] અંગીકાર કરે છે તોપણ તેને શીઘ્ર મોક્ષફળ મળી શકતું નથી. ત્રીજો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કે જે સ્યાદ્વાદશૈલીથી સંસારનું વિકરાળ સ્વરૂપ

યથાસ્થિતપણે જાણવાથી પ્રાપ્ત થાય છે, તે જલદી સિદ્ધિપદને આપી શકે છે. વેદાંત શાસ્ત્રાનુસારી વૈરાગ્ય મોહગર્ભિતમાં અંતર્ભૂત છે. તેનું સ્વરૂપ એવું હોય છે કે જેમ એક બાળકને કોઈ વ્યાધિ હોવાથી મીઠી ચીજ અપથ્ય હોય છે તેને છી છી શબ્દવડે મૂકાવી દેવામાં આવે છે, પણ જ્યારે તે બાળક માબાપને દેખતો નથી ત્યારે તે ચીજ ઉપાડી લઇ એક વખત જો તેનો સ્વાદ ચાખી લે છે તો ફરીથી છી છી શબ્દ તેના માબાપ બોલે છે છતાં પણ તે તે ચીજને મૂકતો નથી. તેમ સંસારમાં રહેલા પદાર્થોને વેદાંતીઓ વિગેરે સંસારમાં વર્તતા અજ્ઞાનીઓને ઇંદ્રજાળ જેવા બતાવે છે. ને ઉપરથી કેટલીક બાબતે તેઓ વૈરાગ્ય પામી સંન્યાસીપણું અંગીકાર કરે છે, છતાં પણ જ્યારે તેને શાસ્ત્રનું જ્ઞાન વધારે થાય છે ત્યારે દુનિયાના પદાર્થોને પ્રત્યક્ષ પ્રમાણવડે સિદ્ધ થએલા જોઈ બાળકની પેઠે તે પદાર્થો અંગીકાર કરવાનું તે મન કરે છે. પરંતુ જો સર્વ પદાર્થો પોતપોતાના સ્વરૂપે સત્ય છે એમ બતાવવાની સાથે તેનું વિનાશીપણું સમજાવી વૈરાગ્ય પમાડવામાં આવ્યો હોય તો સમજુ રોગી જેમ સમજીને તજેલું કુપથ્ય તે રોગ હોય ત્યાં સુધી ફરી લેતો નથી, તેમ તે પણ અનિત્ય, વિનશ્વર, અંતમાં આપત્તિદાયી એવા સાંસારિક પદાર્થોનો ફરી સ્વીકાર કરે નહિ, કારણકે તેણે સાચી રીતે તે પદાર્થોને કુપથ્ય તરીકે ધારી મૂકેલા હોય છે. આ પ્રકારે વસ્તુનો પારમાર્થિક બોધ થવાથી થએલા જ્ઞાનગર્ભિત વૈરાગ્ય અવશ્ય સિદ્ધિપદને આપે છે.

સદ્ગુરૂનું લક્ષણ શાસ્ત્રકારે એવું બતાવેલું છે કે જેને આત્મસ્વભાવરૂપ નૈશ્ચયિક ધર્મ તથા તેને પ્રગટ કરવાના સાધનભૂત અનેક

અનુષ્ઠાનો રૂપ વ્યવહાર ધર્મની જાણ હોય, વ્યવહાર નિશ્ચય બંને ધર્મને સેવનાર હોય, ધર્મમાં સદા તત્પર હોય અને હમેશા પ્રાણીઓને ધર્મના તત્વનો ઉપદેશ કરનારા હોય.

यदुक्तं–धर्मज्ञो धर्मकर्ता च, सदा धर्मपरायणः ।
सत्वेभ्यो धर्मशास्त्रार्थ–देशको गुरुरुच्यते ॥ १ ॥

" જે ધર્મના જાણ, ધર્મના કરનાર, ધર્મમાં સદા તત્પર અને પ્રાણીઓને ધર્મશાસ્ત્રાર્થનો ઉપદેશ કરનાર હોય તે ગુરૂ કહેવાય છે. "

આ પ્રકારના સદ્‌ગુરૂના સંયોગથી જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થયેલું હોય તો તે દૃઢ થાય છે અને પ્રાપ્ત ન થયેલું હોય તો તેની પ્રાપ્તિ થાય છે.

ત્રીજો અનુભવજ્ઞાનદ્વારા કર્તવ્યનો દૃઢ નિશ્ચય તે આ પ્રમાણે– સદ્‌ગુરૂના સમાગમવડે પ્રાણીઓ સત્ય પદાર્થોનું સ્વરૂપ વિચારી તેનું વારંવાર મનન કર્યો કરે છે. તેથી અનુભવજ્ઞાન પ્રાપ્ત થાય છે. કે જે અનુભવજ્ઞાનદ્વારા તે જલદી સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે. પણ ઉપર કહેલાથી વિપરીત અન્ય પ્રાણીને સિદ્ધિપદ પ્રાપ્ત થતું નથી. ઉલટું જેમ નવા તાવવાળાને દુધ પ્રમુખ પદાર્થો અતિ ઉત્તમ છતાં પણ સન્નિપાતદ્વારા શીઘ્ર મરણને આપે છે, તેમ વૈરાગ્ય વિના અયોગ્યતાએ મેળવેલું જ્ઞાન પણ અનંતા જન્મ મરણને આપે છે. આ હેતુથીજ શાસ્ત્રકારે અનુક્રમે આગમોનું જ્ઞાન આપવાનું કહ્યું છે. ૩.

संप्रति सम्यग्वैराग्यप्राप्त्यर्थं शरीरस्वरूपं दर्शयति ।

विग्रहं कृमिनिकायसंकुलं,
दुःखदं हृदि विवेचयन्ति ये ।

गुप्तिबद्धमिव चेतनं हि ते,
मोचयन्ति तनुयन्त्रयन्त्रितम् ॥ ४ ॥

व्याख्या—ये भव्यजीवाः हृदि स्वचेतसि विग्रहं शरीरं कृमिनिकायसंकुलं कृमीणां कीटानां निकायेन समूहेन संकुलं व्याप्तं अत एव दुःखदं पीडाकारकं विवेचयन्ति विवेकपूर्वं जानन्ति, ते भव्यजीवा हि निश्चयेन गुप्तिबद्धं गुप्तौ कारागृहे बद्धं पतितमिव तनुयन्त्रयन्त्रितं शरीररूपनिगडनियन्त्रितं चेतनमात्मानं मोचयन्ति मोक्तुं समर्था भवन्ति संसारकारागृहादिति शेषः ॥ ४ ॥

અર્થ—આ શરીર અનેક સુક્ષ્મ-સંમૂર્છિમાદિ જીવોએ વ્યાપ્ત છે અને પ્રાણીને ભવભ્રમણાદિ દુઃખ આપનાર છે એમ વિવેકપૂર્વક જે પોતાના હૃદયમાં જાણે છે તેજ પ્રાણી શરીરરૂપી યંત્રમાં યંત્રીત એવા પોતાના ચેતનને, કેદખાનામાંથી બંદીવાનને છોડાવે તેમ છોડાવી શકે છે. ૪

ભાવાર્થ—સમ્યગ્ વૈરાગ્ય શરીરાદિનું યથાસ્થિત સ્વરૂપ વિચારવાથીજ થાય છે તેથી તે દેખાડે છે—

હમેશા દરેક વસ્તુ સંબંધી વૈરાગ્ય, તેનાથી પ્રાપ્ત થતી આપત્તિઓના તેમજ તેના બિભત્સ સ્વરૂપના વિચારથી થાય છે. પ્રાણીઓ અનુક્રમે સર્વ વસ્તુઉપરનો મમત્વ ઉતારતાં છતાં પણ છેવટે શરીરપરનો મમત્વ ઉતારી શકતા નથી. જેમ ધન ઉપાર્જન કરવા દેશ મૂકે છે, ધનવડે કુટુંબનું રક્ષણ કરે છે અને છેવટે કુટુંબને પણ પોતાના શરીરના રક્ષણને માટે છોડી દે છે. આ પ્રકા-

રનો મોહ શરીર ઉપર અનાદિ કાળથી હોય છે, છતાં પણ જ્યારે તે શરીરના સ્વરૂપનું વિચક્ષણો વિવેચન કરે છે ત્યારે શરીર ઉપરથી પણ તેઓ મમત્વ ઉતારે છે, અને પછી દેહને દુઃખ પડ્યા છતાં પણ ભય ન પામી " देहे दुःखं महाफलम् " એ સૂત્રવચનનું અવલંબન કરી પરીસહ ઉપસર્ગો સહન કરવા તત્પર થાય છે, અને તે દ્વારા સર્વ કર્મ ક્ષય કરી અનંતા કાળથી થતાં શારીરિક અને માનસિક દુઃખોને જલાંજલિ આપે છે; અને અવ્યાબાધ સુખ જે આત્માના સ્વાભાવિક ગુણ રૂપ છે તે પ્રાપ્ત કરે છે. એક તરફ જ્યારે શરીરને કૃમિ આદિ જીવોના આધારભૂત જ્ઞાનીઓ બતાવે છે, ત્યારે બીજી તરફ અતિ મોહી પ્રાણીઓ તેજ શરીરના અવયવો જે કેવળ અપવિત્ર પદાર્થોથી ભરેલાં છે તેને અતિ ઉત્તમ પદાર્થોની ઉપમા આપે છે. જેમકે સ્ત્રીનું મુખ શ્લેષ્માદિકથી ભરેલું છે છતાં તેઓ તેને ચંદ્રના સરખું કહે છે, સ્તનો માંસ રૂધિરાદિકની પોટલીરૂપ છે છતાં તેને કનકકળશની ઉપમા આપી તેને વખાણી તેનું આલિંગન કરવા તૈયાર થાય છે અને તે કાર્યની પ્રાપ્તિ થતાં અતિ મોહથી મનમાં હર્ષવંત થાય છે. જે ગુહ્ય ભાગ આખી દુનિયાથી છુપાવી રાખી લજ્જતદાયક હોઈ કોઈને પણ બતાવવામાં આવતો નથી, વળી જે કેવળ મળમૂત્રની કોઠીરૂપ છે, જેને સ્પર્શ કરતાં પણ માણસોને પોતાના હાથ પ્રમુખ ધોઈને શુચિ થવું પડે છે તેવા પદાર્થના સ્પર્શ કરવાનાં મોહના પ્રબળ ઉદયથી અતિ આકાંક્ષા ધારણ કરે છે, અને તે નિમિત્તે અનેક પ્રકારનાં [illegible] ઔષધાનનું સેવન કરી પૈસા ખરચી તે પદાર્થ સાધવા [illegible] છે. કદાચિત્ પૂર્વકૃત પુણ્ય ઉદયથી તે વસ્તુ પ્રાપ્ત થાય છે તો તો પછી તેની આસક્તિ અ

નૈમિત્તક વિડંબના અને દુર્ધ્યાનનો કંઇ પાર રહેતો નથી. અતીત
માં જે અનંતા શરીર અને મન સંબંધી દુઃખ પ્રાપ્ત થયાં છે તે
. વિષયાસક્તિને લીધે થયેલાં છે તેનું તેને ભાન પણ આવતું
l. જો કે પરાધીનપણે તો વિષયસુખનો ત્યાગ પ્રાણીઓ અનંત-
l સુધી અનંતી વખત કરે છે, તોપણ તેવા ત્યાગથી કંઇ તેના
ત્માનું કલ્યાણ થઇ શકતું નથી; છતાં ભોગનો ત્યાગ કરવાથીજ
ત્વિક ત્યાગીપણું પ્રાપ્ત થઈ શકે છે. यदुक्तम् " जे य कंते पिये
ये लध्धेवि पिट्ठीकुव्वइ । साहीणे चयइ भोए सेहु चाइत्ति वुच्चइ"।
જે પ્રાણીઓ રમણીય અને પ્રિય પ્રાપ્ત થયેલા સ્વાધીન ભોગોનો
ાગ કરી તેને પુંઠ દે છે તે પ્રાણીઓ નિશ્ચયે કરી પારમાર્થિક ત્યાગીઓ
હેવાય છે.' આ ઉપરથી વિચક્ષણો સમજી શકશે કે જો થોડા વખ-
ને માટે પ્રાપ્ત થયેલા ભોગોનો ત્યાગ કરશું નહિ તો એકેંદ્રિયમાં જઇ
ખડતાં અનંતકાળ સુધી વિષયો તો નહિજ મળે, પણ તેની સાથે
આત્મકલ્યાણદ્વારા મોક્ષસુખ સાધવાનું પણ બની શકશે નહિ. માટે
જેમ બને તેમ હમેશ દરેક વિષયને ત્યાગ કરવા પ્રવર્તવું એજ મોક્ષાર્થી
પ્રાણીઓની ફરજ છે. બાહ્ય ચીજોના ત્યાગનો અતિ આગ્રહપૂર્વક
ઘણા ભવો સુધી અભ્યાસ કરવામાં આવે તો અંતે મોક્ષસુખના સાધ-
નભૂત ભાવત્યાગને પણ પ્રાપ્ત કરવા તે પ્રાણીઓ ભાગ્યશાળી બની
શકે છે. બહોળતાએ દ્રવ્યત્યાગના અભ્યાસ સિવાય ઘણા પ્રાણીઓને
ભાવત્યાગ પ્રાપ્ત થવો બહુ મુશ્કેલ છે. બાહ્ય પદાર્થોની આસક્તિ છુટ-
વાથી અંત વખતે પ્રાણીઓ સમાધિમરણને સાધી શકે છે, નહીંતર
શરીરનો મોહ રહેવાથી અતિ આર્ત રૌદ્રધ્યાન કરી દુર્ગતિમાં જવાનો
વખત આવે છે, માટે શરીરનો મોહ છોડી દેવો કે જેથી આત્મા અનાદિ

भोगार्थमेतद्भविनां शरीरं,
ज्ञानार्थमेतत् किल योगिनां वै ।
जाता विषं चेद्विषया हि सम्यग्—
ज्ञानात्ततः किं कुणपस्य पुष्ट्या ॥ ५ ॥

व्याख्या—एतत्प्रत्यक्षं दृश्यमानं शरीरं पुद्गलात्मकं कारणाद्यवयवोपेतं वपुः भविनां भवः संसारोऽस्ति येषां तेषां भवाभिनन्दिप्राणिनां भोगार्थं पञ्चेन्द्रियविषयोपभोगाय भवति । तथा किल निश्चयेन एतच्छरीरं योगिनां योगो मोक्षार्थमेव मनोवाक्कायव्यापारः सोऽस्त्येषां तेषां मुमुक्षूणां ज्ञानार्थं आत्मसाक्षात्काराय भवति । वै शब्दः पादपूर्त्तये । चेद्यदि विषयाः शब्दादयः पञ्च सम्यग्ज्ञानात् यथावस्थितात्मबोधात् विषं विषतुल्या जाता यस्य भव्यस्येति शेषः, एते शब्दादयो विषया आत्महितनाशकत्वाद् विषरूपा एव यस्य जाताः । ज्ञाता इति पाठे येन विषयाः विषतुल्या ज्ञाता बुद्धा इत्यर्थः, अयं च पाठः समीचीनः । ततस्तर्हि कुणपस्य एतज्जडस्वभावशरीरस्य पुष्ट्या पोषणेन किं फलं ? न किमपीत्यर्थः ॥ ५ ॥

અર્થ-આ શરીર સંસારી જીવોને અનેક પ્રકારના કર્મ સંબંધી

ભોગવવાં માટે છે અને યોગી પુરૂષોને જ્ઞાન સંપાદન કર-
છે. જેમને સમ્યગ્જ્ઞાને કરીને ઇંદ્રીઓના વિષયો વિષપણાને
ગયેલા છે-તદ્રૂપ સમજાણા છે તેમને પછી શરીરની પુષ્ટિ
શું ? અર્થાત્ તેઓ પછી શરીરની પુષ્ટિ કરતા નથી. ૫
વાર્થ-એકજ શરીર કયા કયા પ્રાણીઓને કેવાં કેવાં સુખ-
સાધનભૂત થાય છે તે બતાવે છે-
સારી પ્રાણીઓ શરીરને ભોગને માટે કરી તેદ્વારા તેનું સફ-
કરવા માગે છે, અને જ્ઞાનીઓ કેવળજ્ઞાનના સાધનભૂત તે શરી-
રથી તેનું સફળપણું કરવા ઇચ્છે છે. જેને સ્વપર વિવેચન કર-
વિષયસુખો વિષની તુલ્ય ભાસ્યાં હોય તો પછી આ જડ શરી-
પુષ્ટિથી શું પ્રયોજન હોય ? કંઇ પણ નહિ.
જે શરીરને પ્રાણીઓ અતિ પ્રયત્ને કરી પુષ્ટ કરવા ઇચ્છે છે,
શરીર મરણ પછી કેવલ ભસ્મરૂપ અગર માટીરૂપ થઇ જ-
તું છે તેનો તેમને ખ્યાલ પણ હોતો નથી. જેમ ભાડાનું ઘર હોય
અને વળી તે અચાનક મૂકી દેવું પડશે એવો સંભવ હોય છે તો
ચક્ષણ માણસો કદિ તેની સારસંભાળ કરવાનો અતિ પ્રયાસ લેતા
શી, તેમ આ શરીર કઈ વખતે મૂકવું પડશે તેની ખાત્રી તો પ્રાણી-
ઓને હોતી નથી, તો પછી તે શરીરને પુષ્ટ કરવા અનેક પ્રકારના
આરંભો કરવા તત્પર થવું, વળી અનંતાકાળે પણ પ્રાપ્ત થવી દુર્લભ
એવી જે મનુષ્યજીંદગી તેનો સર્વથા ભોગ આપવો અને તે મનુ-
ષ્યજીંદગીદ્વારા સધાતા આત્મકલ્યાણનો કંઈ પણ વિચાર ન કરવો
એ કેટલું બધું શોચનીય છે! આપણને જે શ્રોત્રેંદ્રિય મળેલી છે
તે પરના અવર્ણવાદ અગર કામવિકારાદિનાં શાસ્ત્રો સાંભળવાથી સફળ

થવાની નથી; પણ જિનેશ્વર ભગવાન્ તથા સિદ્ધ ભગવાન
મહારાજાદિના ગુણગ્રામ સાંભળવાથી તેમજ ચાર પુરૂષોનાં
વચનો સાંભળવાથીજ સફળ થવાની છે. આપણને પ્રાપ્ત થએ
ન્દ્રિય વિકારદ્રષ્ટિએ અનેક પ્રકારનાં સ્ત્રી પુરૂષ આદિનાં રૂપ
સફળ થતી નથી, પણ જિનેશ્વર ભગવાનની તથા મહાત્મા
શાંત મુદ્રાઓ જોવાથી તેમજ શાસ્ત્રોનું અવલોકન કરવાથી અને
સમિતિ શોધવાથી સફળ થાય છે. આપણને મળેલી ઘ્રા
સ્વાર્થને માટે વિષયાસક્તિથી પુષ્પ આદિ પદાર્થો સુંઘવાથી
થતી નથી, પણ પ્રભુભક્તિ અગર ગુરૂભક્તિને માટે અગર
પાળવા નિમિત્તે પુષ્પો, આહાર તેમજ ઝોળીમાં બાંધેલાં પાત્રાં
સુંઘવાથી થાય છે. આપણને મળેલી રસનેંદ્રિય અનેક પ્રકારનાં
નોનો સ્વાદ લઈ વિષયાસક્ત થવાથી કે અવર્ણવાદ બોલવાથી
થતી નથી, પણ કલ્પ્ય અકલ્પ્ય આદિક વસ્તુઓની પરીક્ષા ક
તેમજ સ્વાધ્યાય અને ગુણીઓના ગુણનું ઉત્કીર્તન કરવાથી
થાય છે. સ્પર્શેંદ્રિય પણ સ્ત્રીઓનું આલિંગન કરવાથી અગર
સેવન કરવાથી કે અનુપયોગપણે ચાલી જીવ નાશ કરવાથી
થતી નથી, પણ ઉપયોગ સહિત ચાલી સ્પર્શદ્વારા કોઈ પણ
હોય તો તેને જાણી તેનો બચાવ કરવાથી તેમજ ગુરૂમહારાજ
વિશ્રામણાદિક કરવાથી સફળ થાય છે. મનોઇંદ્રિય પણ બીજાએ
માઠું ચિંતવવાથી સફળ થતી નથી, પણ શાસ્ત્રોનું રહસ્ય તથા
પ્રાણીઓનો ઉપકાર કેમ થાય તે ચિંતવવાથી સફળ થાય છે.
પ્રકારે શરીર જ્ઞાનીઓને તો કેવળ મોક્ષનાજ હેતુભૂત થાય
यदुक्तम् " जे आसवा ते परिसवा " જેટલાં જેટલાં મોહીજીવો

કર્મ બાંધવાનાં સાધન છે તેટલાંજ અર્થાત્ તેને તેજ તત્વજ્ઞાનીઓને મોક્ષ સાધવાના સાધન છે. માટે મોક્ષના અર્થી પ્રાણીઓએ પ્રાપ્ત થયેલા દરેક બાહ્ય સાધનનો શુભ ઉપયોગજ કરવો ઉચિત છે; પણ વિનાશી શરીરનું પોષણ કરવામાં તત્પર રહેવું ઉચિત નથી. જો યથા-યોગ્યપણે શરીરનો ઉપયોગ કરવામાં ન આવે તો તે શરીરજ ખાસ અનંતા ભવો સુધી તે પ્રાણીને દુઃખનું સાધન થઈ પડે છે, કારણકે જગતમાં શરીર તથા મન સંબંધી દુઃખો થવાનું કારણ શરીર તથા મનજ શાસ્ત્રકારો બતાવે છે. ૫.

शरीरपोषणे मोह एव मुख्यं कारणं, स च मोहो विवेकिना त्वया कर्तुमयुक्त इत्याशयेनात्मानमेवोपालभते—

त्वङ्मांसमेदोऽस्थिपुरीषमूत्र-

पूर्णेऽनुरागः कुणपे कथं ते ।

द्रष्टा च वक्ता च विवेकरूप-

स्त्वमेव साक्षात् किमु मुह्यसीत्थम् ॥ ६ ॥

व्याख्या—त्वक् त्वचा, मांसमामिषं, मेदो वसा, अस्थि कीकसं, पुरीषं विष्टा, मूत्रं प्रस्रवणं, एतेषां द्वन्द्वः, तैः पूर्णे व्याप्ते कुणपे शरीरे ते तवानुरागः प्रीतिः कथं कस्मात्कारणात् वर्तते इति गम्यते । यतः हे आत्मन् साक्षात् प्रत्यक्षतया द्रष्टा लोका-लोकस्वरूपज्ञाता । चः पुनरर्थे । तथा वक्ता जीवाजीवादितत्त्वोपदे-शकः । चः पुनरर्थे । तथा विवेकरूपः जडचैतन्यादिनित्यानित्यादि-हेयोपादेयादिविवेचनं रूपं स्वरूपं यस्य एतादृशस्त्वमेव असीति

शेषः । त्रिकालेऽपि आत्मभिन्नस्य कस्यचिदपि पदार्थस्य द्रष्टृत्वा स्वरूपं नास्त्येवेत्येवकारार्थः । अतः कारणात् त्वमित्थं इदं शरीर दिकं ममेत्यादिममताप्रकारेण किमु मुह्यसि किं मोहं प्राप्नोषि ? ज्ञातृत्वादिस्वरूपेण त्वया शरीरादिषु सर्वथा मोहस्त्याज्य एवेत्यर्थः॥६

અર્થઃ-હે આત્મા ! ત્વચા, માંસ, મેદ, અસ્થિ, વિષ્ટા અને મ વિગેરેથી પૂર્ણ એવા શરીરને વિષે તને કેમ અનુરાગ ઉત્પન્ન થા છે ? કારણકે આત્મિક ગુણોનો દ્રષ્ટા, તેનો વક્તા તથા સાક્ષાત્ વિ કસ્વરૂપી તું પોતેજ છે' તો આ દેહમાં કેમ મુંઝાય છે ? ૬.

ભાવાર્થઃ-શરીરને પુષ્ટ કરવાનો અભિપ્રાય જ્યારે શરીર ઉપ પ્રાણીઓને રાગ હોય ત્યારેજ થાય છે. રાગ એ મોહરૂપ છે. મો વિવેકી પ્રાણીઓએ કરવો જોઇએ નહિ, આ અધિકાર હવે છઠ્ઠા શ્લો કરી ગ્રંથકાર બતાવે છે.

હે ચેતન ! જે શરીર ચામડી, માંસ, ચરબી, વિષ્ટા અને મૂ વિગેરે અશુચિ પદાર્થોથી ભરેલું છે તેમાં તને રાગ અવિચારિત પણે શા માટે થયા કરે છે ? હે ચેતન ! સાક્ષાત્પણે સર્વ પદાર્થોનો જાણ નાર, યથાવસ્થિતપણે બતાવનાર અને તેઓનું વિવેચન કરનાર તું પો તેજ છે, તો હવે એવા અશુચિ પદાર્થોમાં રાગ કરી શા માટે મુંઝાય છે!

આ શ્લોકમાં ગ્રંથકારે જીવને બહુ મોટો અને વિવેકી કરવ ઉપદેશ આપવા પ્રયત્ન કર્યો છે.

આ ઉપદેશપદ્ધતિ બાળ, અજ્ઞાની, માનના ભુખ્યા જીવને બહુજ અસરકારક થાય છે. નાના બાળકની પેઠે ગમાર પશુની પેઠે અજ્ઞાન તાથી તેમજ અવિવેકીપણાથી મૂઢ અને અજ્ઞાની જીવ તો અશુચિ પદાર્થમાં રાગ કરે અને મુંઝાય, પણ તું પોતે જ્ઞાની થઇને, બીજા

અજ્ઞાનીઓને ઉપદેશ આપનાર ધર્મને તેમજ વિવેકરૂપ દીપને આત્મા અશુચિ પદાર્થોના રાગ કરી મોહ પામીને આ માટે મુંઝાય છે! જ્ઞાનીપણું, ગુણાપણું, વિવેકીપણું તો ત્યારે ખરેખરું કહેવાય કે જેના અશુચિ પદાર્થોથી પણ અતિ ઉત્તમ મોક્ષસાધન ત્યારે તું શાથી છે. અજ્ઞાનીઓએ જે અનંતા કાળચક્ર સુધી આ સંસારમાં સર્વ યોનિઓમાં અનંતુ દુઃખ સહન કર્યું ને શરીર ઉપર રાગ તથા મમત્વ કરવા વડેજ કર્યું છે. હજુ પણ જો તેઓ વિચાર કરે નહિ તો અ-વશ્ય કાળમાં જેમ શરીર સંબંધી તથા મન સંબંધી દુઃખો પામે છે તેમ આગામિ કાળમાં પણ અનંતાકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરતાં દુઃખ પામવાના. ત્યારે જ્ઞાનીપણું, ગુણાપણું અને વિવેકીપણું પ્રાપ્ત કર્યું ત્યારે પણ જો શરીર ઉપરનો રાગ તથા મોહ ન છોડી શકે તો પછી તે મળેલાં જ્ઞાનીપણાદિક સાધનો પણ ફરી અનંતા સંસારમાં રઝળતાં કયારે કામ લાગશે? જ્ઞાનીપણું તો ખરેખરૂં ત્યા-રેજ કહેવાય કે જ્યારે શરીરાદિક મોહમાં ફસાય નહિ. यदुक्तं श्रीशी-लांकसूरिणा श्रीआचारांगटीकायां "तज्ज्ञानमेव न भवति, यस्मिन्नुदिते विभाति रागगणः तमसः कुतोऽस्ति शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुमिति" 'તે જ્ઞાનજ ન કહેવાય કે જે જ્ઞાન ઉદય પામ્યા છતાં પણ રાગનો સમૂહ વિસ્તાર પામે; સૂર્યનાં કિરણોની આગળ અંધકારની રહેવાની શક્તિ ક્યાંથી હોય?' દુનિયામાં અધ્યાત્મીઓ બની ડીંગા ડીંગા સ્વરથી રાગ કરી વૈરાગ્યપણું બતાવનાર અને ઓજ દ્વારા પોતાના સ્વાર્થ સાધનારનાં દ્દષ્ટાંતો તો આ હુંડા અવસર્પિણીરૂપ દુઃખમ કા-ળમાં શોધવાં પડે તેમ છેજ નહિ. તે જેવો વિચાર કુવાના દેડ-કાની જેમ કંઈક ભાષાંતર ગ્રન્થ દ્વારા જ્ઞાન મેળવી આમાના જેવા

અધ્યાત્મ જ્ઞાનીઓ દુનિયામાં બીજા કોઇ નથી એમ માની પુષ્ટ [illegible]
અને અનેક જીવોનું હિત કરનારા [illegible] કરીને
અયોગ્ય ઠરાવે. પોતે તેઓનો [illegible] કરી [illegible] તથા તેઓનું
જે હિત કરવાનું તે છોડી દઇ [illegible] અને બીજા જીવોને
પણ [illegible] રાખે; આનું પરિણામ એ આવે છે કે તેઓ ગમે તેટલો
અધ્યાત્મનો ઉપદેશ કરે તોપણ તેઓના શરીર ઉપર રાગ, મોહ તેમજ
તે છોડવાના પ્રયત્નો જોઇ તેઓના આશ્રિત રહેલા જીવોને [illegible] થાય
નહિ. ઉપદેશકોની પેઠે તેઓ પણ નિઃસાર સંસારમાં આસક્ત થઇ ર
હે. મુનિઓ સાધારણ હશે તો પણ તેના પ્રસંગથી અને ઉપદેશ
જીવો સંસારથી વૈરાગ્ય પામી ચારિત્ર લઇ આત્મકલ્યાણ સાધવા ઉજ
માળ થશે, અને ગૃહસ્થીઓ ગમે તેટલા જ્ઞાની હશે તોપણ તેના ઉપદે
શથી સંસારથી વિરક્ત દશા થવી બહુજ મુશ્કેલ છે. આટલા પરિણામે
બસ થતુ નથી, પણ આ ભવમાં વ્યવહારની અરૂચિ તથા વ્યવહાર
વાળા ઉપર અરૂચિ કરવાની વાસના એવી પ્રબળ બની જાય છે કે
ફરી ભવાંતરમાં પણ તે જીવને બોધિબીજની પ્રાપ્તિ પણ અતિ દુષ્કર
થઇ પડે છે. કારણકે દરેક ઠેકાણે જીવ ઘણુભાગે બાહ્ય નિમિત્તના
સાધનથીજ બોધિ પામે છે. આ બાબતનો પુરેપુરો વિચાર કરી જ્ઞાની
અને વિવેકી જીવે જેઓએ શરીર ઉપરનો રાગ અને મોહ છોડ્યો હોય,
છોડવાના પ્રયત્નો જારી કરેલા હોય અને તેજ પ્રકારનો ઉપદેશ કરતા
હોય તેઓનો પ્રસંગ કરી શરીર ઉપરનો રાગ તથા મોહ છોડવો અને
બીજા જીવોને તેવા પ્રસંગ મેળવી આપી છોડવવા એજ તેઓની
ફરજ અને ખરેખરૂં વિવેકીપણું છે. વિશેષ વિસ્તારે કરી સર્યું. ૬.

अधुना धनस्यानित्यतापुरस्सरं दुःखहेतुत्वं प्रतिपाद्य तत्त्याग उ

पदेशमाह—

धनं न केषां निधनं गतं वै,
दरिद्रिणः के धनिनो न दृष्टाः ।
दुःखैकहेत्वत्र धनेऽतितृष्णां,
त्यक्त्वा सुखी स्यादिति मे विचारः ॥७॥

व्याख्या—धनं द्रव्यं केषां पुरुषाणां निधनं नाशं न गतं न प्राप्तं ? अपि तु सर्वेषां पुरुषाणां द्रव्यं नाशं गतमित्यर्थः । वै-शब्दः पादपूर्त्तये । तथा के दरिद्रिणो निर्धना धनिनो धनवन्तो न दृष्टाः न दृश्यन्ते ? अपि तु सर्वे दरिद्रिणो धनिका जाताः । चक्रवत्परिवर्तिन्यास्मिन् संसारेऽनादिकालतः संसरन्तः सर्वे जीवा अनन्तशो धनिनो निर्धनाश्च जाताः, एक भवापेक्षयापि बहवो धनिनो निर्धना दृष्टा बहवश्च निर्धना धनिनो दृष्टा इति भावः । अतो दुःखैकहेत्वत्र दुःखस्यैवाद्वितीयहेतुरूपेऽत्र धनेऽस्मिन् द्रव्येऽतितृष्णां लोभातिरेकं त्यक्त्वा विमुच्य सुखी सुखवान् स्यात्, प्राणीति गम्यते । इति मे मम विचारो मतमस्ति । अत्र दुःखैकहेत्वत्रेति समस्तं पदं चिन्त्यं, तत्स्थाने " दुःखैकहेतौ हि " इति पाठो दृश्यः, अर्धश्लोक्त एवेति ॥७॥

અર્થ–કદી દ્રવ્યની મુર્છાવડે પ્રાણીઓ આ સંસારમાં મોહ પામતા હોય તો તેને ઉપદેશ માટે કહે છે કે- ધન કોનુ વિનાશ પામતું નથી અને દરિદ્રીઓ ક્યાં દ્રવ્યવાન્ થતા નથી ? અર્થાત્ ધનવાન્ તે નિર્ધન થાય છે અને નિર્ધન હોય છે તે ધનવાન્ થાય

છે; પણ દ્રવ્ય સંપાદન કરવાની તૃષ્ણા તેજ એક આ સંસારમાં દુઃખ ઉત્પન્ન કરનાર પ્રબળ કારણ છે, માટે તે તૃષ્ણાને તજીને સુખી થા એમ મારી સલાહ છે. ૭

ભાવાર્થ-આ કાવ્યમાં કર્ત્તાએ આપેલી સલાહ બહુ કિંમતી છે. ધનવાન્ કે નિર્ધન થવું તે ભાગ્યાધિન છે અર્થાત્ લાભાંતરાયના ક્ષયોપશમથી પ્રાણી ધનવાન્ થાય છે અને લાંભાતરાયનો બંધ કરવાથી નિર્ધન થાય છે. પરંતુ તૃષ્ણા અત્યંત રાખવી અને તેને અંગે અનેક પ્રકારનાં છળ, પ્રપંચ, ઠગાઈ, અપ્રમાણિકપણું કરવું અથવા અનેક પ્રકારના પાપારંભનાં-મોટી હિંસાનાં કારણો જોડવાં તે તો પરભવમાં અવશ્ય નિર્ધનપણુંજ આપનાર છે. કેમકે એ બધાં કાર્યો લાભાંતરાયનો બંધ કરાવનાર છે. કર્ત્તાની આ સલાહ દ્રવ્ય તજી દેવાની નથી પણ તેને મેળવવા માટે અને રક્ષણ કરવા માટે જે અત્યંત લાગણી ધરાવવી તે તૃષ્ણા કહેવાય છે, એવી અતિ તૃષ્ણા તજી દેવા માટે આ કાવ્યમાં ઉપદેશ કરવામાં આવ્યો છે. ૭

संसारदुःखस्य नाशे उपायमाह—

संसारदुःखान्न परोऽस्ति रोगः,
सम्यग्विचारात् परमौषधं न ।
तद्रोगदुःखस्य विनाशनाय,
सच्छास्त्रतोऽयं क्रियते विचारः ॥ ८ ॥

व्याख्या—संसरन्ति प्राणिनोऽस्मिन्निति संसारो जन्मजरामरणादि चतुर्गत्यात्मको भवः स एव दुःखं, अथवा संसारे जगति

यद्दुःखं, संसारे सर्वमपि दुःखमेव । यदुक्तम्—

"सत्यं संसृतिगर्तेयं दुःखैः पूर्णा निरन्तरम् ।
यतस्तद्व्यतिरेकेण नान्यत् किञ्चिदिहाप्यते ॥ १ ॥"—इति

तस्मात्संसारदुःखात् परोन्यस्तद्व्यतिरिक्त इति यावत् रोगो व्याधिर्न विद्यते संसारदुःखमेव व्याधिः नान्य इत्यर्थः । तस्य च व्याधेर्नाशने सम्यग्यथावस्थितो यो विचारः शास्त्रदृष्ट्या हेयोपादेयादिविचारणं तस्मात् परं भिन्नं औषधं चिकित्सा न विद्यते, संसार-दुःखरूपरोगविनाशकमौषधं तत्त्वविचार एव विद्यते नान्यत् । अत-स्तद्रोगदुःखस्य संसाररोगदुःखस्य विनाशनाय च्छेदाय सत् समीचीनं पूर्वापरविरोधरहितं मिथ्यात्वादिवर्जितं च यच्छास्त्रं केवलिप्ररूपित आगमस्तस्मात् । पञ्चम्यर्थे तसिल् प्रत्ययः । अयं पूर्वोक्तः संसार-दुःखरूपव्याधिनाशकौषधविषयो विचारो निर्णयः क्रियते मयेति शेषः अत्र केवलविचारस्य निष्फलत्वात् कृतनिर्णयानुरूपायां क्रियायां प्रवर्तितव्यमौषधवदित्यनुक्तमप्यूह्यम् । इति ॥ ८ ॥

અર્થ—આ સંસારમાં સાંસારિક દુઃખો ઉપરાંત બીજો કોઈ રોગ નથી, તેજ મોટો રોગ છે, અને સમ્યક્ વિચારથી ઉપરાંત બીજું કોઈ પરમ ઔષધ નથી, અર્થાત્ તેજ પરમ ઔષધ છે. તેથી તે રોગ અથવા દુઃખનો વિનાશ કરવા માટે સત્શાસ્ત્ર પૂર્વક સમ્યગ્ વિચાર કરવો.૮

ભાવાર્થ—આ સંસારી જીવ જ્વરાદિક રોગનેજ રોગ કહે છે પણ જીવને સાંસારિક અનેક પ્રકારના વ્યાધિઓ માનસિક વાચિક ને કાયિક વળગેલા છે. તેમાં માત્ર કાયિકનેજ વ્યાધિ-રોગ તરીકે ઓળ-ખવામાં આવે છે પરંતુ તે સિવાયના બીજા રોગ તે કરતાં વધી જાય

તેવાં-વધારે દુઃખના આપનારાં. ઉપાધિના કરનારા, કર્મોના બાંધાવનારા છે. તે સર્વ પૂર્વકર્મજન્ય છે. તે રોગ માત્રનું નિવારણ કરનાર પરમૌષધ સમ્યગ્ વિચારજ છે. તેનાવડેજ સર્વ વ્યાધિઓ નિર્મૂળ થઈ શકે છે; પરંતુ તે સમ્યગ વિચાર ઉત્પન્ન કરવા માટે-જાગૃત કરવા માટે સદ્‌જ્ઞાનની પૂર્ણ આવશ્યકતા છે. સમ્યગ્ પ્રકારના બોધ સિવાય સમ્યગ્ વિચાર ઉત્પન્ન થઈ શકતા નથી. સમ્યગ્ બોધ પણ શુદ્ધ શ્રદ્ધાવડેજ થઇ શકે છે. સમ્યક્ શ્રદ્ધા વિનાનો બોધ તે સમ્યગ્ બોધ કહેવાતોજ નથી. તેથી સમ્યક્ શ્રદ્ધાયુક્ત સમ્યગ્ બોધ પ્રાપ્ત કરી સત્‌શાસ્ત્રોનું અવગાહન કરી તત્પૂર્વક સમ્યગ્ વિચાર કરવો કે જે પરમૌષધવડે આ જીવને ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના સાંસારિક વ્યાધિઓ સહેજે નાશ પામે. આ કાવ્યમાં કર્ત્તાએ ખરેખર રોગને અને તેના ઔષધને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે અને તેમાં થોડા શબ્દોમાં એક મહાન્ કુંચી બતાવી દીધી છે. ૮

विचारः क्रियते इत्युक्तं अतस्तमेव दर्शयति—

अनित्यताया यदि चेत् प्रतीति-
स्तत्त्वस्य निष्ठा च गुरुप्रसादात् ।
सुखी हि सर्वत्र जने वने च,
नो चेद्वने चाथ जनेषु दुःखी ॥ ९ ॥

व्याख्या— हे आत्मन् ! चेत् यदि अनित्यायाः स्त्रीपुत्रधनादिकं शत्रुमित्रादिकं पुद्गलात्मकमिदं स्वशरीरमपि च सर्वं विश्ववर्तिवस्तुजातमनित्यं क्षणदृष्टनश्वरमस्ति इत्येवंप्रकारा या जगद्विष-

स्थिताऽनित्यता तस्याः प्रतीतिः प्रत्ययः तव मानसेऽस्ति । चः पुनरर्थे । तथा गुरुप्रसादात् गुरुः सर्वथा हिंसाऽऽरंभपरिग्रहादिविरतः स्वपरोपकारनिरतो धर्मतत्त्वोपदेष्टा तस्य प्रसादात् कृपया तत्त्वस्य धर्मतत्त्वसंबन्धिनी निष्ठा दृढश्रद्धा चेत्तव हृदि विद्यते । तर्हि जने जनसमूहे जनसंकुलग्रामनगरादाविति यावत् । च पुनरर्थे । तथा वने जनरहितेऽरण्ये सर्वत्र सर्वस्मिन्नपि स्थाने हि निश्चयेन त्वं सुखी सुखवानसि । नो चेत् यदि अनित्यतायाः प्रतीतिस्तत्त्वस्य च श्रद्धा नास्ति तर्हि वने निर्जनस्थानेऽपि च जनेषु जनपदेषु त्वं दुःखी दुःखवानसि । अनित्यभावनां विना इष्टवस्तुवियोगे दुःखं प्रतीतमेव, तत्त्वश्रद्धानं विना च हेयोपादेयादिविवेकविकलस्य पदे पदे दुःखमेवेति तात्पर्यम् ॥ ९ ॥

અર્થ—જે પ્રાણીને આ સંસારના સર્વ ભાવ (દ્રવ્ય, સ્વજન, કુટુંબ, શરીર અને સર્વ પદાર્થો) અનિત્ય છે એવી પ્રતીતી હોય અને સદ્‌ગુરૂના પ્રસાદથી તત્વનિષ્ઠા પ્રાપ્ત થઇ હોય તો તે પ્રાણી વસ્તીમાં કે વનમાં જ્યાં રહે ત્યાં સુખીપણે રહે છે. અને અનિત્યતાની પ્રતીતી અને તત્વનિષ્ઠા ન હોય તો વનમાં કે જનમાં જ્યાં રહે ત્યાં દુઃખીપણેજ રહે છે. ૯.

ભાવાર્થ—આ પ્રાણી નિરંતર સુખનો અર્થી છે અને દુઃખથી ત્રાસ પામે છે, પરંતુ સુખ દુઃખના હેતુને યથાર્થ ન ઓળખવાથી તેને ખરૂં સુખ પ્રાપ્ત થતું નથી અને દુઃખનો નાશ થતો નથી. પ્રાણિને દુઃખનું કારણ આ સંસારના પદાર્થો અને સ્વજનાદિ કે જે અનિત્ય છે તેને નિત્ય માની બેસે છે તેજ છે, કારણકે અનિત્ય પદાર્થો તેની સંયોગ સ્થિતિ પૂર્ણ થયે ત્યારે તેનાથી વિખુટા પડે છે અથવા

નાશ પામે છે ત્યારે તેને નિત્ય માનનાર મુગ્ધ મનુષ્ય દુઃખ પામે છે, રૂદન કરે છે, દિલગીર થાય છે અને કેટલીક વખત તો બીજા દુઃખોને ઉદીરે છે અને વખતે પ્રાણ પણ ત્યજી દે છે. આટલા માટેજ શાસ્ત્રકાર કહે છે કે જો આ જીવને અનિત્યતાની પ્રતીતી થઇ હોય અને તત્ત્વનિષ્ઠા એટલે વસ્તુસ્વભાવની યથાર્થ ઓળખાણ થઇ હોય, જે વસ્તુ જે સ્વભાવવાળી હોય તે બરાબર સમજાયેલ હોય તો પછી તેને વનમાં કે ઘરમાં, વસ્તીમાં કે ઉજ્જડમાં, મહેલમાં કે સ્મશાનમાં સર્વત્ર સુખીપણુંજ છે, તે દુઃખીપણું ક્યારે પણ સ્વીકારતોજ નથી. તે તો વસ્તુ સ્વભાવનેજ ગવેષ્યા કરે છે. આવી તત્ત્વનિષ્ઠા ગુરૂકૃપા વિના થતી નથી. આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે. જે પ્રાણીને એવી અનિત્યતાની પ્રતીતી અને તત્ત્વનિષ્ઠા થયેલી હોતી નથી તેવા પ્રાણીઓ વનમાં કે જનમાં, વસ્તીમાં કે ઉજ્જડમાં, બગીચામાં કે અરણ્યમાં સર્વત્ર દુઃખીજ રહે છે. કદાચિત્ અલ્પ સમય તે સુખી દેખાય છે પણ તે સુખીપણું ક્ષણિક છે. કંઇપણ અનિષ્ટની પ્રા[illegible] કે ઇષ્ટનો વિયોગ થયો કે તરતજ તેનું સુખ દુઃખમાં પલટાઇ જા[illegible] છે. આ જગતમાં વાસ્તવિક સુખ કે દુઃખનાં કારણો કોઇ છેજ ન[illegible] માત્ર મનની માન્યતાથી પ્રાણી તે તે કારણોને સુખ કે દુઃખના કારણો માની લે છે. તેમાં પણ એક જેને સુખના નિમિત્ત તરીકે માને છે તેનેજ બીજો દુઃખના નિમિત્ત તરીકે માને છે. આ કાવ્યનો ભાવાર્થ ખાસ મનન કરવા લાયક છે. ૯

विवेकरूपसूर्योदयान्मोहान्धकारस्य नाशो भवतीत्याह—

मोहान्धकारे भ्रमतीह तावत्,
संसारदुःखैश्च कदर्थ्यमानः ।

यावद्विवेकार्कमहोदयेन,

यथास्थितं पश्यति नात्मरूपम् ॥ १० ॥

व्याख्या—इह जगति संसारदुःखैः संसारे यानि दुःखानि जन्म-
रणादीनि इष्टवियोगानिष्टसंयोगादीनि वा तैः कदर्थ्यमानः
मानः प्राणी तावत् तावन्तं कालं मोहान्धकारे मोहोऽज्ञानं एवान्ध-
तास्मिन् भ्रमति पौनःपुन्येन पर्यटति । कियच्चिरं भ्रमतीत्याह—
(यावन्तं कालं विवेकार्कमहोदयेन विवेको हेयोपादेयादिविवे-
स एव तत्त्वप्रकाशकत्वात् अर्कः सूर्यस्तस्य महान् तीव्रो य
उल्लासस्तेन यथास्थितं वास्तविकस्वरूपं आत्मरूपं अनन्तज्ञान-
चारित्रवीर्यात्मकस्यात्मनः स्वरूपं न पश्यति । इति श्लोकार्थः॥१०॥

અર્થ—આ પ્રાણી સંસારના દુઃખોથી કદર્થના પામતો સતો
રૂપી અંધકારમાં ત્યાં સુધીજ પરિભ્રમણ કરે છે કે જ્યાં સુધી
રૂપી સૂર્યના મહોદયવડે યથાસ્થિત એવા આત્મસ્વરૂપને જોઈ
. નથી. જ્યારે વિવેકરૂપ સૂર્યનો ઉદય થાય છે ત્યારે મોહાંધકાર
પામે છે, આત્મસ્વરૂપ ઓળખાય છે અને સાંસારિક દુઃખોની
ના નાશ પામે છે. ૧૦.

ભાવાર્થ—આ જગતમાં મોહ ને વિવેક એ બંને ખરેખરા એક
ના પ્રતિસ્પર્ધી છે. મોહ વિવેકને ભુલાવે છે અને વિવેક આવે
કે મોહ નાશ પામે છે. આ પ્રાણીને સંસારમાં પરિભ્રમણ કર-
કારણ મોહ છે અને તેમાથી છુટવાનું-ઉંચા આવવાનું કારણ
ક છે. વિવેકરૂપ સૂર્યનો ઉદય થાય છે ત્યારેજ પ્રાણી પોતાના

આત્મસ્વરૂપને જોઈ શકે છે; તે સિવાય આત્મસ્વરૂપનો બોધ થઇ
શકતો નથી. અને આત્મસ્વરૂપ યથાર્થ સમજાયા શિવાય મોહ ખસતો
નથી. એમંને પરસ્પર કાર્ય કારણ ભાવ વર્તે છે. વળી મોહનો
નાશ થાય ત્યારેજ સાંસારિક દુઃખોની કદર્થના નાશ પામે છે; તે
શિવાય નાશ પામતી નથી. સાંસારિક દુઃખોનું કારણજ મોહ છે.
સંસારના સર્વ દુઃખો મોહજન્યજ છે. મોહવડેજ તે તે દુઃખોને
આ પ્રાણી દુઃખરૂપ માને છે. વિવેક જાગૃત થયા પછી તે તે દુઃખોને
આ પ્રાણી દુઃખરૂપ માનતો નથી પણ વસ્તુ સ્વભાવ તરફજ તેની
દૃષ્ટિ જાય છે. એટલે દુઃખને દુઃખરૂપ ન માનતાં ઉલટું કેટલીક
વખત કર્મ નિર્જરાનું કારણ માની સુખતરીકે ગણી લે છે. આ
બધી મોહ ને વિવેકનીજ કૃતિ છે. તેથી ઉત્તમ જીવોએ તે બંને
પણ બરાબર ઓળખી મોહને તજવા અને વિવેકને સ્વીકારવા યત્
શીલ થવું. આ કાવ્યમાં ખાસ એ રહસ્ય રહેલું છે. ૧૦.

आत्मज्ञानरतस्य पुरुषस्य चित्ते धनादयोऽनर्थादिकरा
प्रतिभान्तीत्याह:-

अर्थो ह्यनर्थो बहुधा मतोऽयं
स्त्रीणां चरित्राणि शवोपमानि।
विषेण तुल्या विषयाश्च तेषां,
येषां हृदि स्वात्मलयानुभूतिः ॥ ११

व्याख्या-येषां पुरुषाणां हृदि हृदये स्वात्मलयानुभूतिः स्व
स्मा स्वात्मा तस्मिन् लय एकतानरूपा समता तस्यानुभूतिर

वेदनमिति यावत् अस्तीति गम्यते । तेषां स्वात्मलयानुभववतां
पुरुषाणां बहुधा मतोऽनेकप्रकारैः सांसारिकसुखादिसाधनत्वेन
संमतोऽयं प्रत्यक्षं दृश्यमानोऽर्थो द्रव्यं हि निश्चयेन अनर्थो न वि-
श्रुतेऽर्थः प्रयोजनं यस्य सोऽनर्थकारीति यावत् प्रतिभाति, न हि
तेषां धनेन किमपि साध्यमिति भावः । तथा स्त्रीणां कामिनीनां चरि-
त्राणि आचरणानि शवोपमानि मृतकतुल्यानि प्रतिभान्ति, यथा मृतक-
स्य चेष्टा हृदयानन्ददायिनी न भवति तथा स्त्रीचरितान्यपीति भावः ।
तथा तेषां पुरुषाणां विषयाः शब्दादयो विषेण तुल्या हालाहलो-
पमाः प्रतिभान्ति, विषयभोगकाले विषभोगसमाना तेषां चित्तवृत्ति-
र्भवतीत्यर्थः, विषं ह्येकभवानर्थकारी विषयास्तु अनेकभवानर्थकारिण
इति विषादप्यधिकानर्थदायिनो विषया इति बोध्यम् ॥ ११ ॥

અર્થ—જે પ્રાણીને સ્વાત્માને વિષે લય કરવાનો અનુભવ થાય
છે તેને પછી આ અર્થ (દ્રવ્ય) જેને બહુ લોકોએ કામનું ગણેલ
છે તે અનર્થકારીજ લાગે છે, સ્રીના ચરિત્ર તે બધા મૃતકના આ-
ચરણ જેવા અનિષ્ટ લાગે છે અને ઇંદ્રિયોના વિષયો તે વિષતુલ્ય-
ઝેર જેવા લાગે છે. ૧૧.

ભાવાર્થ—આત્માને વિષે લય એટલે આત્માના હિત અહિતનીજ
કાયમ ચિંતા જે પ્રાણીને વર્તતી હોય છે, સાંસારિક દુઃખો કે સુખો
બંને તરફ જેની નિરંતર ઉપેક્ષા વર્તે છે, એવા પ્રાણીઓ-મનુષ્યો
અર્થને-દ્રવ્યને સ્વાર્થસાધક માનતા નથી પણ અનર્થકારકજ માને છે.
દ્રવ્યલોભ તેના હૃદયમાં હોતોજ નથી અને દ્રવ્યની લાભ હાનિ તેના
મનપર કિંચિત્ પણ અસર કરતી નથી. વળી કોઇ મૃતક જેમ મંત્र-

વાદીની પ્રેરણાથી અનેક પ્રકારની ચેષ્ટાઓ કરે તેવી કામદેવની પ્રેરણાથી સ્રીજાતિ તરફથી કરાતી હાવ ભાવ કટાંક્ષાદિ ચેષ્ટા માને છે. તેની ચેષ્ટા એવા આત્મલયવાળા મહાત્માના હૃદયપર કિંચિત્ પણ અસર કરતી નથી. કામને ઉત્પન્ન કરવામાં સ્રી જાતિનો તેના પ્રત્યેનો પ્રયાસ નિષ્ફળ નીવડે છે. તેની ચેષ્ટાઓ તેને ઇષ્ટને બદલે અનિષ્ટ લાગે છે. બીજા મનુષ્યો જેને ઇષ્ટ માને છે, તેને જે પ્રિય લાગે છે, તે આત્મલયીને અપ્રિય-અનિષ્ટ લાગે છે. ઇંદ્રિયોના વિષયો તેને વિષ જેવા લાગે છે. વિષ કરતાં એક અક્ષર (ય) વધારે હોવાથી વિષયને તે વિશેષ હાનિકારક માને છે. વિષ એકભવમાં મારે છે ત્યારે વિષય અનેક જન્મ મરણ આપે છે. આવો આત્મલય પૂર્વના શ્લોકમાં બતાવ્યા પ્રમાણે જેને તત્ત્વ નિષ્ઠા થઇ હોય તેવા મનુષ્યોનેજ થાય છે. ૧૧.

कदाचिदयमात्मा धर्मरसिकोऽपि परान् संसारसमारंभतत्परा दृष्ट्वा खिद्यति तं प्रत्युपदेशमाह—

कार्यं च किं ते परदोषदृष्ट्या,
कार्यं च किं ते परचिन्तया च ।
वृथा कथं खिद्यसि बालबुद्धे,
कुरु स्वकार्यं त्यज सर्वमन्यत् ॥१२॥

व्याख्या—हे आत्मन् परदोषदृष्ट्याऽन्यदोषदर्शनेन ते किं कार्यमस्ति ? धर्मकर्मणि प्रवृत्तस्य तवान्यदोषदर्शनेन किं प्रयोजनं नास्तीत्यर्थः । तथा पराचिन्तया अयं प्राणी संसार विहाय कया रीत्या धर्ममार्गे प्रवर्तते इत्येवमन्यजनसंबन्धिचि

ते तव किं कार्यं प्रयोजनमस्ति ? स्वात्मचिन्तनविघातकतया परचिन्ता नैव कार्येत्यर्थः । अतो हे बालबुद्धे बालस्येव बुद्धिर्मतिर्यस्य तत्संबोधने हे मुग्धमते परदोषदृष्ट्या परचिन्तया च वृथा निरर्थकं कथं कुतः खिद्यसि खेदं करोषि ? खेदं मा कुर्वित्यर्थः । तर्हि किं मया कर्तव्यमित्यपेक्षायामाह- त्वं स्वकार्यं स्वस्यात्मनः कार्यं मोक्षादिसाधनं कुरु समाचर । अन्यत्स्वात्मकर्तव्यातिरिक्तं सर्वं परदोषदर्शनादिकं त्यज मुञ्च । सर्वे जीवाः कर्माधीनाः सुखदुःखान्यनुभवन्तीति विचार्य माध्यस्थ्यमेव समालम्बयामीति तात्पर्यार्थः ॥ १२ ॥

અર્થ—કેટલાએક પ્રાણીઓ બીજાઓને સાંસારિક કાર્યમાં લીન તેમજ ધર્મકાર્યથી વિમુખ જુએ છે એટલે ખેદ પામે છે તેને ઉપદેશ માટે કહે છે કે–હે પ્રાણી ! તારે પારકા દોષ જોવાથી શું કામ છે ? અને તારે પારકી ચિંતા કરવાનું પણ શું કામ છે ? તું પરને દોષયુક્ત જોઈને ફોગટ શા માટે ખેદ પામે છે ? હે બાળબુદ્ધિ ! તું તો પોતાના આત્મહિતનું કાર્યજ કર અને બીજું બધું તજી દે. ૧૨.

ભાવાર્થ—હે ભવ્ય પ્રાણી ! તારે પારકા દોષ જોવા સાથે અથવા અન્ય કોઈ ધર્મ કાર્ય કરતો ન હોય, પરમાર્થ કરતો ન હોય, પરોપકારપરાયણ ન હોય, ધર્મક્રિયાથી પરાઙ્મુખ હોય, તત્ત્વ સમજવામાં પ્રમાદી હોય, એટલુંજ નહીં પણ તત્ત્વજ્ઞ મહાપુરૂષો સાથે ઉલટો દ્વેષ વહન કરતો હોય, ધર્મી જનોના અવર્ણવાદ બોલતો હોય, નિતિપરાયણનું ડોળ કરતો હોય છતાં અનિતિપરાયણ હોય, પરોપકારની વાત કરતો હોય છતાં સ્વાર્થપરાયણ હોય, પ્રમાણિકપણાની વાત કરતો હોય છતાં પરવંચનામાં પ્રવીણ હોય, ધર્મીનું ડોળ કરતો હોય છતાં

ધર્મને તો ઓળખતાજ ન હોય, ખાવા અને સાંસારિક ભોગો [illegible]
[illegible] પરિણામમાં, [illegible] અને [illegible]
સંપાદન કરવામાં [illegible]
આપવાની બાબતે ચિંતા પણ જરૂર નથી. [illegible] ચિંતા [illegible]
નથી. કેમકે [illegible] થાય કે [illegible] પણ [illegible]
નથી. એવું જાણીને [illegible] પ્રયત્ન ખેદ [illegible] પણ નિષ્ફળ
કારણ કે તારા ખેદ કરવાથી તેના [illegible] કાંઇ સુધરતા નથી, [illegible]
બહાર આવતા નથી. લોકો તો કરતા હોય તેમ કર્યાજ કરે છે. માટે
એવા વ્યર્થ ખેદાદિ તજી દઇને તું તારા આત્માના હિતાહિતનો
વિચાર કર અને જેથી આત્મહિત થાય તેવું કાર્ય કર, કેમકે એ ચિંતા
કાર્યસાધક છે. જે ચિંતા કાર્યસાધક ન હોય તેવી ચિંતા ઉત્તમ પુરૂષો
કરતાજ નથી. જો કે એવી વિચિત્રતા જોઇને કેટલીક વખત ઉત્તમ
પુરૂષોને ખેદ થાય છે એ સ્વાભાવિક છે; પરંતુ ગ્રંથકાર કહે છે કે
તે નિષ્ફળ જાણીને તેને હૃદયમાં ટકવા ન દેતાં આત્માના હિતાહિતની
જ ચિંતા કરવી, તેનેજ હૃદયમાં ટકવા દેવી અને ચોકસ હિતકારી
સમજાય તેવા કાર્યમાં પ્રયત્ન કરવો. વ્યવહારમાં કહેવાતી 'કાજી કયું
દુબળે કે સારા શહેરકી ફીકર' એ કહેવતને લગતું આ કાવ્ય છે. ૧૨.

स्वकार्यं कुर्वित्युक्तं, अतस्तत्प्रकारमाह—

यस्मिन् कृते कर्मणि सौख्यलेशो,
दुःखानुबन्धस्य तथाऽस्ति नान्तः।
मनोऽभितापो मरणं हि यावत्,
मूर्खोऽपि कुर्यात् खलु तन्न कर्म ॥१३॥

व्याख्या—यस्मिन् परपीडादिके कर्मणि कार्ये कृते निर्मिते सति सौख्यलेशः सुखमेव सौख्यं तस्य लेशो लवो भवति स्वस्येति गम्यते। तथा दुःखानुबन्धस्य दुःखस्यानुबन्धः सततबन्धो बन्धपरंपरेति यावत् तस्य अन्तो नाशो नास्ति न विद्यते। तथा हि निश्चयेन मनोऽभितापश्चित्तस्य संतापो मरणं यावत् मरणपर्यन्तं भवति। तत् कर्म एतादृशं कार्यं। गुप्तशीलभंगपरवंचनादिकं कर्मणि द्वितीया। मूर्खोऽपि तत्त्वज्ञानरहितो विवेकशून्योऽपि बालगोपालाङ्गनादिमूढजनोऽपि न कुर्यात् खलु न करोत्येव। खलुशब्दोऽवधारणे। विद्वांस्त्वेतादृशं कर्म सुतरां न कुर्यादेवेति तात्पर्यम् ॥ १३ ॥

અર્થ—જે કાર્ય કરવાથી સુખ લેશમાત્ર થાય અને દુઃખનો અનુબંધ પાર વિનાનો થાય તેમજ હૃદયતાપ મરણ પર્યંત રહ્યા કરે તેવું કાર્ય મૂર્ખ પણ કરે નહીં. આમ છતાં પણ ગુપ્ત શિયળભંગ, પરને ઠગવાના છળપ્રપંચ તથા એવા બીજા ગુપ્ત પાપકર્મો ડાહ્યામાં ગણાતા એવા પણ અનેક મનુષ્યો કરે છે એ મોટા ખેદની વાત છે. ૧૩.

ભાવાર્થ—કેટલાંક અધમ કાર્ય ડાહ્યામાં ખપતા, સમજુ ગણાતા, ધર્મી તરીકે ઓળખાતા, જ્ઞાનીપણાનો ડોળ ધરાવતા એવા મનુષ્યો પણ કર્મના વશે કેટલીક વખત કરે છે, તેનાથી થઈ જાય છે, કે જેને જોઈને અન્ય સુજ્ઞ મનુષ્યના હૃદયમાં વિચાર થાય છે કે આ શું ! આવું કનિષ્ટ કાર્ય આ માણસથી કેમ થયું હશે ? આવું અધમ કાર્ય આ સમજુ માણસે કેમ કર્યું હશે ? પરંતુ તે વખતે વિચારવું કે એવું કાર્ય તેનાથી થવાના મુખ્ય બે કારણો છે. એક તો કર્મના પરવશપણાથી-કર્મનો તીવ્ર ઉદય થાય ત્યારે ખરો સમજુ

પણ ઉત્કટ ભાવે થાય છે. આ તો માફ થઇ શકે તેવી બાબત છે પરંતુ બીજું કારણ એ છે કે તેવા ડાહ્યા, સમજુ, ધર્મી કે જ્ઞાની કહેવાતા મનુષ્યો વાસ્તવિક ડાહ્યા, સમજુ, ધર્મી કે જ્ઞાની હોતા નથી; માત્ર કેવળડોળજ તેવા જણાય એવો દેખાવ હોય છે. આવા મનુષ્યોનાં તેવાં કૃત્યો માફ કરવા લાયક નથી. ગ્રંથકાર કહે છે કે જો સુખની ઇચ્છા તીવ્ર છે તો જાણે તું ગુણી થાય તેવું કાર્ય કર પણ જે કાર્ય કરવાથી સુખ તો અતિ અલ્પ થાય અલ્પકાલિન થાય અને તેને પરિણામે દુઃખ એટલું બધું અને દીર્ઘકાલિન થાય કે તેની ગણના પણ થઇ શકે નહીં વળી જે છુપું પાપ એવું હોય કે જે કર્યા પછી તેનો ડંખ હૃદયમાંથી મરણ પર્યંત ખસેજ નહીં. હૃદય ડંખ આપ્યાજ કરે તેવું પાપ સમજુ માણસ કદિ પણ કરે નહિ. દૃષ્ટાંત તરીકે પરસ્ત્રી લંપટ મનુષ્યોથી થતા તેમજ તીવ્ર લોભી અથવા તીવ્ર ક્રોધી મનુષ્યોથી થતા છુપાં પાપો કે જે પરિણામે તો પ્રસિદ્ધ થયા વિના રહેતાજ નથી તેવાં પાપો સમજવા. આવાં પાપોથી બહુ દૂર રહેવાનો આ કાવ્યનો ઉપદેશ છે. ૧૩.

अथ कामस्यानर्थकारित्वं दर्शयति--

यदर्जितं वै वयसाऽखिलेन,
ध्यानं तपो ज्ञानमुखं च सत्यम् ।
क्षणेन सर्वं प्रदहत्यहो तत्,
कामो बली प्राप्य छलं यतीनाम् ॥ १४ ॥

व्याख्या—अखिलेन समग्रेण वयसा भवेन करणे तृतीया,

न्मपर्यन्तमिति यावत् यत् ध्यानं मनःस्थिरतालक्षणं, तपः षष्ठाष्टमादिलक्षणं, ज्ञानमुखं ज्ञानविवेकादिकं, अत्र मुखशब्दः प्रभृतिवाचकः, तुः पुनरर्थे । तथा सत्यं मृषावादविरमणं, कर्मणि प्रथमा, अर्जितं सर्वविरतिपालनेनोपार्जितं मुनिनेति शेषः । यतीनां मुनीनां तत् ध्यानादिकं सर्वं समग्रं कर्तितापन्नं बली बलवान् कामो मैथुनेच्छारूपो मनोविकारः छलं किंचिन्मिषं प्राप्य लब्ध्वा क्षणेन क्षणमात्रेण प्रदहति प्रकर्षेण भस्मसात्करोति नाशयतीति यावत् । अहो इत्याश्चर्ये । जन्मपर्यन्तमुपार्जितं ध्यानादिकं क्षणमात्रेण नाशयतीत्याश्चर्यमेतत् । यतीनामपि ध्यानादिकं दहति तर्हि संसारिणां का कथेति तात्पर्यार्थः । अतः सर्वथाऽऽत्मशक्त्या स्त्रीसंसर्गस्त्याज्य इत्युपदेशरहस्यमिति श्लोकार्थः ॥ १४ ॥

અર્થ—આખી ઉમર પર્યંત મુનિપણામાં ધ્યાન, તપ, જ્ઞાન અને સત્ય વિગેરે ગુણો જેટલા સંપાદન કર્યા હોય છે તેટલા બધા એક ક્ષણવારમાં બળવાન એવો કામદેવ છળ પામે છે તે વખત બાળી દેય છે અર્થાત્ વિનાશ કરે છે. માટે હે પ્રાણી! કામદેવથી નિરંતર ડરતા રહેવું, તેને છળ પામવા દેવું નહીં. જ્યારે મુનિના એવા ગુણને પણ તે ક્ષય કરે તો પછી ગૃહસ્થના ગુણનો ક્ષય કરે તેમાં તો શું નવાઈ? ૧૪.

ભાવાર્થ—કામદેવ એટલો બળવાન છે કે તે પ્રાણીને એક પળમાં પાયમાલ કરી નાખે છે. એનાથી નિરંતર ડરતા રહેવાની જરૂર છે. તેના સાધનો જે પાંચ ઇંદ્રિયોના વિષયો તેને સેવતાં બહુજ વિચાર કરવાનો છે. જેને કામદેવને વશ થવાની ઇચ્છા ન હોય તેણે પૌષ્ટિક

અગાઉ કામોત્પાદક આહાર [illegible] ન કરવો, સ્ત્રી પરિચય કદિ મ
પણ ન કરવો. 'આટલી વાત માત્ર કરવાથી શું ?' એમ કદિ મા
નહીં અને શૃંગારરસવાળી નાટકો-ચોપડીઓ વાંચવી નહીં. શાસ્ત્રે
કહેલી શિયળની નવ વાડ જાળવવી. જે પ્રાણી તે વાડ જાળવતા ન
તેના શિયળરૂપી ક્ષેત્રનો કામદેવ અવશ્ય વિનાશ કરે છે. પોતાના
ખેતરની વાડ બરાબર નહીં જાળવનાર ખેડુતનો મોલ પશુના ભોગ
આવે છે એ પ્રત્યક્ષ સિદ્ધ છે. આ ક્રૂર કામદેવ એકવાર આત્મગૃહમં
પેઠો તો પછી તે મોટા મોટા મુનિરાજના મનને પણ ડામાડોળ કરી
નાખે છે અને તે તેના જ્ઞાન ધ્યાનને ભુલાવી દે છે, તપને નિરર્થક
કરી નાખે છે અને સત્યગુણનો પણ નાશ કરે છે. અર્થાત્ કામીપુ
રૂપ કદી પણ સત્યવાદી રહી શકતો નથી. આવા અપ્રતિમ ગુણોનો
વિનાશ કરનાર કામદેવ અલ્પ પણ વિશ્વાસ કરવા લાયક નથી. એણે
અનેક મહાત્માઓને ચુકાવ્યા છે. અન્ય મતિના શાસ્ત્રોમાં તપાસ
કરતાં હરિહર ને બ્રહ્મા કે જે દેવ તરીકે ઓળખાય છે તેમને તેમજ
મોટા મોટા તપસ્વીઓ-ઋષિઓ કે જે મહાન્ ધર્મગુરૂ તરીકે ઓળ
ખાય છે તેમને પણ કામદેવે પાયમાલ કરી નાખ્યા છે. જૈનશાસ્ત્રમાં
પણ અષાઢાભૂતિને, નંદીષેણને, આર્દ્રકુમારને, સિંહગુફાવાસી મુનિને
રથનેમિને ઇત્યાદિ અનેક મુનિઓને ચુકાવ્યા છે. અનેક મુનિઓને
નિયાણા કરાવી તપ ને ચારિત્રના ફળથી વંચિત કરી દીધા છે. માટે
એ દુરંત કામદેવનો અંત કરવાના ઇચ્છકે પાંચે ઇંદ્રિયોના વિષયોને
સર્વથા પોતાને આધીન રાખવા, પોતે તેને આધિન ન થવું અને
સ્ત્રીજાતિનો પરિચય બીલકુલ ન કરવો. શિયળેચ્છુ સ્ત્રીએ પુરૂષજાતિનો
પરિચય ન કરવો. આ પોતાના પ્રાપ્ત ગુણોને ટકાવી રાખવાનો અને
નવા ગુણો મેળવવાનો સત્ય ઉપાય છે, અન્ય ઉપાય નથી. ૧૪.

कामोऽपि मोहाद्विना न घटतेऽतो मोहस्य बलवत्तामनर्थकारित्वं च प्रदर्श्य तन्नाशे उपायमाह—

बलादसौ मोहरिपुर्जनानां,
ज्ञानं विवेकं च निराकरोति ।
मोहाभिभूतं च जगद्विनष्टं,
तत्त्वावबोधादपयाति मोहः ॥ १५ ॥

व्याख्या—असौ मनसि प्रत्यक्षो मोहरिपुः मोहः स्वदेहे स्त्रीधनपुत्रादिषु च ममतारूपो मनःपरिणामः स एवात्मगुणनाशकत्वात् रिपुरिव रिपुः शत्रुः बलात् प्रसह्य जनानां मनुष्याणां उपलक्षणमेतत्सर्वजीवानां ज्ञानं शास्त्रावबोधं विवेकं च हेयोपादेयविवेचनं जीवाजीवादितत्त्वविवेचनं वा निराकरोति नाशयति । तथा जगत् इदं विश्वं विश्ववर्तिप्राणिसमूह इति यावत् मोहाभिभूतं मोहेन पराभूतं सत् विनष्टं विनाशं प्राप्तं, मोहाभिभूताः प्राणिनो ज्ञानविवेकादिभावप्राणनाशेन विनष्टा एवेत्यर्थः । तर्हि कथं तस्य मोहरिपोर्नाशः स्यादित्याकांक्षायामाह—तत्त्वावबोधादात्मज्ञानात् मोह उक्तस्वरूपोऽपयाति नश्यति । आत्मज्ञानात् स्त्रीधनादिवस्तुषु क्षणविनश्वरेषु ज्ञातेषु तद्विषयकममतारूपो मोहो नश्यतीति भावः ॥ १५ ॥

અર્થ—આ જગતમાં મોહ સર્વ પ્રાણીઓનો બળવાન્ શત્રુ છે. તે પ્રાણીઓના જ્ઞાનગુણ અને વિવેકગુણ બંનેનો વિનાશ કરે છે. અર્થાત્ સંસારના મોહમાં ખુંચેલા પ્રાણીઓનાં જ્ઞાન અને વિવેક બંને

છેદા જતા રહે છે. મોહથી પરાભવ પામેલું આ જગત બધું વિ
નાશ પામેલું છે. ને મોહ તત્ત્વનો બોધ થવાથી અર્થાત્ તત્ત્વજ્ઞા
નો ખરેખરો ભાન અંતઃકરણમાં થવાથી નાશ પામે છે. તત્ત્વબોધ
પાસે મોહનું જોર ચાલતું નથી. તે તો અનેક ઉપાયોવડે મોહને
વિનાશજ કરે છે. ૧૫.

ભાવાર્થ—મોહ વિવેકનો ખરેખરો કટ્ટો શત્રુ છે એ હકીકત
આપણે ઉપર પણ કહી આવ્યા છીએ. વિવેકની ઉત્પત્તિ જ્ઞાનથી થાય છે
તેથી જ્ઞાન પણ મોહના શત્રુ તરીકે ગણાય એમાં કંઇ નવાઇ નથી.
જ્ઞાન અને વિવેકવડે પ્રાણી તત્ત્વને બરાબર સમજીને પછી તત્ત્વ
જ્ઞાનની પ્રાપ્તિના વિરોધી મોહને નિર્મૂળ કરવા મથે છે. એમ મોહ
પણ પોતાને જ્યારે અવસર મળે છે ત્યારે–આત્મા જ્યારે તેના વશવર્તી
થાય છે ત્યારે જ્ઞાન ને વિવેક બનેને નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરે છે.
આ યુદ્ધ અનાદિ કાળથી આપણાં આત્મગૃહમાં ચાલ્યુંજ આવે છે
અને તેમાં આપણો આત્મા જેની તરફદારી કરે છે તેનો જય થાય
છે. આપણો આત્મા એટલો બધો અદૃઢ સ્વભાવી થઇ ગયેલો છે કે
તે ઘડીકમાં મોહને વહાલો મિત્ર સમજે છે અને ઘડીકમાં તેને કટ્ટો
શત્રુ સમજે છે. મોહના સાધનભૂત સ્ત્રી, પુત્ર, પરિવાર, દ્રવ્ય, મકાન
વિગેરે ઉપર જે પ્રીતિ વધતી જાય છે તેથી મોહ પ્રબળ થતો જાય
છે અને પોતાના મૂળ ઉંડા ઉંડા નાખતો જાય છે. આખું જગ
તેણે પોતાને વશ કર્યું છે અને આત્માના ગુણોને વિનષ્ટ કરી દીધા છે
તેવા પ્રબળ મોહને દૂર કરવા માટે બળવાન્ કારણ ખરેખરો તત્ત્વ
બોધ કરવો તેજ છે. ખરેખરો તત્ત્વબોધ થવાથી મોહના પ્રત્યેક ચે
ષ્ટિત સમજવામાં આવે છે. એટલે પછી આ પ્રાણી કદિ પણ તેનાથી છેત
રાતો નથી, કોઇપણ પ્રકારે તેને કબજે કરવાનોજ પ્રયત્ન કરે છે

ને તેમાં પરિણામે તે ફતેહમંદ થાય છે. જગતના પ્રાણીઓ આ
માણે જાણે છે છતાં પણ મોહને વશ થાય છે તે આશ્ચર્યકારી
કીકત છે. એણે અનાદિ કાળથી પોતાની જમાવટ કરી દીધેલી છે-
। માલેકજ થઇ પડ્યો છે તેથી તેને આત્મગૃહમાંથી કાઢવો મુશ્કેલ
ે એ ખરી વાત છે. પણ જ્યારે આપણે તેને ખરેખરો અહિતકર
સમજીએ ત્યારે પછી એક પળ પણ રહેવા કેમ દઇએ? માત્ર તેવી
ઢ સમજણ-તત્ત્વબોધવડે થવાનીજ જરૂર છે. ૧૫.

संसारे प्राणिनां सुखार्थां प्रवृत्तिर्निष्फलैवेत्याह—

सर्वत्र सर्वस्य सदा प्रवृत्ति-
र्दुःखस्य नाशाय सुखस्य हेतोः ।
तथापि दुःखं न विनाशमेति,
सुखं न कस्यापि भजेत् स्थिरत्वम् ॥१६॥

व्याख्या—सर्वस्य सर्वजन्तुसमूहस्य सदा सर्वदा सर्वस्मि-
न्नपि काले इति यावत्, सर्वत्र सर्वेषु कार्येषु स्थानेषु वा दुःखस्य
इष्टवस्तुवियोगानिष्टवस्तुप्राप्तिरूपकष्टस्य नाशाय त्यागाय तथा सुख-
स्य हेतोः धनपुत्रकलत्रादीष्टवस्तुप्राप्तये प्रवृत्तिर्व्यापारो भवति। सर्व-
जीवानां प्रवृत्तिर्दुःखोच्छेदाय सुखलाभाय च भवति, न कस्यापि
दुःखमिष्टं सुखं चानिष्टमित्यर्थः। तथापि कस्यापि जीवस्य दुःखं
कष्टं विनाशं नैति न प्राप्नोति। तथा कस्यापि सुखं स्थिरत्वं स्था-
यिभावं निश्चलत्वमिति यावत् न भजेत् नाश्रयेत्। दुःखनाशे सुख-

प्राप्तौ च प्राणिनां पूर्वसुकृतमेव हेतुः, न प्रवृत्तिरिति प्रवृत्तेरका त्वमिति तात्पर्यार्थः ॥ १६ ॥

અર્થ—સર્વ પ્રાણીઓ સર્વ સ્થાનકે દુઃખનો નાશ કરવા અ સુખને સ્થિર કરવા અથવા મેળવવા માટેજ પ્રયત્ન કર્યા કરે છે પર સર્વદા કોઇના દુઃખનો નાશ થતો નથી અને સુખ કોઇપણ જગ્યાએ સ્થિર થતું નથી. માટે એવો પ્રયત્ન કરવો તે કરતાં નવાં કર્મ ન બંધાય એવો પ્રયત્ન કરવો તેજ દુઃખને વિનાશ કરનાર છે. બાકી પૂર્વકૃત કર્મના ઉદયથી થયેલ સુખ દુઃખ તો ભોગવ્યા સિવાય છુટકોજ નથી. ૧૬.

ભાવાર્થ—સુખાભિલાષી પ્રાણીઓ અવિચ્છિન્ન સુખને ઇચ્છે છે પરંતુ તેનો પ્રયત્ન તેવા સુખની પ્રાપ્તિ થાય તેવા પ્રકારનો હોતો નથી. માત્ર ઇચ્છા કરવાથી કોઇપણ વસ્તુની પ્રાપ્તિ થતી નથી. તથાપિ પ્રયત્નની આવશ્યકતા છે. સારાં અને મીઠાં ફળ ખાવાની ઇચ્છા કરનારે તેવાં વૃક્ષો વાવવાં જોઇએ ને તેને ઉછેરવા જોઇએ, તેનું રક્ષણ કરવું જોઇએ તો તેનાં મીઠાં ફળ ચાખી શકાય, પણ ઝાડ તો બાવળ ને બોરડીનાં વાવે અને ફળ આંબાના ચાખવા ઇચ્છા કરે તો કોઇ કાળે મળી શકે નહીં. તેવી મિથ્યા ઇચ્છા પૂરી થાયજ નહીં. તેમ ઇચ્છા [illegible] ફળ ખાવા [illegible] થાય છે ? તેના [illegible] કરવાં જોઇએ. [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અનેક કારણો આ ભવમાં પુન્ય ઉપાર્જન કરવા અને પરભવમાં અધિ-
કેતર સુખ આપે તેવાં છે અને તેનાથી વિપરીત કારણો આ ભવમાં
પાપ ઉપાર્જન કરવા અને પરભવમાં દુઃખ આપે તેવાં છે. તેથી જો
ખરી સુખની અભિલાષા હોય તો સુખના કારણો સેવવાં જોઈએ.
જૈન ધર્મ તેમ કર્મ ક્ષય માટે ધ્યાન તથા ભક્તિમાર્ગમાં વર્તવું જો-
ઈએ. તેમ કરવાથી સુખનો અનુબંધ થશે. કદિ પૂર્વ જન્મકૃત
પાપના ઉદયથી દુઃખ ભોગવવું પડશે તો તેપણ અલ્પ રસ આપશે
અને અલ્પ કાળમાં સમાપ્તિ પામી જશે. ફરી ફરીને દુઃખ પામવાનો
પ્રસંગ નહીં આવે. આ હકીકત અક્ષરશઃ હૃદયમાં ઉતારી સાચા
સુખના સાચા સાધનો સેવવા તત્પર રહેવું એ સહૃદય મનુષ્યોનું
કર્તવ્ય છે. તે સિવાય માત્ર સુખની વાંછનામાત્ર કરવી તે તો ફોગટ
છે. તેથી સાચા સુખની—અવિચ્છિન્ન સુખની પ્રાપ્તિ થઇ શકતી નથી. ૧૬.

विषयादिसुखसंपत्तौ स्वल्पमिति न तत्राश्चर्यमित्याह—

यत् कृत्रिमं वैषयिकादिसौख्यं,
भ्रमन् भवे को न लभेत मर्त्यः ।
सर्वेषु तच्चाधममध्यमेषु,
यद् दृश्यते तत्र किमद्भुतं च ॥ १७ ॥

व्याख्या—क्रियया निर्वृत्तं कृत्रिमं स्रक्चन्दनाङ्गनादिकं यत् वैषयिकादिसौख्यं पञ्चेन्द्रियसम्बन्धिशब्दादिरूपं यत् सुखं । यत्तदो-र्नित्यसम्बन्धात् तत्सुखं कर्मतापन्नं भवे चतुर्गत्यात्मके संसारे भ्रमन् पर्यटन् कः किंनामको मर्त्यो मनुष्यो न लभेत न प्राप्नुयात् ?

अपि तु सर्वः कोऽपि प्राणी अनन्तकालात् चक्रभ्रमणन्यायेन नरामरादिभवजनितविषयसौख्यं प्राप्तवानेवेत्यर्थः । तत् पूर्वोक्त अधममध्यमेषु अधमाश्च नीचकुलोद्भवा मध्यमाश्च साधारण भवास्तेषु । चोऽप्यर्थः, तेनायमर्थः—अधममध्यमेषु सर्वेष्वपि किमुत राजाद्युत्तमकुलोद्भवेष्वित्यपिशब्दार्थः । इति यत् तत्र सुखदर्शने किमद्भुतं किमाश्चर्यं ? शब्दाद्यनित्यसुखप्राप्तौ नास्त्य किं तु धर्मावाप्तावेवाश्चर्यमिति तात्पर्यम् ॥ १७ ॥

અર્થ-કેટલાએક પ્રાણીઓ સુખને પામીને મદોન્મત થઇ છે અને બીજા કેટલાએક કોઇ પાપી પ્રાણીને પ્રાપ્ત થયેલ સુખ આશ્ચર્ય પામે છે તે બંનેને માટે કહે છે કે-હે પ્રાણી ! જે વિષયાદિ સુખ છે તેને આ સંસારમાં પરિભ્રમણ કરતાં સર્વ પ્ર કોઈ કોઈ ભવમાં પણ પામે છેજ અર્થાત્ કોઇ આ ભવમાં તો અનેરા ભવમાં ઇંદ્રીયજન્ય વિષય સુખને પામેજ છે. વળી જે અધમ જનોમાં તેમજ મધ્યમ જનોમાં પણ દ્રષ્ટિએ પડે છે તો તે આશ્ચર્ય શું છે ? આશ્ચર્ય તો ધર્મની પ્રાપ્તિ થવી તેમાં છે. ૧૭

ભાવાર્થ-સાચું સુખ અને સાચા સુખના ઉત્પાદક કારણો સ જવાં જોઇએ. એ હકીકત આપણે ઉપરના શ્લોકમાં જોઈ આવ્ય આ પ્રાણી સાંસારિક ઇંદ્રિયજન્ય સુખને સાચાં માની તેમાં આસક્ત થઈ જાય છે, દ્રવ્યાદિકની વિશેષ પ્રાપ્તિ થાય છે તો મદોન્મત્ત પણ થઈ જાય છે અને કેટલાક પાપી મનુષ્યોને આ ભવમાં સુખી જોઈને સાંસારિક સુખોની તેને પ્રાપ્તિ થયેલી જોઇને પુન્ય પાપના ફળો માટે શંકાશીલ બની જાય છે, તેને હિતશિક્ષા આપવા માટે

[illegible] કર્યો છે કે દૈહિક દુઃખ ને કૃત્રિમ દુઃખ છે. આવું
[illegible] વિદ્વેષી કોઈ
[illegible] છે પણ પ્રથમ
[illegible] દૈહિક [illegible] તે [illegible]
[illegible] દૈહિક દુઃખ [illegible]
[illegible] હોતા નથી.
[illegible]
[illegible] વિચારમાં [illegible]
[illegible] દૈહિક દુઃખ [illegible] કરેલી
[illegible] દેખાય છે પણ અસર
[illegible] હોય છે તેવી રીતે [illegible]
[illegible] હોય છે કે શરીર
[illegible] દેખાતા
[illegible] છે. તે આવા માનતાં
[illegible] ઇત્યાદિ. [illegible]
[illegible] હોય છે [illegible] અત્યંત
[illegible] ઇત્યાદિ [illegible]
[illegible] દેખાય છે તે તો પૂર્વ
[illegible] પુન્ય ભોગવું હોય
[illegible] છે. વળી તે આધારે ઘોર
[illegible] છે. [illegible]
[illegible] વિચારી શું તેવા દુઃખને શાયાં
[illegible] તેવી વિચારમાં
[illegible] અધિકારી થઈ અને તેવી
[illegible] દુઃખને અધિકારી [illegible]
[illegible] વિચારો કે [illegible] જગતમાં સહજ નહિ

ઓળખાય છે તેનું સેવન કરજો. ૧૭.

विषयसुखार्थिनां मिथ्यामान्यतां प्रदर्श्य यतीनां तद्विमुखतां दर्शयति—

क्षुधातृषाकामविकाररोष-
हेतुं च तद्भेषजवद्वदन्ति ।
तदस्वतंत्रं क्षणिकं प्रयासकृत्,
यतीश्वरा दूरतरं त्यजन्ति ॥ १८ ॥

व्याख्या—क्षुधा बुभुक्षा, तृषा पिपासा, कामो मदनस्य विकारो मैथुनेच्छारूपश्चित्तविकारः, रोषः क्रोधः, एषां द्वन्द्व तेषां हेतुः कारणं तं। तद्भेषजवत् तेषां क्षुधादीनां भेषजवदौषध ल्यं वदन्ति कथयन्ति केचिद्विषयलोलुपाः प्राणिन इति शेषः अयं भावः—ते हि मन्यन्ते इच्छानुसारेणाभक्ष्यस्यापि भोजनेन पेयस्यापि पानेन स्वपरस्त्रीविलासेन यस्य कस्याप्युपरि क्रोधकरणे च क्षुधादिव्याधयो नश्यन्तीति परंतु तद्भेषजं अस्वतंत्रं पराधी वांछितभोजनपानादयोऽनात्मगुणत्वात्कर्माधीनत्वाच्च पराधीना त्यर्थः। किंच पुण्यवशात्स्वाधीनेऽपि भोजनादौ भेषजे तद्भेषजं क्षणि पामाकंडूयनवत् क्षणमात्रसुखदायि पुनः पुनः क्षुधादिवाञ्छासंभवात् । णिकेऽपि पौनःपुन्येन भोजनादिसेवने का हानिरित्याकांक्षायामाह—प्र सकृत् अतिप्रयत्नसाध्यं इच्छानुरूपभोजनादिप्राप्तिः महाकष्टसाध्ये प्रसिद्धमेवेति क्षणिकसुखाय महाप्रयत्नोऽनुचित एवेत्यर्थः । कृते

प्रयासे कर्मनैपरीत्यादनर्थप्राप्तिरपि भवतीति ज्ञेयं । अत एव यतीश्वरा निरगमुखलिप्सवो मुनयस्तद्भेपजं भोजनादिरूपं दूरतरमतिशयेन दूरं त्यजन्ति भोजनादिकरणेन क्षुधादिपीडां निवारयाम इति विचारमात्रमपि न कुर्वन्ति, किंतु तपसा क्षुधातृपे, ब्रह्मचर्येण कामविकारं, क्षमया च रोषमित्येवं भोजनादित्यागरूपौपधेनैव तत्पीडां परिहरन्ति परिहर्त्तुमिच्छन्तीति भावः ॥ १८ ॥

અર્થ—વળી આ સંસારના સુખમાં મોહ પામેલા પ્રાણીઓ ક્ષુધાના, તૃષાના, કામવિકારના અને ક્રોધના જે કારણો છે તેનેજ ઔષધરૂપ ગણે છે. એટલે અનેક પ્રકારની ભક્ષ્યાભક્ષ્ય વસ્તુઓ ખાવાથી ક્ષુધાનું શમન ગણે છે, તેજ ભોજન માત્ર સહજવાર ક્ષુધાનું શમન કરીને ઉલટી તે તે વસ્તુની તૃષ્ણાને વધારે છે. તેમજ પેય અપેય પદાર્થ પીવાથી તૃષાની શાંતિ ગણે છે, તેજ પરિણામે તૃષાને ઉદીરે છે. વિષયભોગ ભોગવવાથી કામવિકારની શાંતિ થશે એમ માને છે, તેજ કામભોગ ભોગવવાથી વિષયેચ્છાની વૃદ્ધિ કરે છે. અને કોઇની ઉપર ક્રોધ કે રોષ કરવાથી ક્રોધનું શમન થતું નથી, પણ ઉલટો ક્રોધ વૃદ્ધિ પામે છે. યતીશ્વરો તે ક્ષુધા, તૃષા, કામવિકાર અને રોષને અસ્વતંત્ર, ક્ષણિક અને પ્રયાસ સાધ્ય છે એમ જાણીને દૂરથીજ છોડી દે છે. અર્થાત્ તપસ્યાવડે ક્ષુધા તૃષાને શમાવે છે, બ્રહ્મચર્યવડે કામવિકારને શમાવે છે અને ક્ષમાવડે રોષને શમાવે છે. ૧૮.

ભાવાર્થ—આ પ્રાણીને ક્ષુધા તૃષા ને કામવિકાર સાથે હરરોજનો પ્રસંગ પડેલો હોય છે તેથી તેને શમાવવાની તે ઇચ્છા કરે એ સ્વાભાવિક છે. પરંતુ તે શમાવવાના ખરા કારણોને નહીં જાણવાથી ઉલટાં તેના ઉદીરક કારણોને તે સેવે છે અને તેનાવડે તેની નિવૃત્તિ

ઇચ્છે છે. આ શાસ્ત્રકાર તે બાબતમાં તેને સમજુતી આપે છે કે-
ભવ્ય પ્રાણી ! ક્ષુધા, તૃષા, કામવિકાર ને રોષના જે ઉત્પાદક હેતુ
તેને તું ઉપશામક માને છે તેમાં તારી ભૂલ થાય છે. ક્ષુધાનું શ
મન ભક્ષ્યાભક્ષ્ય જે મળ્યું તે ખાવાથી થતું નથી પણ તેનું શમન
કરવાના ઇચ્છકે તપસ્યા કરવી, પરિમિત પદાર્થો ખાવા, ખોરાકમાં
નિયમિત થઇ જવું અને દિનપરદિન તેમાં ઘટાડો કરવો, તેથી ક્ષુધા
શમે છે, મર્યાદામાં આવી જાય છે. તૃષા સમાવવાના ઇચ્છકે પેયા-
પેય પદાર્થોનું પાન ન કરવું પરંતુ પરિમિત શુદ્ધોદક માત્રજ
અને પરિમિત વખતેજ પીવું ઇત્યાદિ પ્રકારે નિયમન કરવાથી
કબજામાં આવી જાય છે. કામવિકારનું શમન ઇચ્છનારે તેના ઉત્
દક કારણો ન સેવવાં, ઓછાં સેવવાં, સ્રીસંસર્ગ ઘટાડવો, ઇંદ્રિ
તેજ થાય તેવા પદાર્થો ન ખાવા, તેવી વાતો ન સાંભળવી, તે
બુકો ન વાંચવી, વૃત્તિ શાંત રાખવી, એમ કરવાથી કામવિકાર શમશે
રોષ-ક્રોધ-દ્વેષ શમાવવાના ઇચ્છકે ક્ષમાને પ્રધાનપણું આપવું
દરેક વખતે ક્ષમા રાખવાનો, ક્ષમા કરવાનો અભ્યાસ પાડવો. રોષ
કરવાની જરૂર જણાય ત્યારે પણ કાળક્ષેપ કરવો, ઉતાવળા ન થવું,
ભરાઇ ન પડવું, એમ કરતાં કરતાં રોષ શમી જાય છે અને ક્ષમા
કરવાની ટેવ પડી જાય છે. આ પ્રમાણેના ક્ષુધા, તૃષા, કામવિકાર ને
રોષ સમાવવાના ઉપાયોને લક્ષમાં લઇને તપ, બ્રહ્મચર્ય, ક્ષમાદિકને
સ્વીકારવાનો અહર્નિશ પ્રયત્ન કરવો. ૧૮.

यतीनां कथं भोजनादिषु वाञ्छा न भवतीत्याह–

गृहीतलिङ्गस्य च चेद्धनाशा,

गृहीतलिङ्गो विषयाभिलाषी ।

गृहीतलिङ्गो रसलोलुपश्चेत् ।

निर्ग्रन्थत्वं नास्ति ततोऽधिकं ही ॥ १९ ॥

व्याख्या — गृहीतलिङ्गस्य [illegible] लिङ्गं मुनिवेषो [illegible] स्यात् । यथा [illegible] स्यात् । यथा [illegible] स्यात् नहि [illegible] निर्ग्रन्थत्वं [illegible] नास्ति न [illegible] । [illegible] निर्ग्रन्थत्व [illegible] पुनश्च [illegible] निर्ग्रन्थत्वं [illegible] ॥ १९ ॥

અર્થ—મુનિવેષ ધારણ કરે છતાં પણ જે રસલંપટની [illegible] પણ [illegible] છતાં પણ [illegible] ૧૯.

ભાવાર્થ—મુનિવેષ ધારણ કરી અગાઉ શુદ્ધ વૈરાગ્ય [illegible] છે તે પ્રાપ્ત થશે [illegible]. [illegible] સ્વરૂપ [illegible] છે. સર્વ પદાર્થ

અનિત્ય જાણે છે. [illegible]
ઇંદ્રિયોના વિષયો તેજ [illegible]
સમજાય છે. પાંચ ઇંદ્રિયોમાં રસેન્દ્રિય [illegible] છે અને
[illegible] પાણી [illegible] નહીં [illegible]
[illegible] અનુક્રમથી [illegible] છે [illegible]
ચારિત્ર લઇ મુનિવેષ [illegible] પછી [illegible]
લિંગના પ્રાપ્ત થતી નથી. છતાં જો ચારિત્ર લેવાના કારણભૂત
વૈરાગ્ય મોહગર્ભિત કે દુઃખગર્ભિત [illegible] કોઇ પ્રબળ પૂર્વકર્મનો
ઉદય થઇ જાય તો આ કાવ્યમાં કહેલી વિડંબના છતાંને મુનિપણામાં
પણ પ્રાપ્ત થાય છે. તેને માટે કર્તા કહે છે કે—જો મુનિવેષ ધારણ
કર્યા છતાં પણ દ્રવ્યસંચય કરવાની ઇચ્છા થાય, વિષયની અભિલાષા
થાય અને રસેન્દ્રિયની લોલુપતા થાય તો તે પ્રાણી ભવ તરી જવાને
બદલે આ અમૂલ્ય મનુષ્યભવ હારી જાય છે અને વિશેષ કર્મબંધ
કરી દુર્ગતિમાં ચાલ્યો જાય છે. આ હકીકત બહુ ધ્યાન આપવા
લાયક છે. એક વાતનો સ્વીકાર કર્યા અગાઉ બહુ વિચાર કરવો,
પણ સ્વીકાર કર્યા પછી તો પ્રાણાંતે પણ તેનો ત્યાગ કરવો ન
અથવા તેમાં દોષ લગાડવા નહીં. આ ઉત્તમ જનોની પદ્ધતિ છે. અ
તેથીજ તેઓ કોઇપણ કાર્યનો સ્વીકાર કર્યા અગાઉ દીર્ઘ વિચાર કરે છે
અન્ય મનુષ્યોએ પણ તેજ પદ્ધતિ સ્વીકાર કરવા યોગ્ય છે. ૧૯.

पाखंडिनां तु लोकरञ्जनमेव फलं भवतीत्याह—

ये लुब्धचित्ता विषयार्थभोगे,
बहिर्विरागा हृदि बद्धरागाः ।

ते दांभिका वेषधराश्च धूर्ता,

मनांसि लोकस्य तु रञ्जयन्ति ॥ २० ॥

व्याख्या—ये पुरुषा विषयार्थभोगे विषयाश्च शब्दादय इ-
त्यार्थो अर्थश्च धनं तेषां पुनः पुनः सेवने लुब्धचित्ता लुब्धं लो-
ं चित्तं मनो येषां तथाभूताः सन्ति । तथा बहिर्बाह्याकारेण
रागा रागद्वेषादिरहिताः परंतु हृदि चित्ते बद्धरागा बद्धः स्वीकृतो
गो मोहपरिणामो यैस्ते तथाभूताः सन्ति । दांभिकाः कपटैकृत-
रा वेषधराश्च द्रव्यमात्रतो मुनिवेषधारकास्ते पुरुषा धूर्ता जनव-
का ज्ञेया न तु मुमुक्षवः । किं पुनस्तेषां दंभादिकरणे फलमित्याह-
पुनः ते धूर्ता लोकस्य जनसमूहस्य मनांसि चित्तानि रञ्जयन्ति
गयुक्तानि कुर्वन्ति, "आडंबरैः पूज्यते लोक" इतिन्यायेन ते द्रव्यतो
मात्रधारका बाह्यवैराग्यादिनैव लोकरञ्जका भवन्ति, न तु त-
तो लोकरञ्जनेन स्वपरहितं कर्तुं शक्नुवन्ति, किं तु प्रत्युत पर-
ञ्चनादि महापातकेन दुर्गतिभाजो भवन्तीत्यर्थः ॥ २० ॥

અર્થ—જે પ્રાણીઓ વિષયભોગને વિષે લુબ્ધ ચિત્તવાળા હોય,
હારથી વૈરાગીપણું બતાવતા હોય પણ અંદરથી રાગવડે બદ્ધ
ય, તેવા દાંભિકોને માત્ર વેષધારી ધૂર્ત્ત સમજવા. તેઓ માત્ર લોકોના
નનું રંજન કરે છે, બાકી આત્મરંજન-સ્વાત્મહિત બીલકુલ
રી શકતા નથી અને પ્રાંતે દુર્ગતિના ભાજન થાય છે. ૨૦.

ભાવાર્થ—જે મનુષ્યો ઉપરથી માત્ર મુનિનો વેષ ધારણ કરતા
ય પણ અંદર વૈરાગ્યવાસિતપણું ધરાવતા ન હોય તેવા દાંભિકોને

માટે આ કાવ્યમાં કર્ત્તા ઉપદેશ આપે છે. એવા વિષયાસક્ત ચિ
વાળા, ઉપરથી કેટલીક વખત ઉલટા વધારે વૈરાગ્યનો-ત્યાગવૃત્તિ
દેખાવ કરે છે, પરંતુ તેમનું અંતઃકરણ કોરૂં હોય છે.-વૈરાગ્ય
આર્દ્ર હોતું નથી. તેવા દાંભિકો એક પ્રકારના ધૂર્ત્ત જ છે. કારણ
તેમના બાહ્યાચરણથી લોકો બિચારા ઠગાય છે, તેમની ભક્તિ કરે
છે અને તેમનો વિશ્વાસ કરે છે. તેનું પરિણામ માઠું આવે છે.
આવા દાંભિકો પરનું રંજન કરી શકે છે. જો કે તે પણ અલ્પકાલીન
હોય છે. લાંબે વખતે તો તેનો ઘટસ્ફોટ થયા વિના રહેતો નથી,
પરંતુ વધારે વિચક્ષણ હોય છે તો લાંબા વખત સુધી પોતાના
દુરાચરણને છુપાવી શકે છે અને લોકરંજન કરે છે; પરંતુ તેમાં
તેનું આત્મરંજન યત્કિંચિત્ પણ થતું નથી. તેના આત્માનું તો
અત્યંત અહિત થાય છે. જેમ કોઇ પ્રકારનું શરીરમાં શલ્ય હોય
અને તે ઉપરથી રૂઝાઇ ગયેલ હોય તો ઉપરથી શલ્ય ન દેખા
પણ અંદર ઉલટો વધારે બગાડ કરે. તે કરતાં તો જો ઉપરથી વ્રણ દેખાતુ
હોત તો અંદર બગાડ ઓછો થાત. તેની જેમ દાંભિકોનું અંતઃકરણ
ક્લિષ્ટ હોવાથી ઉપરનું આચ્છાદન કરે છે, પરંતુ તે તેના આત્માને અત્યંત
હાનિ કરે છે. તેનું આત્મરંજન અલ્પ પણ થતું નથી. અને આ ભવમાં
કરેલા દાંભિકપણાથી તેઓ દુર્ગતિના ભાજન થાય છે. આ હકીકત
સ્પષ્ટ સમજી શકાય તેવી છે. તેથી વિશેષ વિવેચનની અપેક્ષા નથી. ૨૨.

ननु दांभिकानां बाह्यवैराग्यादिदर्शनेनापि जनाः कथं मोहं
माप्नुवन्तीत्याह—

मुग्धश्च लोकोऽपि हि यत्र मार्गे,
निवेशितस्तत्र रतिं करोति ।

धूर्तस्य वाक्यैः परिमोहितानां,
केषां न चित्तं भ्रमतीह लोके ॥ २१ ॥

व्याख्या—न पुनः । मुग्धस्तत्त्वज्ञानाविकलो लोकोऽपि सा-
न्यजनसमूहोऽपि । हि निश्चयेन । यत्र सदसद्रूपे मार्गे धर्मपथि
शितो धूर्तैः स्थापितो भवति तत्र मार्गे रतिं करोति हेयोपादेय-
विवेकरहितस्य शास्त्रानभिज्ञस्य प्राकृतजनस्य चित्तं स्वभावेनैव ऋजु भ-
त्वतो यत्र यत्र धर्माचरणे उपदेशः क्रियते तत्र तत्र स लोकः
वर्तते इत्यर्थः । तदेवाह-धूर्तस्य वञ्चकस्य वाक्यैः सामान्ययुक्ति-
सद्वचनैः परिमोहितानां परि समन्तात् साकल्येनेति यावत् मोहितानां
अस्य महात्मनो वचनं सत्यमिति मोहं प्राप्तानां केषां पुरुषाणां
चित्तं मन इह लोकेऽत्र जगति न भ्रमति न चलितं भवति ।
सर्वेषामपि चित्तं भ्रमतीत्यर्थः । परवञ्चनैकनिष्ठानां धूर्तानामन-
न्यकार्यत्वेन मोहोत्पादकवचनैः पररञ्जनमेव कर्तव्यत्वेन विद्यते इति
श्लोकद्वयतात्पर्यम् ॥ २१ ॥

અર્થ—લોકો પ્રાયે મુગ્ધ હોય છે તેથી તેને જે માર્ગે ચલા-
વીએ તે માર્ગે ચાલે છે-રતિ કરે છે. આ સંસારમાં ધૂર્ત લોકોના
વાક્યથી મોહ પામીને કોનું ચિત્ત ભ્રમિત થતું નથી ? અર્થાત્
સૌનું થાય છે. ૨૧.

ભાવાર્થ—લોકસમુદાયનો મ્હોટો ભાગ ધાર્મિક વિષયમાં તો [illegible] જ્હારી
પ્રાયે મુગ્ધજ હોય છે. વ્યવહારમાં વિચક્ષણ [illegible] જોવા મનાયે
વિષયમાં અતિ પ્રૌઢ ગ [illegible]

એટલા બધા મુગ્ધ દેખાય છે કે તેની તેવા પ્રકારના ધર્મપ
થતી જોઇને સુજ્ઞ જનોને આશ્ચર્ય થાય છે. આટલા માટેજ ક
કાવ્યમાં એવા ધર્મ સંચાલકોને ઉપદેશ આપે છે કે–હે ભવ્યો!
તો પ્રાયે ધાર્મિક વિષયમાં મુગ્ધ હોય છે તેથી તમે જે પ્રકારની
ક્રિયામાં તેને રૂચિ કરાવવા ધારશો તેમાં તે રૂચિ કરશે પણ તેમાં ત
વિચાર કરવાનો છે. ઉન્માર્ગે રતિ કરવાથી તે તો બિચારા
ખાશે, પરંતુ તેવો ભૂલાવો ખવરાવનાર જે તમે તેનું શું થશે?
દુર્ગતિમાં અસહ્ય દુઃખના ભાજન થવું પડશે એમ નિઃસંશય સમ

ધૂર્ત્ત લોકોનું માયાવીપણું એવા પ્રકારનું હોય છે કે તેની જાળ
તેની વાકય ચનામાં ભદ્રક મનુષ્યો તરતજ ફસાઇ જાય છે.
પરિણામે તો એવા ધૂર્તો તેનાં માઠાં ફળ ભોગવે છે, પરંતુ પ્રારં
તો પોતાના ફંદમાં બીજાઓને ફસાતા જોઇને તેઓ મનમાં મ
છે. વળી વાસ્તવિક રીતે તો તેઓ બીજાને ઠગતા નથી પણ પો
આત્માનેજ ઠગે છે. પરને ઠગવું તે તો કહેવા માત્રજ છે.
ઉત્તમ જનોએ વ્યવહારમાં પણ કોઇની સાથે ઠગાઇ કરવી નહીં, સ
લતાથીજ વર્તવું અને અન્ય મનુષ્ય જેઓ પોતાની ઉપર આધ
રાખતા હોય તેમને નેતા તરીકે સત્ય માર્ગજ બતાવવો કે જેથી તેમ
આત્માનું કલ્યાણ થાય. ૨૧.

परवञ्चनादिरहितानामन्तर्वैराग्यभृतां चरितं दर्शयति—

ये निःस्पृहास्त्यक्तसमस्तरागा—
स्तत्त्वैकनिष्ठा गलिताभिमानाः ।
संतोषपोषैकविलीनवाञ्छा—
स्ते रञ्जयन्ति स्वमनो न लोकम् ॥२२॥

व्याख्या—निर्गता नष्टा स्पृहा स्त्रीपुत्रधनादिषुवाञ्छा येषां ते निःस्पृहाः सकलेहलोकसुखवाञ्छारहिता इति यावत्। तथा त्यक्तसमस्तरागास्त्यक्तो वर्जितः समस्तेषु सर्वशरीरादिपौद्गलिकवस्तुषु रागः स्नेहानुबन्ध उपलक्षणत्वात् द्वेषादयोऽपि यैस्ते तथा समग्रपदार्थविषयरागद्वेषादिरहिता इत्यर्थः। तथा तत्त्वैकनिष्ठाः तत्त्वं जीवाजीवादिनवपदार्थरूपं हेयोपादेयरूपं आत्मज्ञानरूपं वा तस्मिन्नेवैकाऽद्वितीया निष्ठा मनःस्थैर्यं तत्परता वा येषां ते तथा। तथा गलिताभिमाना गलितो नाशं प्राप्तोऽभिमानोऽहङ्कारो येषां ते तथा सर्वथा विगतमाना इति यावत्। तथा संतोषपोषैकविलीनवाञ्छाः संतोषो यथाप्राप्तेनाहारादिना संतुष्टचित्तस्तस्य पोषणेनैवैकान्ततो विलीना नष्टा वाञ्छाऽभिलाषो येषां ते तथा। एतादृशा ये मुनयः सन्ति ते स्वमतः स्वस्यैव चित्तं रञ्जयन्ति, परं तु लोकं जनसमूहं न रञ्जयन्ति लोकरञ्जनकरणे आत्मरञ्जनहानिप्रसङ्गादित्यर्थः ॥२२॥

અર્થ—જેઓ ખરેખરા નિઃસ્પૃહી છે, સમસ્ત પ્રકારના રાગ જેણે તજી દીધા છે, માત્ર તત્ત્વનિષ્ઠા જેમની બુદ્ધિમાં વર્તે છે, અભિમાન જેમનું સર્વથા ગળી ગયેલું છે અને સંતોષના પોષણમાંજ જેમણે ઇચ્છા માત્રને શમાવી દીધી છે-લીન કરી દીધી છે; તેઓ પોતાના મનનુંજ માત્ર રંજન કરે છે. લોક રંજન કરવાના ઉદ્યમી હોતા નથી. ૨૨.

ભાવાર્થ—ઉપર શ્લોકાર્થમાં બતાવેલ ભાવવાળા ઉત્તમ પુરૂષો તો આત્મરંજનજ કરે તેમાં આશ્ચર્ય શું ? કારણકે તેમના મનને લોકરંજનની અપેક્ષા હોતીજ નથી. તેઓ જે ધર્મારાધન કરે છે તે આત્મરંજન માટેજ કરે છે. તેઓ જાણે છે કે 'જન મનરંજન ધર્મનું,

त्मरससुखज्ञाता तु विवादे जनरञ्जने च नैव प्रवर्तते इत्यर्थः ।
। दृष्टान्तमाह–हि तथाहि लोके इह जगति वरं प्रधानं चिन्ता-
गें चिन्तितवस्तुप्रापकं रत्नविशेषं प्राप्य लब्ध्वा कः किंनामकः
मः जने जने प्रत्येकजनसमीपे कथयन् मत्समीपे चिन्तामणिरत्नं
र्त्तते पश्येति वदन् प्रयाति चरति ? नैव कोऽपि कस्यापि कथयतीत्यर्थः ।
या चिन्तामणिस्वामी तद्रत्नप्रापितसुखनिमग्नः सन्न कस्याप्यग्रे त-
तां कथयति तथाऽध्यात्मसुखनिमग्नो मुनिर्विवादादिषु न प्रवर्तते
ते तात्पर्यम् ॥ २३ ॥

અર્થ—આ સંસારમાં રહેલ પ્રાણી ત્યાં સુધીજ અનેક પ્રકારના
વાદ કરવામાં ઉદ્યમવાન્ અને લોકનું રંજન કરવામાં પ્રયત્નવાન્
ય છે કે જ્યાં સુધી તેને આત્મિક સુખના રસમાં નિમગ્નપણું હોતું
થી. શ્રેષ્ઠ ચિંતામણિ રત્નને પામીને જેમ દરેક માણસને કોઇ કહેવા
તું નથી, મનમાંજ સમજીને બેસી રહે છે, તેમ આત્મિક સુખને
ણનાર પ્રાણી તેમાંજ નિમગ્ન થઇને રહે છે, પણ વાદવિવાદ કે
નરંજનતા કરતા નથી. ૨૩.

ભાવાર્થ—અધુરો ઘડોજ છલકાય છે અને પોલી વસ્તુજ અવાજ
આપે છે, તેમ જેઓ સાંસારિક સુખનેજ સુખ માની બેઠા હોય છે,
આત્મિક સુખનો આસ્વાદ જેમણે લીધેલો હોતો નથી, તેઓજ અનેક
પ્રકારના વાદવિવાદો કરે છે અને લોકોને રીઝવવાના પ્રયત્નો કર્યા કરે
છે. પરંતુ એકવાર જરાપણ આત્મિક સુખનો આસ્વાદ લીધો અને
તેમાં જો લીન થવાપણું બન્યું તો પછી બીજી તમામ ક્રિયાઓ
તજી દઇને તેને સંપૂર્ણાંશે મેળવવાનોજ પ્રય

જ્યાં સુધી ચિંતામણિ રત્નની પ્રાપ્તિ થઇ ન હોય ત્યાં સુધીજ પ્રાણી અન્ય પદાર્થોમાં બીજા સામાન્ય રત્નો-નાના હીરા મેળવવા પ્રયત્ન કરે છે અને તેની પ્રાપ્તિમાં આનંદ માને છે પરંતુ ચિંતામણિ રત્નની પ્રાપ્તિ થઇ ગયા પછી બીજી ચીજોની આશા માત્ર રહેતી નથી. તેમજ જો અમુક પ્રકારે-અમુક પ્રયત્ને ચિંતામણિ રત્ન પ્રાપ્ત થશે એમ સમજાય તો પછી પ્રાણી બીજા બધા પ્રયત્નો છોડી દઇ તેમાંજ મચે છે. તેજ પ્રકાર આત્મિક સુખ માટે સમજવો.

વળી ચિંતામણિ રત્નની જેને પ્રાપ્તિ થઇ હોય છે તે પછી જેમ જ્યાં ત્યાં તે વાત કહેવા જતો નથી, પોતેજ તજ્જન્ય સુખનો નિશ્ચિંતપણાને અનુભવ કરે છે, તેમ આત્મિક સુખની પ્રાપ્તિવાળા મનુષ્યો પણ પછી અન્ય જનોને રંજન કરવાનો કે બીજો વૃથા પ્રયત્ન કરતાજ નથી. કેમકે તેમને જે મેળવવું હતું તે મળી ગયું પછી કૃતકૃત્ય પ્રાણી શા માટે અન્ય પ્રયત્ન કરે ? નજ કરે. ૨૩.

समग्रजनरञ्जनमपि कर्तुं न केनापि पार्यत इत्यत आत्मरञ्जनमेव श्रेय इत्याशयेनाह—

षण्णां विरोधोऽपिच दर्शनानां,
तथैव तेषां शतशश्च भेदाः ।
नानापथे सर्वजनः प्रवृत्तः,
को लोकमाराधयितुं समर्थः ॥ २४ ॥

व्याख्या—किं चान्यदपि लोकरञ्जननिषेधार्थं कथयामीति दर्शयितुं अपिचेति पदं । इह जगति षण्णां दर्शनानां मतानां विरोधोऽस्ति षडपि

[illegible]

[illegible]

[illegible]

[illegible]

પ્રકારમાં વહેંચાયેલી છે. ધર્મના પણ પારાવાર ભેદો પડી ગયેલા
અને પૃથક્ પૃથક્ માર્ગે વહેનારા મનુષ્યો પોતાના સ્વીકારેલા માર્ગ
સર્વોત્તમજ જાણે છે. તેથી તે બધાઓનું રંજન કરવાનું કાર્ય સાધાર
નથી, અસાધારણ છે, અશક્યજ છે. તીર્થંકરાદિક અતુલ પુન્યશા
મહાત્માઓ પણ સર્વને રીઝવી શક્યા નથી તો આપણું પામરનું
ગજું ? માટે તેવા મિથ્યા પ્રયત્નમાં ન મચતાં-તેમાં કાળક્ષેપ અ
શક્તિનો વ્યય ન કરતાં આત્મરંજન થયું તો સર્વનું રંજન થઇ ગયું
સમજવું. આત્મરંજન કરવા માટે મુખ્ય માર્ગ પરમાત્માનું રંજ
કરવું તે છે. પરમાત્માનું રંજન તેમની આજ્ઞા પ્રમાણે વર્તન કરવાથ
થાય છે, તેમની આજ્ઞા શુદ્ધ આચરણ રૂપ છે, તેથી પરંપરાએ આત્મ
રંજનના ઇચ્છકોએ પ્રથમ સદાચરણી થઇ પરમાત્માની આજ્ઞા આરા
ધવી કે જેથી આત્મરંજન પરમાત્મરંજન અને લોકરંજન સવ
થશે. તે સિવાય તેને માટે બીજો માર્ગજ નથી. ૨૪.

आत्ममनोरञ्जनं कर्तव्यमित्युक्तं, तच्च मनःस्थैर्ये भवति, मनः-
स्थैर्यस्य च कारणं राज्यादिसुखावाप्तिरिति मन्यंते केचित् तदवा-
प्तावपि मनःस्थैर्यं न भवति चेत्तर्हि तद्राज्यादिकं व्यर्थमित्याशयेनाह–

तदेव राज्यं हि धनं तदेव,
तपस्तदेवेह कला च सैव ।
स्वस्थे भवेच्छीतलताऽऽशये चेत्,
नो चेद्वृथा सर्वमिदं हि मन्ये ॥ २५ ॥

व्याख्या—

ति शीतलता संतापरहितत्वं भवेत्स्यात्तर्हि तदेव राज्यं प्राप्तं समीचीनं कथ्यते, धनमपि तदेव समीचीनं कथ्यते, तपोऽपि सेवितं सत् समीचीनं कथ्यते, कलाऽपि च सैव विज्ञाता सती मीचीना कथ्यते इत्येवमध्याहारेणान्वयः कर्तव्यः । नो चेत् यद्येवं-राज्यधनतपःकलाभिः मनःशीतलता न भवेत्तर्हि इदं सर्वमेत-कलं राज्यादिकं हि निश्चयेन वृथा व्यर्थमेवेत्यहं मन्ये । प्राप्ते राज्ये यदि मनसि शीतलता न स्यात्तर्हि तद्राज्यं वृथेत्यादि त्र ज्ञेयमिति तात्पर्यार्थः ॥ २५ ॥

અર્થ—જો ચિત્તની સ્વસ્થતા પ્રાપ્ત થાય અને આશયમાં શિતતા પ્રગટે તોજ પ્રાપ્ત થયેલ રાજ્યને રાજ્ય કહેવું, પ્રાપ્ત થયેલ નને ધન કહેવું, કરેલા તપને તપ કહેવો, અને શીખેલી કળાને ળા કહેવી; પણ જો રાજ્ય, ધન, તપ અને કળા પ્રાપ્ત થયા છતાં નાથી ચિત્તની સ્વસ્થતા જળવાઇ ન રહે અને આશયમાં શિતળતા ણ ન પ્રગટે તો તે વસ્તુની પ્રાપ્તિ સર્વે મિથ્યા છે–નિષ્ફળ છે એમ સમજવું. ૨૫.

ભાવાર્થ—આ કાવ્યમાં કર્ત્તા એમ જણાવવા માગે છે કે રાજ્ય ધન, તપ કે કળા–તેની પ્રાપ્તિ આ જીવ પોતાના આત્માની સ્વસ્થતાને–શાંતિને માટે ઇચ્છે છે. રાજ્ય કે ધન મળ્યું પણ તેથી થઇ નહીં કે શાંતિ પ્રાપ્ત થઇ નહીં, અન્ય ઉપાધિઓએ રાજ્ય કે ધ પ્રાપ્તિને ઉલટી દુઃખમય કરી મૂકી તો પછી તે પ્રાપ્તિ શા કામ તેમજ તપસ્યા કરી પણ ચિત્તની સ્વસ્થતા જળવાણી નહીં–કે ક્લેશ થયો, પારણે કે ઉત્તરપારણે આહારની તીવ્ર ઇચ્છા

પ્રકારમાં વહેંચાએલી છે. ધર્મના પણ પારાવાર ભેદો પડી ગયેલા છે અને પૃથક્ પૃથક્ માર્ગે વહેનારા મનુષ્યો પોતાના સ્વીકારેલા માર્ગને સર્વોત્તમજ જાણે છે. તેથી તે બધાઓનું રંજન કરવાનું કાર્ય સાધારણ નથી, અસાધારણ છે, અશક્યજ છે. તીર્થંકરાદિક અતુલ પુન્યશાળી મહાત્માઓ પણ સર્વને રીઝવી શક્યા નથી તો આપણું પામરનું શું ? માટે તેવા મિથ્યા પ્રયત્નમાં ન મચતાં-તેમાં કાળક્ષેપ અને શક્તિનો વ્યય ન કરતાં આત્મરંજન થયું તો સર્વનું રંજન થઇ ગયું સમજવું. આત્મરંજન કરવા માટે મુખ્ય માર્ગ પરમાત્માનું રંજન કરવું તે છે. પરમાત્માનું રંજન તેમની આજ્ઞા પ્રમાણે વર્તન કરવાથી થાય છે, તેમની આજ્ઞા શુદ્ધ આચરણ રૂપ છે, તેથી પરંપરાએ આત્મરંજનના ઇચ્છકોએ પ્રથમ સદાચરણી થઇ પરમાત્માની આજ્ઞા આરાધવી કે જેથી આત્મરંજન પરમાત્મરંજન અને લોકરંજન સર્વ થશે. તે સિવાય તેને માટે બીજો માર્ગજ નથી. ૨૪.

आत्ममनोरञ्जनं कर्तव्यमित्युक्तं, तच्च मनःस्थैर्ये भवति, मनःस्थैर्यस्य च कारणं राज्यादिसुखावाप्तिरिति मन्यंते केचित् तदवाप्तावपि मनःस्थैर्य न भवति चेत्तर्हि तद्राज्यादिकं व्यर्थमित्याशयेनाह-

तदेव राज्यं हि धनं तदेव,
तपस्तदेवेह कला च सैव ।
स्वस्थे भवेच्छीतलताऽऽशये चेत्,
नो चेद्वृथा सर्वमिदं हि मन्ये ॥ २५ ॥

व्याख्या—अस्मिन् लोके चेयदि स्वस्थे आशये शान्तियुक्ते

चेतसि शीतलता संसारदाहकारी [illegible] यद्येव राज्यं प्राप्तं तत् सर्वाण्यपि कल्प्यते, धनमपि यद्येव सर्वाण्यपि कल्प्यते, तपोऽपि [illegible] तत् सर्वाण्यपि कल्प्यते, कलाऽपि च येन विज्ञाता सैव सर्वापि कल्पते [illegible] कर्तव्यः । नो चेत् यदि [illegible] राज्यधनतपःकलाभिः मनःशीतलता न भवति [illegible] निश्चयेन वृथा [illegible] मन्ये । प्राप्ते अपि राज्ये यदि मनसि शीतलता न स्यात् [illegible] सर्वत्र ज्ञेयमिति तात्पर्यार्थः ॥ २५ ॥

અર્થ—જો ચિત્તની સ્વસ્થતા પ્રાપ્ત થાય અને આશયમાં શીતળતા પ્રગટે તો જ પ્રાપ્ત થયેલ રાજ્યને રાજ્ય કહેવું, પ્રાપ્ત થયેલ ધનને ધન કહેવું, કરેલા તપને તપ કહેવો, અને શીખેલી કળાને કળા કહેવી; પણ જો રાજ્ય, ધન, તપ અને કળા પ્રાપ્ત થયા છતાં પણ ચિત્તની સ્વસ્થતા જળવાઈ ન રહે અને આશયમાં શીતળતા પણ ન પ્રગટે તો તે વસ્તુની પ્રાપ્તિ સર્વે મિથ્યા છે-નિષ્ફળ છે એમ જાણવું. ૨૫.

ભાવાર્થ—આ કાવ્યમાં કર્તા એમ બતાવવા માગે છે કે રાજ્ય, ધન, તપ કે કળા-તેની પ્રાપ્તિ આ જીવ પોતાના આત્માની સ્વસ્થતાને-શાંતિને માટે ઇચ્છે છે. રાજ્ય કે ધન મળ્યું પણ તેથી તૃપ્તિ થઈ નહીં કે શાંતિ પ્રાપ્ત થઈ નહીં, અન્ય ઉપાધિઓએ રાજ્ય કે ધનની પ્રાપ્તિને ઉલટી દુઃખમય કરી મૂકી તો પછી તે પ્રાપ્તિ શા કામની ? ઉત્કૃષ્ટ તપસ્યા કરી પણ ચિત્તની સ્વસ્થતા જળવાણી નહીં-ક્રોધનો ઉદય થયો, પારણું કે ઉત્તરપારણું આહારની તીવ્ર ઇચ્છા જાગી

તો પછી તે તપ શા કામનો ? તેનું વાસ્તવિક ફળ તો મળ્યું નહીં તેમજ કોઇ પ્રકારની કળા મેળવી-તેના ફળ તરીકે પુષ્કળ દ્રવ્યપ્રાપ્તિ થવા લાગી પરંતુ તેથી ચિત્તનું શાંત્વન થયું નહીં તો પછી તે કળા પ્રાપ્ત કરી શા કામની ? જગતના જીવો જે જે વસ્તુઓ મેળવવા ઇચ્છે છે તે શાંતિ-સુખ-સ્વસ્થતા વિગેરેની પ્રાપ્તિ માટે ઇચ્છે છે. જે કારણ સેવવાથી કાર્યનિષ્પત્તિ ન થાય તે કારણ સેવનારમાં કાંઇક ખામી છે. જો વાસ્તવિક કારણ હોય અને વિધિપૂર્વક તેની સેવા થાય તો તેથી કાર્યસિદ્ધિ થવીજ જોઇએ. પરંતુ રાજ્ય કે ધન મળ્યા છતાં ઉલટી તૃષ્ણા વધે, અન્ય ઉપદ્રવ કરનારાઓ વધે અને તપસ્યા કર્યા છતાં ઉલટો ક્રોધ વધે-તપનું અજીર્ણ થાય અને કોઇ સારી કળા પ્રાપ્ત કર્યાં છતાં પ્રમાદ વધે અથવા બીજું વિઘ્ન આવે તો પછી તે તે વસ્તુની પ્રાપ્તિ નિષ્ફળ થાય છે. માટે રાજ્ય કે ધનની પ્રાપ્તિ થયે સંતોષ વાળવો, તપ કરવા માંડવો કે સાથેજ ક્ષમાની વૃદ્ધિ કરવી અને કળા પ્રાપ્ત થાય કે તેમાં અપ્રમાદી રહેવું આ ખાસ કર્ત્તવ્ય છે. ૨૫.

मनःशान्तेर्गुणमाह—

रुष्टैर्जनैः किं यदि चित्तशान्ति-
स्तुष्टैर्जनैः किं यदि चित्ततापः ।
प्रीणाति नो नैव दुनोति चान्यान्,
स्वस्थः सदौदासपरो हि योगी ॥२६॥

व्याख्या—हे आत्मन् । यदि चित्तशान्तिर्मनसि शीतलताऽस्ति स्वस्येति शेषः । तर्हि रुष्टैः क्रुद्धैर्जनैर्लोकैः किं ? यदि

चित्तशान्तिरस्ति तर्हि तवोपरि क्रुद्धा अपि जनाः तव किम-
कुर्युः। न किमपीत्यर्थः। यदि च चित्ततापस्तव मनसि संतापोऽस्ति
तुष्टैर्जनैस्तवोपरि प्रीतिं प्राप्तैरपि लोकैः किम्? तवोपरि संतुष्टा अपि
स्तव चित्तसंतापं दूरीकर्तुं नैव समर्था इत्यर्थः। चेतसः स्वास्थ्ये
पि च स्वयमेव हेतुर्नान्यः कश्चिदिति तात्पर्यम्। अत एव योगी
यात्मज्ञानवान्मुनिः अन्यान् स्वव्यतिरिक्तान् जनान् नो प्रीणाति
रोक्तिभिस्तेषां चित्तरञ्जनं नैव करोति, तथा नैव दुनोति कटु-
नादिना तेषां मनःसंतापं नैव जनयति, किंतु स्वस्थः शान्तचित्तः
सदौदासपरः सर्वकालमौदासीन्ये एव तत्परो भवति। सर्वेण
क्षुणाऽऽत्मकार्यमेव कर्तव्यं न तु अन्यकार्यचिन्तनमित्युपदेशः॥२६॥

અર્થ—હે પ્રાણી! જો તારા હૃદયમાં શાંતિ છે તો લોકો રૂષ્ટમાન
થ તેથી શું? અને જો તારા હૃદયમાં તાપીતપણું—અશાંતિ છે તો
કો તુષ્ટમાન થાય તેથી તને શું લાભ છે? કાંઇ નથી. આવા નિ-
યને લીધેજ યોગી પુરૂષો કોઇને નથી પ્રીતિ ઉત્પન્ન કરતા અને
કોઇને દુહવતા, માત્ર સ્વસ્થપણે ઉદાસીન વૃત્તિમાંજ તત્પર રહે છે. ૨૬.

ભાવાર્થ—આ જગતના જીવો પોતાની શાંતિ કે અશાંતિનો
ચાર કર્યા સિવાય અન્ય જનો પોતાની ઉપર રોષે થયા છે કે તુષ્ટ-
ન થયા છે તેની ફીકર કર્યા કરે છે. જ્ઞાની કહે છે કે બીજાના
ષ કે તોષથી તને લાભ હાનિ શું છે? તારે તો તારા આત્માની
તિ કે અશાંતિનો વિચાર કરવો યોગ્ય છે. જો તારો આત્મા શાંતિનો
નુભવ કરતો હોય—તેની અંદર સ્વસ્થતાનો નિવાસ થયો હોય તો
ો ભલે રૂષ્ટમાન થાય તેથી તને કાંઇ હાનિ થવાની નથી.

અને જો તારા ચિત્તમાં શાંતિ કે સ્વસ્થતા નથી–તેની અંદર ઉપતાપ ભરેલો છે તો લોકો ભલે તારી ઉપર પ્રસન્નતા બતાવે–પ્રશંસા કરે પણ તેથી તને ફળ પ્રાપ્તિ શું ? લાભ શો ? કાંઇ નહીં. માટે લોકોના રોષ તોષનો વિચાર ન કરતાં તેને ગૌણ ભાવે રાખી તારા આત્માની શાંતિ અશાંતિનો વિચાર કરી જે પ્રકારે તારા આત્માને શાંતિ પ્રાપ્ત થાય અને અશાંતિ દૂર થાય તેવો પ્રયત્ન કરવામાં તત્પર રહે. યોગી પુરૂષો આજ કારણને લઇને કોઇને પ્રીતિ ઉત્પન્ન કરવાનો કે કોઇને દુહવવાનો પ્રયત્ન કરતા નથી, પરંતુ આત્માની શાંતિનોજ અભ્યાસ કરે છે અને જગતથી ઉદાસીન રહે છે. જો કે જગત તો કેટલીક વખત તેના ઉપર પ્રીતિ પણ કરે છે અને કેટલીક વખત દુહવાય પણ છે, પરંતુ યોગી પુરૂષો તેની દરકાર કરતા નથી. તેઓ તો આત્માની શાંતિ અશાંતિનોજ અહર્નિશ વિચાર કર્યા કરે છે અને શાંતિ મળે છે એટલે તેમાંજ લીન થઇ આત્મહિત કરે છે. ૨૬.

औदासीन्याङ्गीकारे हेतुभूतामेकत्वभावनामाह—

एकः पापात् पतति नरके याति पुण्यात्स्वरेकः,
पुण्यापुण्यप्रचयविगमान्मोक्षमेकः प्रयाति ।
सङ्गान्नूनं न भवति सुखं न द्वितीयेन कार्यं,
तस्मादेको विचरति सदानन्दसौख्येन पूर्णः
॥ २७ ॥

व्याख्या—प्राणी एक एकाक्येव पापात् हिंसाद्यशुभकर्म-करणात् नरके नरककूपे पतति । तथा एक एव पुण्यात् दान-

शीलादिशुभकर्मतः स्वः स्वर्गं याति गच्छति प्राप्नोतीति यावत् । तथा एक एव जन्तुः पुण्यापुण्यप्रचयविगमात् पुण्यं च शुभं कर्म अपुण्यं चाशुभं कर्म तयोः प्रचयः समूहस्तस्य विगमात् ज्ञानादिना नाशात् मोक्षं अनन्तसुखादिमयं मुक्तिस्थानं प्रयाति गच्छति । कथमेक एव प्राणी नरकादिषु गच्छतीति तत्र कारणमाह । नूनं निश्चयेन सङ्गादन्यसंसर्गात् सुखं न भवति परमानन्दमयं सिद्धिसुखं न जायते । तथा द्वितीयेन स्वव्यतिरेकेणान्येन जनेन कार्यं स्वसमीहितं प्रयोजनं न भवति न सिध्यतीत्यर्थः । तस्मात्कारणात् योगी सदा निरंतरं आनन्दसौख्येन आत्मानन्दसुखेन पूर्णः भृतः सन् एकोऽन्यसहायापेक्षारहित एकाक्येव विचरति विहारं करोति । इति काव्यार्थः ॥ २७ ॥

અર્થ—આ સંસારમાં પાપવડે કરીને જીવ એકલોજ નરકે જાય છે, અને પુણ્યવડે કરીને સ્વર્ગે પણ એકલોજ જાય છે. તેમ પુણ્ય અને પાપ બંનેના સંચયને ખપાવીને મોક્ષે પણ જીવ એકલોજ જાય છે. આ જગતમાં સ્વજન કુટુંબાદિકના અથવા બીજા પણ સંગમથી સુખ પ્રાપ્ત થતું નથી, તેમજ આત્માનું હિત કરવામાં બીજાવડે કરીને કાંઇ કાર્ય નથી, તેથી ખરા આનંદવડે-જ્ઞાનાનંદના સુખવડે પૂર્ણ પુરૂષ એકલાજ વિચરે છે, પરના સંગને ઇચ્છતાજ નથી. ૨૭.

ભાવાર્થ—આ જગતના જીવો જો કે અન્યના સંગને-સાથને ઇચ્છે છે, પરંતુ વાસ્તવિક વિચાર કરતાં કોઇની સંગતિ પરિણામે કામ આવતી નથી. કેમકે ખરેખરી મિત્રાઇ હોય તો આ ભવમાં [illegible] આપણી સાથે રહે છે, પરંતુ આયુ પૂર્ણ થયે પર-

ભવ જવું પડે છે ત્યારે કોઇ સાથે આવતું નથી–આવી શકતું નથી. કારણ કે ગતિ તો પોતપોતાના પુણ્ય કે પાપને અનુસારે થાય છે. આ ભવમાં સત્કાર્યો કરવાવડે જો પુણ્ય સંપાદન કર્યું હોય છે તો દેવાદિ સદ્ગતિની પ્રાપ્તિ થાય છે અને જો હિંસા, અસત્ય, પરદારાગમનાદિ અકાર્યોવડે પાપનો સંચય કર્યો હોય છે તો નરકાદિ દુર્ગતિમાં એકલા જવું પડે છે અને ત્યાંના અસહ્ય દુઃખો એકલા સહન કરવા પડે છે. કદિ કોઇ સચ્ચારિત્રવાન્ જીવ કર્મ ક્ષય કરવાનેજ ઉદ્યમવંત થાય અને સર્વ કર્મોને ખપાવી દે તો તે મોક્ષે પણ એકલોજ જાય છે, તેમાં કોઇના સાથની અપેક્ષા નથી અને કોઇ સાથે આવી શકતું પણ નથી. તેટલા માટે શાસ્ત્રકાર કહે છે કે ' હે ભાઇ ! કોઇના સંગની આ જગતમાં અપેક્ષાજ નથી. બે વસ્તુ ભેળી થયે તો ઉલટો ખડખડાટ થાય છે માટે અન્ય વસ્તુના કે મનુષ્યના સંયોગની ઇચ્છા કર્યા સિવાય માત્ર એકલા આત્માનુંજ હિત કરવા તરફ પ્રવૃત્તિ કરવી–તેમાંજ આનંદ માનવો યોગ્ય છે. અન્યના સંયોગની ઇચ્છા કરીશ–ઇષ્ટ સંયોગે આનંદ માનીશ તો તેના વિયોગે જરૂર શોકાર્ત્ત થવું પડશે અને આત્મહિતમાં ખામી આવશે; માટે મહાન્ યોદ્ધાની જેમ એકલાજ આત્મસાધનમાં તત્પર થઇ જવું. ' એક નીતિવેત્તા કહે છે કેઃ—

અનુભવીએ એકલા આનંદમાં રહેવું રે,
ભજવા ભગવંતને, બીજું કાંઇ ન કહેવું રે. અનુભવીએ૦

આ કાવ્યનું રહસ્ય ખાસ મનન કરવા લાયક છે. ૨૭.

मोक्षसाधने मनोनिग्रहस्य

त्रैलोक्यमेतद्बहुभिर्जितं यै—
मनोजये तेऽपि यतो न शक्ताः।
मनोजयस्यात्र पुरो हि तस्मात्,
तृणं त्रिलोकी विजयं वदन्ति ॥ २८ ॥

व्याख्या–बहुभिरनेकैः यैः चक्रिशक्रादिभिर्बहुभिः महापुरुषैः एतत्त्रैलोक्यं इदं स्वर्गमृत्युपाताललक्षणं लोकत्रय जितं स्ववशवर्ति कृतं, तेऽपि त्रैलोक्यजेतारोऽपि यतो यस्मात् कारणान्मनोजये मनसो जये मनः स्वायत्तीकर्तुमिति यावत् न शक्ताः समर्था न भवन्ति, किमु-तान्ये प्राकृतजना इत्यपिशब्दार्थः। तस्मान्मनोजयस्याशक्यत्वात्। अत्रेह जगति। हि निश्चयेन। मनोजयस्य चित्तनिरोधस्य पुरोऽग्रे। त्रिलोकीविजयं त्रयाणां लोकानां समाहारस्त्रिलोकी, समाहारद्विगु-त्वादकारान्तत्वाच्च स्त्रीत्वं, तस्या विजयं स्वायत्तीकरणं तृणं तृण-तुल्यं वदन्ति कथयन्ति, योगिन इति शेषः। चतुर्थपुरुषार्थलक्षणो मोक्षस्त्रिलोकीविजयेन नैव प्राप्यते, किं तु कर्माष्टकक्षयकारिणाऽ-ध्यात्मज्ञानप्राप्तिहेतुना मनोनिग्रहेणैवेति मनसोऽजय्यत्वं, तज्जये चा-भ्यन्तरशत्रुक्षयात्क्रमेण केवलालोकेन मोक्षावाप्तिरिति भावार्थः ॥ २४ ॥

અર્થ—મનનું દુર્જયપણું બતાવવા માટે કહે છે કે–આ ત્રણ જગત ઘણાએ જીતી લીધા, અર્થાત્ ચક્રવર્તિપણું મેળવીને છ ખંડ જીત્યા. ઇંદ્રપણું પામીને અધોલોક તથા ઉર્ધ્વલોકનું સ્વામિત્વ મેળવ્યું; એવા પુરૂષો પણ મનનો જય કરવાને શક્તિવંત થયા નહીં

તેથી મનના જયની પાસે ત્રણ લોકનો જય પણ તૃણતુલ્ય છે. કારણ કે ચતુર્થ પુરૂષાર્થ-મોક્ષની પ્રાપ્તિ કાંઇ ત્રણ લોકનો જય કરવાથી થતી નથી, તે તો મનનો જય કરવાથી થાય છે. ૨૮.

ભાવાર્થ—આ કાવ્યમાં કર્તાએ ખરેખરી આવશ્યકતા મનનો જય કરવાની બતાવી છે. અને તે ખરેખરી વાત છે. કારણ કે **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः** 'મનજ આ પ્રાણીને સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે અને મનજ આ સંસારનો પાર પમાડી મોક્ષમાં લઇ જનાર છે.' જો કે આ વાક્યરચના ખરી રીતે વિચારતાં ઔપચારિક છે, કારણ કે મનનો સ્વામી તો આ આત્મા પોતે છે. મન તો તેનું તાબેદાર છે, પરંતુ કેટલીક વખત જેમ નોકર, મુનીમ અથવા દીવાન ઘરના, દુકાનના કે રાજ્યના માલેક જેવા માથાભારે થઇ પડે છે અને ઘર, દુકાન કે રાજ્યના માલેકને પોતાને આધિન કરી દે છે-પોતે જેમ નચાવવા ધારે તેમ તેને નચાવે છે, તેવી સ્થિતિ આ આત્માની થઇ પડી છે. અજ્ઞાન દશાના તેમજ સાંસારિક સુખની આસક્તિના યોગે આ પ્રાણી મનને આધિન થઇ ગયેલો છે, તેથી તે જેમ નચાવે તેમ આ પ્રાણી નાચે છે, તેથી કાવ્યકાર કહે છે કે-હે બંધુ! ચક્રવર્તીપણું મેળવવા કરતાં અને ઇંદ્રનું સામ્રાજ્ય પ્રાપ્ત કરવા કરતાં મુશ્કેલ કાર્ય મનનો જય કરવો તે છે, તેથી બીજું સર્વ છોડી દઇ મનનો જય કરવાનો પ્રયત્ન કર. મન જીતાણું એટલે સર્વ જીતાણું. કહ્યું છે કે-'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહીં ખોટી;' આ કાવ્યમાં તો ગ્રંથકાર ત્રણ જગતના જય કરતાં પણ મનોજયને વિશેષ કહે છે અને મનના જયવડેજ મોક્ષની પ્રાપ્તિ થવાની સૂચવે છે. આ હકીકત અક્ષરશઃ સત્ય છે અને અનુભવસિદ્ધ છે. જેથી એ વિષયમાં વધારે લખવાની અપેક્ષા ર

मनोजयेनैव संसारसारभूतं सर्वं भवतीत्याह—

मनोलयान्नास्ति परो हि योगो,
ज्ञानं तु तत्त्वार्थविचारणाच्च ।
समाधिसौख्यान्न परं च सौख्यं,
संसारसारं त्रयमेतदेव ॥ २९ ॥

व्याख्या—मनोलयात् मनसश्चित्तस्य लयः परब्रह्मस्वरूपे आत्मनि एकाग्रता तस्मात् परोऽन्यो योगोऽष्टाङ्गलक्षणो हि निश्चयेन नास्ति न विद्यत एव, मनोलय एव योगस्तस्माद्भिन्नो योगो नास्तीत्यर्थः । तुः पुनरर्थे । तथा च ज्ञानं तु हेयोपादेयाद्वेर्जीवाजीवादेर्वा बोधः पुनः तत्त्वार्थविचारणात् तत्त्वं आत्मस्वरूपरूपं जीवाजीवादिस्वरूपं वा तस्यार्थः तत्प्रतिपादकशास्त्रस्यार्थः तस्य विचारणं पौनःपुन्येन मनसि चिन्तनं तस्मात् परो न भवतीति शेषः । चः समुच्चये । तथा समाधिसौख्यात् समाधानं समाधिर्मनस एकाग्रत्वं यद्वा सम्यक् आ समन्तात् धीयन्ते स्थाप्यन्ते ज्ञानादयो गुणा आत्मनि अनेन मनस एकाग्रत्वेनेति समाधिस्तेन तदेव वा यत्सौख्यं सुखं तस्मात् परमन्यत् सौख्यं नास्ति समाधिसुखमेव परमं सुखं तद्भिन्नं सुखमेव नास्तीत्यर्थः । एतन्मनोलयतत्त्वविचारणासमाधिसुखलक्षणं त्रयमेव त्रितयमेव संसारसारं संसारेऽस्यां गतिचतुष्टयरूपायां संसृतौ सारं सारभूतमस्ति, अन्यत्सर्वं चक्रित्वशक्रत्वादिरूपं सौख्यादिकमसारमित्यर्थः । एतन्मनोलयादित्रयं

नयेनैव भवतीति तस्मिन्नेव प्रयत्नो विधेय इत्युपदेशः ॥ २९ ॥

અર્થ—મનના લય જેવો બીજો કોઈ યોગ નથી, તત્ત્વાર્થ વિચા- સમાન બીજું કોઇ જ્ઞાન નથી અને સમાધિ સુખ ઉપરાંત બીજું સુખ નથી. એ ત્રણજ (મનોલય, તત્ત્વાર્થવિચારણા ને સમાધિ) આ જગતમાં સારભૂત છે. ૨૯.

ભાવાર્થ—સંસારમાં આસક્ત મનુષ્યોએ સંસારમાં સારભૂત એક અને બીજી સ્ત્રી એ બેજ શોધી કાઢેલ છે. તેથી આગળ વધીને ન વર્ગના મનુષ્યો દેશસેવા, જનસેવા, કીર્ત્તિ વિગેરેને પણ સારભૂત- ય તરીકે લેખવે છે; પરંતુ ઉત્તમ પુરૂષો તો આ મનુષ્ય જી- ા સાર તેનાવડે યોગ, જ્ઞાન અને સુખ એ ત્રણ મેળવવા તેજ છે. અહીં પ્રશ્ન થાય કે યોગ શું ? જ્ઞાન શું ? અને સુખ શું ? કે યોગ, જ્ઞાન અને સુખના સંબંધમાં પણ જુદી જુદી અનેક ની માન્યતા હોય છે. તેવી માન્યતાઓના દોહન તરીકે-રહસ્ય -સાર તરીકે આ કાવ્યકાર કહે છે કે-મનનો જે લય કરવો- અશુભ વિચારણા કરતાં તદન રોકી દઇને આત્મામાં-આત્મ- રણામાંજ લીન કરી દેવું તે ખરેખરો યોગ છે. જ્ઞાન તત્ત્વાર્થની રણા કરવી તેજ છે. એટલે આ જગતમાં તાત્ત્વિક પદાર્થો શું છે અને તેનું વાસ્તવિક સ્વરૂપ શું છે તેની વિચારણા કરવી- બંધી નિર્ણય કરવો તેજ ખરેખરૂં જ્ઞાન છે. અન્ય ભૂગોળ- ળાદિનું કે ઇતિહાસાદિનું જ્ઞાન નિરર્થક છે અથવા તે સર્વ ર્થવિચારણામાં અંતર્ભાવ પામે છે એમ સમજવું. અને સામા- ન્ય સુખ ઉપરાંત બીજું સુખ નથી. અર્થાત્ જેમાં આત્માને શાંતિ- ધિ-સમભાવ પ્રાપ્ત થાય, જેમાં વિષય કષાયાદિની પ્રવૃત્તિ ન હોય

એવું જે સુખ તેજ ખરૂં સુખ છે. વિષયકષાયજન્ય સુખ માત્ર માન્યતા રૂપજ છે. તે સુખ અનિશ્ચિત, વિનશ્વર અને ક્ષણિક છે, તેમજ તે સુખને અંગે જુદી જુદી માન્યતા હોય છે અને સમાધિ સુખને તો સર્વ એકમતે સુખ કહે છે. તેથી ઉપર જણાવ્યા તેજ યોગ, જ્ઞાન ને સુખની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો અને તેથી વ્યતિરિક્ત યોગ, જ્ઞાન ને સુખની ઉપેક્ષા કરવી, તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન ન કરવો. ૨૯.

मनोलयादिना चित्तं प्रसन्नं भवति, तस्मिंश्च प्रसन्ने सिध्यादिकं सर्वं विषवद्भातीत्याह—

याः सिद्धयोऽष्टावपि दुर्लभा ये,
रसायनं चाञ्जनधातुवादाः ।
ध्यानानि मंत्राश्च समाधियोगा—
श्चित्ते प्रसन्ने विषवद्भवन्ति ॥ ३० ॥

व्याख्या—या अणिमालघिमादयोऽष्टावष्टसंख्याका दुर्लभा दुःखेन तपस्यादिना लभ्यन्ते इति दुर्लभा दुष्प्राप्या इति यावत् सिद्धय ऐश्वर्यविशेषाः । तथा रसायनं अत्रापि लिङ्गविभक्तिवचनव्यत्ययेन यादिति दुर्लभमिति च पदद्वयं संबध्यते, एवं यथासंभवं सर्वत्र ज्ञेयं, तेन यत् दुर्लभं रसायनं पारदगन्धकहिंगुलादिकं जराविनाशकमायुर्वृद्धिकरं चौषधं । तथा ये चाञ्जनधातुवादा अञ्जनं चादृश्याञ्जनादिकं धातुवादाश्च धातूनां ताम्रादीनां वादाः पारदादिपदार्थान्तरयोगेन सुवर्णादिकरणानि । तथा यानि दुर्लभानि ध्यानानि

देवताराधनादीनि । तथा ये दुर्लभा मंत्राः सर्पविषोत्तारणादिका देवतासांनिध्यकरा वा जापाः । तथा ये दुर्लभाः समाधियोगाः समाधिश्च ध्येयवस्तुना सहात्मन ऐक्यतारूपः योगाश्च मनोवाक्काय-व्यापाररोधनानि । एते पूर्वोक्ताः सर्वे चित्ते मनसि प्रसन्ने संतुष्टे विक्षेपादिराहित्येन निर्मलताभाजि सतीति यावत्, विषवत् हाला-हलतुल्या भवन्ति प्रतिभान्तीत्यर्थः । यथा विषं प्राणहानिकरत्वा-त्त्याज्यं तथैतेऽपि मोक्षैककारणकेवलज्ञानरूपात्मगुणहानिकरत्वात्त्याज्या एव मन्यते मुमुक्षव इति भावार्थः ॥ ३० ॥

અર્થ—જ્યારે પ્રાણીને ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે ત્યાર પછી દુર્લભ એવી આઠ સિદ્ધિઓ, અંજન, રસાયન, ધાતુર્વાદ, ધ્યાન, મંત્ર, સમાધિ અને યોગ એ સર્વે વિષ જેવાં ત્યાજ્ય લાગે છે, અર્થાત્ સચ્ચિદાનંદપણું પ્રાપ્ત થવાની હદે પહોંચેલ પ્રાણીને એ સર્વે કાંઈપણ જરૂરના લાગતા નથી. માત્ર આત્મસ્વરૂપમાં રમણ કરવું તેજ જરૂરનું લાગે છે. ૩૦.

ભાવાર્થ—જ્યાં સુધી આ પ્રાણીને ખરી ચિત્તપ્રસન્નતા પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધીજ તે તેની પ્રાપ્તિને માટે સિદ્ધિ, રસાયન, અંજન, ધાતુર્વાદ, ધ્યાન, મંત્ર, સમાધિ અને યોગ વિગેરેની ચાહના કર્યા કરે છે. તેને મેળવવા માટે અનેક પ્રકારના પ્રયત્નો કરે છે. અનેક યોગી પુરૂષોની સેવા કરે છે, દેશાંતર પરિભ્રમણ કરે છે, પ્રયાસ કરવામાં બાકી રાખતા નથી, પરંતુ જ્યારે ખરેખરી ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થઇ અર્થાત્ જ્યારે ભાવી આત્મા અણગારની–અપ્રમત્ત મુનિની સ્થિતિ પ્રાપ્ત થઇ, સચ્ચિદાનંદ સ્વરૂપ જે કેવળજ્ઞાન તેની પ્રાપ્તિ નજીક જણાણી, ત્યારપછી ઉપર કહેલ અષ્ટસિદ્ધિ અને નવનિધિ વિગેરે સર્વ

તેને વિષ જેવાં લાવણ્ય લાગે છે. અહીં તેને માત્ર લાવણ્ય ન કહેતાં વિષ જેવાં લાવણ્ય એટલા માટે કહ્યા છે કે તે સર્વ વસ્તુઓ તેને અહિતકારી લાગે છે, આવશ્યકતા વિનાની લાગે છે અને તે યોગવાળો પ્રયત્ન કરતા છતાં આત્માનું ભાન ક્યાંય ભૂલી જવાય એમ લાગે છે. તેથી તે સર્વ યોગવાળાના પ્રયત્નને તજી દઈને ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત કરવા ઇચ્છનાર મનુષ્ય આત્મસ્વરૂપની વિચારણા કરી-તેમાં રમણ કરવું તેજ પસંદ કરે છે, તેજ તેને જરૂરનું લાગે છે અને તેમાંજ તે લીન થાય છે. તે સમજે છે કે આ સિદ્ધિઓ, રસાયન, અંજનાદિ સર્વ પદાર્થો માત્ર લૌકિક સુખના આપવાવાળા છે અને તે પણ અનિશ્ચિત છે તો તેને માટે પ્રયાસ ન કરતાં જેથી પર ભવમાં અવિનાશી સુખ પ્રાપ્ત થાય તેને માટેજ પ્રયત્ન કરવો એ યોગ્ય છે. સુજ્ઞ જનોનું એજ કર્તવ્ય છે. ૩૦

समाधिसौख्यस्यानर्हानाह—

> विदन्ति तत्त्वं न यथास्थितं वै,
> संकल्पचिन्ताविषयाकुला ये ।
> संसारदुःखैश्च कदर्थितानां
> स्वप्नेऽपि तेषां न समाधिसौख्यम् ॥३१॥

व्याख्या—ये मूढजनाः तत्त्वं हेयोपादेयादिशास्त्ररहस्यं यथास्थितं यथावत् न विदन्ति न जानन्ति । कथंभूता ये संकल्पचिन्ताविषयाकुलाः संकल्पाश्च मनोऽस्थैर्येण कर्तव्याकर्तव्यानिश्चयात्मका विकल्पाः चिन्ता चेष्टवस्तुसंयोगानिष्टवस्तुवियोगोपायचिन्तनं विषयाश्च

शब्दादिपञ्चेन्द्रियार्थास्तैराकुलाः संक्षुब्धाः । चः समुच्चये । संसारदुःखैः संसारे इह जगति यानि दुःखानि जन्मजराआधिव्याधिमरणादिकष्टानि तैः कदर्थितानां विडंबितानां पीडितानामिति यावत् तेषां मूढजनानां स्वप्नेऽपि स्वप्नावस्थायामपि समाधिसौख्यं समाधिना समाधेर्वा जातं यत्सौख्यं सुखं तत् न भवति किमुत जाग्रदवस्थायामित्यपिशब्दार्थः । यथावत्तत्त्वविदां संकल्पचिन्तादिरहितानामेव समाधिसौख्यं भवति, तेषामेव च संसारदुःखकदर्थना न भवत्यतस्तत्त्वज्ञाने संकल्पादित्यागे च यत्नोऽविधेयः सत्यसुखेच्छुभिरित्युपदेशः ॥ ३१ ॥

અર્થ—જેઓ યથાસ્થિત તત્ત્વને જાણતા નથી, અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ, ચિંતાઓ અને ઇંદ્રિયોના વિષયમાં આકુળ વ્યાકુળ થઈ રહેલા છે અને સંસારનાં અનેક પ્રકારનાં દુઃખોવડે કદર્થિત છે તેમને સ્વપ્ને પણ સમાધિસુખની પ્રાપ્તિ થતી નથી. સમાધિસુખની પ્રાપ્તિ તો યથાસ્થિત તત્ત્વસ્વરૂપને જાણનાર તેમજ સંકલ્પ, ચિંતા અને ઇંદ્રિયોના વિષયોથી વિરક્ત હોય છે તેનેજ થાય છે. તે સાથે સંસારનાં દુઃખો પણ તેને કદર્થના કરી શકતાં નથી. ૩૧.

ભાવાર્થ—જે સમાધિ સુખની વ્યાખ્યા ૨૯મા કાવ્યમાં કરી આવ્યા છીએ અને જેના સમાન બીજું કોઈપણ સુખ નથી એમ કહી આવ્યા છીએ તેવા અપ્રતિમ સમાધિસુખની પ્રાપ્તિ જ્યાં સુધી યથાર્થ તત્ત્વો જાણવામાં ન આવે, સંકલ્પ વિકલ્પ દૂર ન થાય, ઇંદ્રિયજન્ય સુખથી ઉપરાંઠું મન ન થાય; તે સુખો ઉપર અભાવ ઉત્પન્ન ન થાય અને સાંસારિક અનેક પ્રકારનાં દુઃખોની કદર્થના દૂર ન થાય એટલે જે દુઃખોનો મોટો ભાગ તો માત્ર કલ્પનાથી દુઃખ તરીકે માનેલો હોય છે અને બાકીનો ભાગ ઉદીરણાવડેજ ઉત્પન્ન કરેલો હોય છે, તે બધાં

[illegible]

अथैकग्रन्थपठनापेक्षयाप्येकश्लोकपठनं मार्गेण इति सदृ-
ष्टान्तमाह —

श्लोको वरं परमतत्त्वपथप्रकाशी,
न ग्रन्थकोटिपठनं जनरञ्जनाय ।
संजीवनीति वरमौषधमेकमेव,
व्यर्थश्रमप्रजननो न तु मूलभारः ॥३२॥

व्याख्या—परमतत्त्वपथप्रकाशी परमुत्कृष्टं तत्त्वं मोक्षस्तस्य
स्तस्य प्रकाशी प्रकाशको दर्शक इति यावत् श्लोको द्वात्रिं-

शद्गर्णात्मकच्छन्दो वरं मनाक्प्रियं । "देवाद्वृते वरः श्रेष्ठे त्रिषु क्लीबं मनाक्प्रिये" इत्यमरः । मोक्षमार्गप्रकाशकस्यैकस्य श्लोकस्य पठनं मनाक्प्रियमित्यर्थः । परंतु जनरञ्जनाय जनानां लोकसमूहस्य रञ्जनाय मनःप्रीतये तन्मनप्रीणनायैवेति यावत् ग्रन्थकोटिपठनं ग्रन्थानां पुस्तकानां कोटिः लक्षशतपरिमिता संख्या तस्याः पठनमध्ययनम् न वरं। जनरञ्जनायैव पठितापि ग्रन्थकोटिः परमतत्त्वमार्गप्रकाशकत्वादात्मनो हितकर्तृत्वाभावेन व्यर्थेत्यर्थः । अत्र दृष्टान्तमाह—एकमेव एकसंख्याकमेव संजीवनी सं सम्यक् व्याधिजरादिनाशनेन जीवयति प्राणान् धारयतीति संजीवनी आयुर्वृद्धिकरी इति एवंनामकं औषधं भैषज्यं वरं मनाक्प्रियं । परंतु व्यर्थश्रमप्रजननो व्यर्थं रोगादिनाशकत्वाभावेन आयुर्वृद्ध्यकरणेन च निष्फलं श्रमं यत्नं प्रजनयत्युत्पादयतीति तथा । ईदृशो मूलभारः मूलान्यौषधविशेषाणि "निर्मूलमौषधं नास्ति" इति वचनात्सर्वाणि मूलान्यौषधरूपाण्येव । तेषां भारः समूहो न वरं व्यर्थश्रमप्रजननत्वादेवेत्यर्थः ॥ ३२ ॥

અર્થ—પરમ તત્ત્વનો પંથ જે મોક્ષમાર્ગ તેને બતાવનાર એવો એક શ્લોક પણ શ્રેષ્ઠ છે, પરંતુ જનરંજનને માટે કોટીગમે ગ્રંથનું અધ્યયન પણ શ્રેષ્ઠ નથી, અર્થાત્ નિષ્ફળ છે. દૃષ્ટાંત કહે છે કે—સંજીવિની ઔષધી કે જેનાવડે વ્યાધિ સર્વનો વિનાશ અને જીવનની વૃદ્ધિ થાય તેની પ્રાપ્તિજ શ્રેષ્ઠ છે; બાકી વ્યર્થ શ્રમ કરીને મોટો વનસ્પતિનો સમૂહ એકઠો કરવો તે નિષ્ફળ છે કે જેનાવડે વ્યાધિનો વિનાશ ન થાય અને જીવનની વૃદ્ધિ ન થાય. એજ પ્રમાણે જે શ્લોક

[illegible]

[illegible] કરી શકતી નથી. આ દૃષ્ટાંત [illegible] છે કે-વનસ્પતિ
માત્ર ઔષધિ રૂપ છે, આમ વસ્તુ સ્વાભાવિક છે, કારણ કે સુખરૂપ
[illegible] નિવારણ કરે છે, પરંતુ સર્વ પ્રકારની વનસ્પતિમાં એક
એવી વનસ્પતિ છે કે જેનું નામ સંજીવની ઔષધિ છે, તે
ઔષધિ વ્યાધિ માત્રને નિવારી શકે છે અને શરીરની પુષ્ટિ કરી શકે
છે. આ પ્રમાણે વૈદ્યશાસ્ત્ર કહે છે. તો પછી બીજી વનસ્પતિઓ-ઔ
ષધિઓ મેળવવાનો પ્રયાસ ન કરતાં માત્ર તે સંજીવની ઔષધિ
મેળવવાનો પ્રયાસ કરવો તે યોગ્ય છે. હવે તે ઔષધિ ક્યારે મેળવી
શકાય કે જ્યારે તેને ઓળખી શકીએ તથા તેના લક્ષણો નિર્ણી-
[illegible] પ્રમાણે જો જગતમાં પરમાત્માનો પંથ બતા-
વનાર [illegible] કાર્યસિદ્ધિ કરવી હોય તો પરમાત્મા શું ?
અને તેનો માર્ગ કયો ? તે જાણવા માટે સદ્ગુરુની સેવા કરવી જો-

ઇએ; તેની કૃપા મેળવીને તે બંને બાબત સમજી લેવી જોઇએ, પછી તેવા માર્ગને બતાવનાર એક શ્લોક પણ ઓળખાશે અને સાધનાવડેજ ઇચ્છિત કાર્ય સિદ્ધ થશે. ઇત્યલમ્. ૩૨.

मनःस्वास्थ्याभावे एव विषयाद्यभिलाषो भवति मनःस्वास तु न किमप्यभिलषतीत्याह—

तावत्सुखेच्छा विषयादिभोगे,
यावन्मनःस्वास्थ्यसुखं न वेत्ति ।
लब्धे मनःस्वास्थ्यसुखैकलेशे,
त्रैलोक्यराज्येऽपि न तस्य वाञ्छा ॥३३॥

व्याख्या—तावत् तावन्तं कालं विषयादिभोगे पञ्चेन्द्रिय-विषयादिभोगविषये सुखेच्छा सुखानुभवाभिलाषो भवति प्राणिन इति गम्यते । कियत्कालपर्यन्तमित्याह—यावत् यावन्तं कालं मनःस्वास्थ्यसुखं मनसश्चित्तस्य स्वास्थ्यं साम्येऽवस्थानं तस्य तदेव वा सुखं सौख्यानुभवं न वेत्ति न जानाति प्राणीति शेषः । परंतु मनःस्वास्थ्यसुखैकलेशे मनःस्वास्थ्यसुखस्य पूर्वोक्तार्थस्य एकश्चासौ लेशोऽशस्तस्मिन् लब्धे प्राप्ते सति तस्य प्राणिनस्त्रैलोक्य-राज्येऽपि त्रिभुवनराज्यलाभेऽपि वाञ्छाऽभिलाषो न जायते, विष-यादिभोगेच्छा तु सुतरां न जायते इत्यपिशब्दार्थः । तस्मान्मनःस्वा-स्थ्यसुखप्राप्तये एव यतितव्यामिति भावार्थः ॥ ३३ ॥

અર્થ—આ સંસારમાં પ્રાણીને વિષયભોગથી પ્રાપ્ત થતા સુખની

ત્યાં સુધીજ થાય છે કે જ્યાં સુધી તેનું મન સ્વસ્થપણાના આત્મસ્વરૂપ સ્થિતિપણાના સુખને જાણતું નથી; પણ જ્યારે પણાના સુખનો એક લેશ માત્ર પણ તેનું મન પ્રાપ્ત કરે છે પછી ત્રણ લોકનું રાજ્ય મળે તો તેની પણ ઇચ્છા થતી નથી. ૩૩.

ભાવાર્થ—સ્વસ્થપણાના સુખનો અંશ પણ એટલો કિંમતી જેની પાસે ત્રણુલોકના રાજ્યનું સુખ પણ તુલનામાં આવી નથી; કેમકે પ્રથમનું સુખ અવિનાશી છે ત્યારે બીજું ઉપાધિ છે, પહેલું કર્મમાત્રને રોકનાર છે ત્યારે બીજું કર્મનો તીવ્ર કરાવનાર છે, પહેલું સંસારમાંથી મુક્ત કરાવનાર છે ત્યારે નું પરિભ્રમણ કરાવનાર છે. ઇત્યાદિ અનેક પ્રકારે તે બંને પ્રકારના માં રાત્રી ને દિવસ જેટલો અથવા ઉત્તર ને દક્ષિણ ધ્રુવ જેટલો અંતર કાવ્યકાર કહે છે કે—આ પ્રાણીને વિષયજન્ય સુખની ઇચ્છા ત્યાં ધીજ થાય છે કે જ્યાં સુધી તેણે સ્વસ્થપણાના સુખના લેશનું પણ આસ્વાદન કર્યું નથી. એ હકીકત વાસ્તવિક છે કે જ્યારે અમૃતના ક લવનો પણ આસ્વાદ પ્રાપ્ત થાય તો પછી તે પ્રાણીને અન્ય દાર્થોના ઉપભોગની ઇચ્છા રહેજ નહીં. પરંતુ સ્વસ્થપણાનું સુખ ળવવું એટલું બધું મુશ્કેલ છે કે જ્યાં સુધી આ પ્રાણીની લાઇ જ-દિશાજ ન બદલાય ત્યાં સુધી તે કોઇ રીતે પ્રાપ્ત થઇ શકે તેમ નથી. જ્યારે આ પ્રાણી પોતાની દિશા બદલશે, કંચન કામિનીની તૃષ્ણા તજી દઇ તેને વિષરૂપ સમજશે, તે બાજુ દબ્યાજ કરે છે તે તજી દઈ પોતાનો પ્રવાહજ જ્ઞાન ધ્યાન તરફ વાળશે, ત્યારે પ્રથમ તેને આત્મિક સુખનો ગંધ પ્રાપ્ત થશે અને પછી ક્રમે ક્રમે સ્વ- તેનો સ્વાદ પણ તે મેળવશે. એટલા સ્થપણાનું સુખ નજીક થતાં

ટ સમકિત દૃષ્ટિ જીવ જેમ પોતાની લાઇનજ બદલી નાખે
લાઇન બદલી નાખવાની જરૂર છે. આજ સુધી સંસારમાં રચ્યો
યો ને મચ્યો રહ્યો છે તે હવે પરમાર્થમાં-ધર્મમાં-આત્મહિતન
ર્યમાં રચ્યા પચ્યા ને મચ્યા રહેવું પડશે. ત્યારેજ આત્મિક સુખન
પ્ત થશે અને ત્રણુ લોકનું રાજ્ય કોઇ સામે આપવા આવશે
પણુ તેને તુચ્છકારી કાઢશે, અકિંચિત્કર માનશે અને તેની લેશ
ત્ર પણુ ઇચ્છા કરશે નહીં. ૩૩

मनःस्वास्थ्यसुखस्याग्रे चक्रवर्त्यादिवैभवसौख्यस्य तुच्छतामाह-

न देवराजस्य न चक्रवर्तिन-
स्तद्वै सुखं रागयुतस्य मन्ये ।
यद्वीतरागस्य मुनेः सदात्म-
निष्ठस्य चित्ते स्थिरतां प्रयाति ॥३४॥

व्याख्या—रागयुतस्य रागेण प्रीतिरूपमोहनीयकर्मपरिणाम-
पेण युतस्य युक्तस्य उपलक्षणत्वात् द्वेषादियुतस्येति ज्ञेयं ।
राजस्य देवानां स्वर्गवासिनां राजा स्वामी देवराजः समासान्त-
प्रत्ययः तस्य देवेन्द्रस्य तद्वक्ष्यमाणलक्षणं सुखं सौख्यं नास्ति न
ति । तथा रागयुतस्य उक्तार्थस्य चक्रवर्तिनः षट्खंडभरतस्वामिनः
खं नास्ति । वैशब्दः पादपूर्तये निश्चये वा । मन्ये इत्यहं तर्क-
। किं तत्सुखमित्याह—यत्सुखं वीतरागस्य विशेषेण इतो
नाशं प्राप्तो रागो यस्य तस्य रागद्वेषादिरहितस्येत्यर्थः । तथा
निरन्तरं आत्मनिष्ठस्य आत्मनि आत्मस्वरूपचिन्तन एव निष्ठा

ःपरता यस्य तस्यात्मरमणनिरतस्य मुनेः साधोश्चित्ते निर्विकल्पे म-
सि स्थिरतां स्थैर्यं प्रयाति प्राप्नोति, तत्सुखं देवेन्द्रादीनां नास्त्ये-
ति योजितमेवेति ॥ ३४ ॥

અર્થ—સંસારમાં રહેલા રાગદશા સંયુક્ત એવા ઇંદ્ર અને ચક્ર-
ર્તિઓને પણ તેવું સુખ પ્રાપ્ત થતું નથી કે જેવું સુખ વીતરાગી એવા
અને આત્મનિષ્ઠ એવા મુનિના ચિત્તને વિષે સ્થિર થઇને રહે છે. ૩૪

ભાવાર્થ—આ સંસારમાં કેટલાક પ્રાણીઓ મોટી રાજઋદ્ધિ,
સુખ સૌભાગ્ય, સ્રીપુત્ર પરિવાર વિગેરેની પ્રાપ્તિવાળા ઇંદ્ર અને ચક્ર-
વર્ત્તિ વિગેરેને જોઇને તેને પરમ સુખી માને છે. અને તેવું સુખ પ્રાપ્ત
કરવા–મેળવવા પોતે ઇચ્છે છે, પરંતુ જ્ઞાની કહે છે કે–હે બંધુઓ !
એમાં તમારી ભૂલ થાય છે. જે સુખ આત્મનિષ્ઠ એવા મુનિ મહારાજને
પ્રાપ્ત થયેલ હોય છે તેના અનંતમા ભાગનું સુખ પણ ઉપર કહેલા
ઇંદ્ર ચક્રવર્ત્યાદિકને હોતું નથી. કેટલીક વખત તો તેઓને પૂછવાથી
પણ જણાય છે કે તેઓ ખરા સુખી નથી પણ દુઃખી છે. તેઓ
કહે પણ છે કે–ભાઇઓ ! તમે ઉપરથી અમને બહુ સુખી માનો છો
પરંતુ અમને જે ચિંતા છે, જે ઉપાધિ છે, જે દુઃખો છે, તે બધા
જો તમે જાણો-સમજો-અનુભવો તો તમે અમને સુખી કહોજ નહીં.
અમને ઉપરનું અનેક પ્રકારનું સુખ છે, અમે ગાડીઘોડામાં બેસીને
ફરીએ છીએ, અનેક સુંદરીઓની વચ્ચે ઘુમીએ છીએ; પરંતુ અમને
અભ્યંતર સુખ–નિશ્ચિતપણું-શાંતિ અલ્પ પણ નથી. આવા કથનથી
અને જ્ઞાનીઓના તથાપ્રકારના અનુભવથી ઉપર જણાવી છે તે હકીકત
અક્ષરશઃ સત્ય છે. ખરૂં સુખ વિતરાગી અને આત્મનિષ્ઠ એવા મહાત્મા-
ઓનેજ હોય છે–તેમનેજ હોઇ શકે છે. અન્યત્ર તેવા સુખના બિંદુને
પણ સંભવ નથી. ૩૪.

विचारशून्यस्येदं तत्त्वं दूरं प्रयातीत्याह—

यथा यथा कार्यशताकुलं वै,
कुत्रापि नो विश्रमतीह चित्तम् ।
तथा तथा तत्त्वमिदं दुरापं,
हृदि स्थितं सारविचारहीनैः ॥ ३५ ॥

व्याख्या–इह जगति यथा यथा प्राणिनश्चित्तं मनः कार्यशताकुलं कार्याणां संसारव्यापाराणां शतानि शतसंख्याकानि कार्याणीति यावत् तैराकुलं व्यग्रं सत् कुत्रापि कुत्रचिदपि स्थाने नो विश्रमति विश्रामं न प्राप्नोति । तथा तथा सारविचारहीनैः सारस्य तत्त्वस्य विचारेण चिन्तनेन हीनै रहितैर्जनैः इदं योगिजनप्रत्यक्षं हृदि स्थितं चित्ते एव प्रतिष्ठितं तत्त्वमात्मस्वरूपं दुरापं दुःखेन आप्यते लभ्यते इति दुरापं भवति चित्तस्थमस्तु अपि आत्मतत्त्वं विचारवर्जितानां दूरतरं प्रयातीत्यर्थः । अतोऽसारविचारत्यागेन सारविचारकरणेन चात्मस्वरूपं ज्ञेयं, यतो मनोविश्रान्तिरात्महितं च स्यादिति भावार्थः ॥ ३५ ॥

અર્થ–જેમ જેમ સેંકડો કાર્યમાં વ્યગ્ર રહેવાથી કોઈપણ સ્થાનકે ચિત્ત વિશ્રાંતિને પામતું નથી તેમ તેમ જેના હૃદયમાં સારાસારનો વિચાર નથી એવા પ્રાણીને ખરા તત્ત્વની પ્રાપ્તિ દુર્લભ છે. જો સારાસારનો વિચાર હોય તો પછી અસારભૂત કાર્યમાં ચિત્ત ન આપતાં સારભૂત કાર્યમાંજ ચિત્ત પરોવે; જેથી ચિત્ત વિશ્રાંતિને પામે અને આત્મહિત થાય. ૩૫.

ભાવાર્થ—આ પ્રાણીને આ સંસારમાં કર્તવ્ય તરીકે અનેક કાર્યો
ઉપસ્થિત થાય છે, પરંતુ તે સર્વ કરી શકાતા નથી; પરંતુ એવી રીતે
અનેક કાર્યમાં ભમ્યા રહેવાથી તેનું ચિત્ત એક પણ કાર્યમાં બરા-
બર એકાગ્ર થઈ શકતું નથી. તેથી આ કાવ્યમાં એવી શિક્ષા આપવામાં
આવે છે કે-હે ભવ્ય પ્રાણી ! જો તારે કોઈપણ કાર્ય બરાબર કરવું
હોય તો પ્રથમ સારાસાર કાર્યનો વિચાર કર અને પછી તેમાં જે
કાર્ય સારભૂત જણાય તે કાર્ય કરવાનો પ્રયત્ન કર. કેમકે માત્ર એ-
કાદ કાર્યજ જો કર્તવ્યપણે નક્કી થશે અને તેમાંજ પૂરતો પ્રયત્ન
કરવામાં આવશે તો તે કાર્ય બરાબર થશે અને ચિત્તને પણ વિશ્રાંતિ
મળશે. જેઓ તમામ કાર્યમાં મચ્યા રહે છે તે એક પણ કાર્ય યથા-
સ્થિત કરી શકતા નથી તેમજ તેને સારાસારની વહેંચણ કરતા આવ-
ડતી નથી એમ સિદ્ધ થાય છે. ખરા તત્ત્વની પ્રાપ્તિ પણ તેને થઇ
શકતી નથી, કેમકે જેની તત્ત્વો જાણવાની કે મેળવવાની ઇચ્છા હોય
છે તે પ્રથમ તત્ત્વાતત્ત્વની ગવેષણા કરે છે અને અતત્ત્વને તજી
દઇ તત્ત્વ મેળવવાનોજ પ્રયત્ન કરે છે. આ પ્રમાણે થવાથી ખરા
સારભૂત કાર્યને તે યથાર્થ કરી શકે છે અને તેમાં તેનું ચિત્ત વિ-
શ્રાંતિને પામે છે. આત્મહિત પણ ત્યારેજ થઇ શકે છે. આ જગતમાં
ઘણા ઉદ્યોગપરાયણ મનુષ્યો અનેક કાર્યમાં માથું મારતા દૃષ્ટિગોચર
થાય છે પરંતુ તેઓ એક પણ કાર્ય પૂર્ણ કરી શકતા નથી. જેઓ
ઉપસ્થિત થતા સર્વ કાર્યમાંથી ખરી જરૂરના—અગત્યના—વિશેષ લા-
ભકારી—સ્વપર હિતકારી—આત્માને શાંતિ આપનારા કાર્યને શોધી
તેમાંજ પોતાની શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરે છે તેઓજ ખરી વિ-
શ્રાંતિ ને આત્મહિત મેળવે છે. અને તેઓજ કાર્યપરીક્ષામાં પણ
પ્રવીણ ગણાય છે. ૩૫.

अथ ग्रन्थकारः प्रशमसुखमाप्तमात्मानं ज्ञात्वा मोक्षमार्गे चित्तसमाधावुपादिशन्निदं प्रकरणमुपसंहरति—

शमसुखरसलेशाद् द्वेष्यतां संप्रयाता,
विविधविषयभोगात्यन्तवाञ्छाविशेषाः ।
परमसुखमिदं यद्भुज्यतेऽन्तःसमाधौ,
मनसि सति तदा ते शिष्यते किं वदान्यत् ॥२६

व्याख्या—हे आत्मन् । विविधविषयभोगात्यन्तवाञ्छाविशेषा विविधा अनेकप्रकारा ये विषयभोगाः शब्दादिविषयानुभवास्तेषु येऽत्यन्तवाञ्छाविशेषा उत्कटलोलुपताविशेषाः पूर्वं तव मनसि स्थिता आसन्नित्यर्थः तेऽधुना शमसुखरसलेशात् शमेन मनःप्रशमेन यत्सुखं साम्यावस्थारूपआनन्दस्तदेव रसोऽमृतनिस्यन्दस्तस्य लेशो लवस्तस्मात् पूर्वोक्तोपदेशरहस्यचिन्तनेन प्राप्तादित्यर्थः, द्वेष्यता द्वेष्टुं योग्या द्वेष्या इमे विषयभोगाभिलाषा ज्ञानाद्यात्मगुणनाशकत्वात् शत्रुतुल्या एवेति कृत्वा, तेषां भावस्तत्ता तामरुचिकरतामिति यावत् संप्रयाताः प्राप्ताः । प्रशमसुखरसेन यत्त्वया विषयाभिलाषा नाशितास्तदहमनुमोदे इति तात्पर्यं । एवं सत्यप्येतावदेवेच्छामीत्याह—परमसुखेत्यादि, यत् यदि अन्तःसमाधौ केवलात्मस्वरूपे आभ्यन्तरसमाधौ विषये मनसि सति चित्ते स्थिते सति इदं योगिजनप्रत्यक्षमात्मन्येव साक्षात् स्थितं परमसुखं सच्चिदानन्दरूपमनन्तज्ञानादिचतुष्टयात्मकं वा मोक्षसुखं भुज्यतेऽनुभूयते त्वयेति शेषः, तदा तर्हि वद त्वं कथय ते तवान्यत् परम-

सुखाद्व्यतिरिक्तं किं किंनामकं सुखं शिष्यतेऽप्राप्तेनावशिष्यते ? मोक्षसुखमेव सौख्यसर्वस्वं, ततोऽन्यत्सुखमेव नास्तीत्यर्थः। अतो मनः-समाधिना मोक्षसुखप्राप्तये एव यतितव्यमित्येवमात्रमेव तत्रोपदेशावशेष इति ग्रन्थकर्तुः स्वानुभवप्रकाश इति तत्त्वम् ॥ ३६ ॥

॥ इति हृदयप्रदीपषट्त्रिंशिका सटीका समाप्ता ॥

અર્થ—ઉપશમ સુખનો જે રસ તેના લેશની પણ પ્રાપ્તિ થાય છે તો તેથી વિવિધ પ્રકારના વિષયભોગની જે અત્યંત વાંચ્છા હોય છે તેની ઉપર દ્વેષબુદ્ધિ—અરૂચિ ઉત્પન્ન થાય છે, અને તેથી અંતઃકરણની સમાધિ પ્રાપ્ત થાય છે, એટલે તે પ્રાણી મનને વિષે પરમ સુખને ભોગવે છે. આ બંને વાનાની—ઉપશમ સુખની અને અંતઃકરણની સમાધિની પ્રાપ્તિ ઉપર કહેલા વાક્યોનું સંપૂર્ણ પ્રકારે મનન કરવાથી થઈ શકે છે. એ ઉપરાંત આ પ્રાણીને બીજું કાંઇ શીખવાનું પણ નથી. એ બે વાત શીખાય એટલેજ બસ છે. માટે તેને સારૂ અહર્નિશ પ્રયત્ન કરવો, જેથી આત્મિક સુખની પ્રાપ્તિ થાય. ૩૬.

ભાવાર્થ—આ જગતમાં આત્મહિત ઇચ્છક મનુષ્યને પ્રાપ્ત કરવાની વસ્તુ બેજ છે. ઉપશમ સુખ અને અંતઃકરણની સમાધિ. એ બેની અંદર કાર્ય કારણ ભાવ પણ રહેલો છે. કારણકે ઉપશમ સુખથી અંતઃકરણની સમાધિ પ્રાપ્ત થાય છે. આ આખા કાવ્યમાં જે હિતશિક્ષા આપી છે. તે આ બે વસ્તુની પ્રાપ્તિ માટેજ આપવામાં આવી છે. હૃદયની અંદર રહેલ અજ્ઞાનાંધકારને દૂર કરી તેમાં જ્ઞાનપ્રદીપ પ્રગટ કરવાનોજ આ કાવ્યકારનો પ્રયત્ન છે અને તેથીજ આ કાવ્યનું નામ [illegible] રાખેલું છે. અને તેની અંદર ૩૬ કાવ્ય હોવાથી [illegible]

अथ ग्रन्थकारः प्रशमसुखप्राप्तमात्मानं ज्ञात्वा मोक्षप्राप्तये चिरसमाधावुपदिशन्निदं प्रकरणमुपसंहरति—

शमसुखरसलेशाद् द्वेष्यतां संप्रयाता,
विविधविषयभोगात्यन्तवाञ्छाविशेषाः ।
परमसुखमिदं यद्भुज्यतेऽन्तःसमाधौ,
मनसि सति तदा ते शिष्यते किं वदान्यत् ॥२६॥

व्याख्या—हे आत्मन् । विविधविषयभोगात्यन्तवाञ्छाविशेषा विविधा अनेकप्रकारा ये विषयभोगाः शब्दादिविषयानुभवास्तेषु येऽत्यन्तवाञ्छाविशेषा उत्कटलोलुपताविशेषाः पूर्वं तव मनसि स्थिता आसन्नित्यर्थः तेऽधुना शमसुखरसलेशात् शमेन मनःप्रशमेन यत्सुखं साम्यावस्थारूपआनन्दस्तदेव रसोऽमृतनिस्यन्दस्तस्य लेशो लवस्तस्मात् पूर्वोक्तोपदेशरहस्यचिन्तनेन प्राप्तादित्यर्थः, द्वेष्यता द्वेष्टुं योग्या द्वेष्या इमे विषयभोगाभिलाषा ज्ञानाद्यात्मगुणनाशकत्वात् शत्रुतुल्या एवेति कृत्वा, तेषां भावस्तत्ता तामरुचिकरतामिति यावत् संप्रयाताः प्राप्ताः । प्रशमसुखरसेन यत्त्वया विषयाभिलाषा नाशितास्तदहमनुमोदे इति तात्पर्यं । एवं सत्यप्येतावदेवेच्छामीत्याह—परमसुखेत्यादि, यत् यदि अन्तःसमाधौ केवलात्मस्वरूपे आभ्यन्तरसमाधौ विषये मनसि सति चित्ते स्थिते सति इदं योगिजनप्रत्यक्षमात्मन्येव साक्षात् स्थितं परमसुखं सच्चिदानन्दरूपमनन्तज्ञानादिचतुष्टयात्मकं वा मोक्षसुखं भुज्यतेऽनुभूयते त्वयेति शेषः, तदा तर्हि वद त्वं कथय ते तवान्यत् परम-

सुखाद्व्यतिरिक्तं किं किनामकं सुखं विद्यतेऽभ्यासतेनावाञ्छ्यते ?
मोक्षसुखमेव सौख्यसर्वस्वं, ततोऽन्यत्सुखमेव नास्तीत्यर्थः। अतो मनः-
समाधिना मोक्षसुखप्राप्तये एव यतितव्यमित्येतन्मात्रमेव तत्रोपदेशवचोप
इति ग्रन्थकर्तुः स्वानुभवप्रकाश इति तत्त्वम् ॥ ३६ ॥

॥ इति हृदयप्रदीपषट्त्रिंशिका सटीका समाप्ता ॥

અર્થ—ઉપશમ સુખનો જે રસ તેના લેશની પણ પ્રાપ્તિ થાય
છે તો તેથી વિવિધ પ્રકારના વિષયભોગની જે અત્યંત વાંચ્છા હોય
છે તેની ઉપર દ્વેષબુદ્ધિ—અરૂચિ ઉત્પન્ન થાય છે, અને તેથી અંતઃ-
કરણની સમાધિ પ્રાપ્ત થાય છે, એટલે તે પ્રાણી મનને વિષે પરમ
સુખને ભોગવે છે. આ બંને બાબતની—ઉપશમ સુખની અને અંતઃકરણની
સમાધિની પ્રાપ્તિ ઉપર કહેલા વાક્યોનું સંપૂર્ણ પ્રકારે મનન કરવાથી
થઈ શકે છે. એ ઉપરાંત આ પ્રાણીને બીજું કાંઈ શીખવાનું પણ
નથી. એ બે વાત શીખાય એટલેજ બસ છે. માટે તેને સારૂ અહ-
નિશ પ્રયત્ન કરવો, જેથી આત્મિક સુખની પ્રાપ્તિ થાય. ૩૬.

ભાવાર્થ—આ જગતમાં આત્મહિત ઇચ્છક મનુષ્યને પ્રાપ્ત કર-
વાની વસ્તુ બેજ છે. ઉપશમ સુખ અને અંતઃકરણની સમાધિ. એ
બેની અંદર કાર્ય કારણ ભાવ પણ રહેલો છે. કારણકે ઉપશમ સુખથી
અંતઃકરણની સમાધિ પ્રાપ્ત થાય છે. આ આખા કાવ્યમાં જે હિત
શિક્ષા આપી છે. તે આ બે વસ્તુની પ્રાપ્તિ માટેજ આપવામાં આવ
છે. હૃદયની અંદર રહેલ અજ્ઞાનાંધકારને દૂર કરી તેમાં જ્ઞાનપ્રદીપ પ્રક
કરવાનોજ આ કાવ્યકારનો પ્રયત્ન છે અને તેથીજ આ કાવ્યનું ના
હૃદય પ્રદિપ રાખેલું છે. અને તેની અંદર ૩૬ કાવ્ય હોવાથી તે

ષટ્‌ત્રિંશિકા શબ્દ જોડવામાં આવ્યો છે. જે પ્રાણીને ઉપશમ સુખને લેશ પણ પ્રાપ્ત થાય છે તેને પછી સાંસારિક વિષયજન્ય સુખ ઉપર અભાવ-અપ્રીતિ-અરૂચિ ઉત્પન્ન થાય છે અને તેને વિશેષ વિશેષ મેળવવાની વાંચ્છા તો સર્વથા નાશજ પામી જાય છે. આ પ્રમાણે થવાથી તેને અંતઃકરણની સમાધિની ક્રમે ક્રમે પ્રાપ્તિ થતી જાય છે. આ જગતમાં મનુષ્યપણું પામીને ખરૂં શીખવાનું એજ છે. જે પ્રાણી એટલું શીખ્યો અને તેનું અનુકરણ કર્યું-તદ્યોગ્ય પ્રયત્ન કર્યો તે પ્રાણી અવશ્ય આત્મહિત કે જે પરમ કષ્ટે સાધ્ય થઇ શકે તેવું છે તેને સાધે છે અને આદ્યશ્લોકમાં કહ્યા પ્રમાણે તેના હૃદયમાં ખરેખરો વિવેક પ્રકટે છે. જે વિવેક તેને અનુક્રમે પરમાનંદ સુખ પ્રાપ્ત કરી આપવાના જામીનરૂપ છે. આ કાવ્ય પણ જો અક્ષરશઃ વાંચવામાં આવે-તેનો અર્થ વિચારવામાં આવે અને મનન કરવામાં આવે તો પરમાનંદ પ્રાપ્ત કરી આપે તેમ છે. ખરેખરો હૃદયમાં પ્રદીપ પ્રકટ્યો ત્યારેજ કહેવાય કે તેમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. આ કાવ્યકારનો સર્વ પ્રયત્ન તેને માટેજ છે અને અમે પણ તેના અર્થનું વિવેચન કરવાનો જે પ્રયત્ન સેવ્યો છે તે તે હેતુ માટેજ સેવેલો છે. જે ભવ્ય જીવો તેનો યોગ્ય ઉપયોગ કરશે તે આત્મહિત પ્રાપ્ત કરશે અને અમારો પ્રયત્ન પણ સફળ થશે. તથાસ્તુ.

ઇતિ શ્રી હૃદય પ્રદીપ છત્રીશી.

અર્થ યુક્ત સંપૂર્ણ.

